ભગવાન મહાવીરના

દશ ઉપાસકો

અનુવાદક:

અધ્યાપક બેચરદાસ દોશી

શ્રી પૂંજાભાઈ જૈન ગ્રંથમાલા-૪

ભગવાન મહાવીરના દશ ઉપાસકો

[ઉવાસગદસાઓ]

અનુવાદક :

અધ્યાપક બેચરદાસ દોશી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,

અમદાવાદ

ઈ. સ. ૧૯૩૧

કિં૦ આઠ આના

પ્રકાશક:
શંભુલાલ જગશી શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરોડ, અમદાવાદ

પ્રથમ આવૃત્તિ
પ્રત ૧૧૦૦

મુદ્રણસ્થાન :: ઉત્કૃષ્ટ મુદ્રણાલય
મુદ્રક : પુરુષોત્તમદાસ શંકરદાસ પટેલ
ગાંધીરોડ, :: :: અમદાવાદ

અર્પણ

ભગવાન મહાવીરના અનન્ય ઉપાસક
સદ્ગત શ્રીમાન કવિશ્રી રાયચંદભાઈને

સેવક
બેચરદાસ

અનુક્રમણિકા

અનુવાદકનું નિવેદન

આર્યસંસ્કૃતિના સાહિત્યમાં સંયમધર્મ તરફ વળતાં અને તેને વરેલાં એવાં મનુષ્યોનાં ચરિત્રોની રૂપરેખા જાળવી રાખવાની પ્રથા સનાતન જેવી છે. ઉપનિષદો, મહાભારત અને પુરાણગ્રંથોમાં આવાં અનેક ચરિત્રો આપણને વાંચવા મળે છે. "બૌદ્ધસંઘનો પરિચય"માં બુદ્ધભગવાનના અનુયાયી મહાશ્રાવકો (ભિક્ષુઓ), મહાશ્રાવિકાઓ (ભિક્ષુણીઓ) અને ઉપાસકો (ગૃહસ્થો) તથા ઉપાસિકાઓનાં ચરિત્રો મૂળગ્રંથોમાંથી લઈને વર્ણવેલાં છે. જૈનધર્મના મૂળભૂત સાહિત્યમાંના આ સાતમા અંગમાં ભગવાન મહાવીરના દશ ઉપાસકોના ગૃહસ્થાશ્રમની આછી રૂપરેખા બતાવવામાં આવી છે. તેમાં મુખ્યત્વે તેઓનું સંયમ તરફનું વલણ બતાવવાનો જ સૂત્રકારનો ઉદ્દેશ છે.

આચાર્ય હેમચંદ્ર લખે છે કે ભગવાન મહાવીરનો શ્રાવક-પરિવાર એક લાખ, ઓગણસાઠ હજાર શ્રાવકોનો હતો અને શ્રાવિકાપરિવાર ત્રણ લાખ, અઢાર હજાર શ્રાવિકાઓનો

હતો. એ બધામાંથી આપણી સામે માત્ર દશ ઉપાસકોનો જ વૃત્તાંત રજૂ કરવામાં આવ્યો છે. એથી એમ કલ્પી શકાય કે એક લાખ કરતાં વધારે શ્રાવકોમાં કેવળ નમૂના તરીકે જ આ દશ શ્રાવકો સૂત્રમાં લીધા હોય.

બૌદ્ધધર્મના પિટક સાહિત્યમાં ઉપાસિકાઓનાં ચરિત્રો પણ જળવાયાં છે. ત્યારે જૈન અંગસૂત્રોમાં ચરિત્ર બતાવવાની દૃષ્ટિએ માત્ર ઉપાસકો જ વર્ણવ્યા છે અને તે પણ આટલા જ.

તમામ વર્ણ કે જાતિનાં સ્ત્રી અને પુરુષને સમાનભાવે જોનાર અને સમાન સ્થિતિનાં અધિકારી ગણનાર ભગવાન મહાવીરના મુખમાં મુકાયેલા આ સૂત્રમાં સદ્દાલપુત્ર કુંભારની હકીકત આવે એમાં નવાઈ નથી. પણ એક પણ ઉપાસિકાનું સ્વતંત્ર વર્ણન નથી એ શું આશ્ચર્ય ઉપજાવે એવું નથી?

આ સૂત્રમાં કયી કયી હકીકતો આવે છે એની ઠીકઠીક નોંધ ચોથા અંગ સમવાયસૂત્રમાં અને શ્રુત (શાસ્ત્ર) ગ્રંથનો પરિચય આપનારા નંદીસૂત્રમાં પણ મળે છે. (જુઓ આ પુસ્તકનું જ પૃ. ૬૨. ટિ. ૮) તેથી ઉપાસિકાઓ વિષે કશો જ નિર્દેશ આ સૂત્રમાં નથી એમ સ્પષ્ટ જણાય છે,

પણ ટીકાકારો લખે છે કે આ સૂત્રમાં ૧૧ લાખ અને ૫૨ હજાર પદો છે. ૧૦ પદોનો એક અનુષ્ટુપ શ્લોક ગણીએ તો આ સૂત્રમાં બધા મળીને લાખ શ્લોક તો થાય જ. પણ અત્યારે તો આપણી સામે આ સૂત્ર માત્ર ૮૧૨ શ્લોક પ્રમાણ જ છે. સંભવ છે કે સ્ત્રીજાતિ તરફની ઉપેક્ષાના સમયની અસરે આપણને કદાચ ભગવાન મહાવીરની ઉપાસિકાઓના વર્ણનથી વંચિત રાખ્યા હોય.

અનુવાદકનું નિવેદન

આચાર્ય સિદ્ધસેન દિવાકર (સન્મતિ પ્રકરણ) કહે છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પર્યાય, દેશ, સંયોગ અને ભેદ એ બધું[1] લક્ષમાં રાખીને તત્ત્વની વિચારણા, પ્રરૂપણા કે આચારની યોજના કરવી. આ રીતે આ સૂત્રને સમજવાની દૃષ્ટિ આપણા આધુનિક કેળવણીના આચાર્યશ્રીની પ્રસ્તાવનામાંથી વાંચકો સુલભ રીતે મેળવી શકશે તથા પરધર્મ કે પરધર્મીનો પરિચય સરખો ન કરવાના બધા ધર્મોના સાંકડા આદેશનો ખરો અર્થ પણ સમજી શકશે.

જેઓ સમભાવને ચાહનારા અને પોષનારા છે તેઓને આ અનુવાદનાં ટિપ્પણોમાંથી વૈદિક, જૈન અને બાૈદ્ધ સંસ્કૃતિની એકવાકયતા જડયા વિના રહેવાની નથી.

વૈદિક ગૃહ્યસૂત્રો જુઓ, વિનયપિટક જુઓ કે આ ઉવાસગદસાઓ જુઓ, તો તે ત્રણેમાં ગૃહસ્થ ઉપાસકોની અહિંસા અને સંયમને છાજે તેવી રહેણીકરણી બતાવેલી છે.

છતાં જ્યાં સુધી તે તે સ્મૃતિઓ કે સૂત્રોને અનુસરનારા એવું જીવન જીવવા પ્રયત્ન ન કરે ત્યાં સુધી તેઓ એ સૂત્રોની પણ ફજેતી જ કરે છે એમ કહેવામાં શું ખોટું છે? વૈદિક ધર્મમાં

---

(૧)અહીં દ્રવ્ય એટલે જિજ્ઞાસુ,ક્ષેત્ર એટલે તેની ભાૈગોલિક પરિસ્થિતિ, કાળ એટલે વખત, ભાવ એટલે જિજ્ઞાસુની શકિત, પર્યાય એટલે એ શકિતનાં પ્રકાશમાં આવેલાં કાર્યો, દેશ એટલે તેનું વર્તમાન નિવાસસ્થાન, સંયોગ એટલે તેની આજુબાજુની પરિસ્થિતિ અને ભેદ એટલે જિજ્ઞાસુના અનેક પ્રકારે. આટલી વસ્તુઓ ઉપર ધ્યાન આપીને ઉપદેશક કે જિજ્ઞાસુ આચાર કે તત્ત્વને સમજાવવા કે સમજવાનો પ્રયત્ન કરે તો તે જીવનસ્પર્શી થઈ જીવનને લાભ પહોંચાડનાર થઈ શકે.

બતાવેલી જીવનચર્યા માત્ર શુષ્ક ક્રિયાકાંડમાં ફેરવાઈ ગઈ ત્યારે તેનો પુનરુદ્ધાર કરવા જૈનસૂત્રોએ અને બૌદ્ધ પિટકોએ પ્રયત્ન કર્યો. હવે જ્યારે જૈનસૂત્રો અને બૌદ્ધ પિટકોને અનુસરનારાઓએ તે તે પોતાનાં માનેલાં શાસ્ત્રોને દાદ ન દીધી ત્યારે આ રાષ્ટ્રીય યુગના સૂત્રધારો માનવની નબળાઈ કાઢવા મથી રહ્યા છે. એમ અહિંસામૂલક બધાં શાસ્ત્રો, સૂત્રકારો કે યુગપ્રવર્તકો अभ्युत्थानमधर्मस्य, तदात्मानं सृजाम्यहम् આ ગીતાના ન્યાયે આવ્યા જ કરે છે.

આ ઉપરથી સહજમાં સમજાશે કે વૈદિક, જૈન કે બૌદ્ધ સંસ્કૃતિ એક બાજીની કેટલી બધી પોષક છે તથા તેઓ પરસ્પર ભાગીદારીમાં ચાલી આવતી પેઢીઓની જેમ કેવું અતિઉપયોગી કામ પછીની પેઢીઓ માટે કરતી આવી છે.

સર્વધર્મસમભાવના તત્ત્વ જેવું બીજું કોઈ તત્ત્વ ચિત્તશુદ્ધિનું પોષક નથી. આ ગ્રંથમાળાના મણકા એ તત્ત્વની વૃદ્ધિને માટે પ્રજાને ઉપયોગમાં આવે એ ઇષ્ટતમ છે.

અનુવાદની શૈલી "ભગવાન મહાવીરની ધર્મકથાઓ" જેવી રાખેલી છે. ઉપયોગી ટિપ્પણો અને શબ્દકોશ પણ પાછળ ઉમેરવામાં આવ્યાં છે. અનુવાદમાં કેટલાક શબ્દો અર્થની શુદ્ધ સમજણને માટે મૂળ જેવા જ રાખવા પડયા છે. પણ તેમનો કેટલોક ખુલાસો વાંચકો કોશમાંથી મેળવી લેશે.

આ ગ્રંથમાળાના મણકાઓ તૈયાર કરવામાં શ્રી. ગોપાલદાસભાઈનો સહકાર મારે માટે ખાસ સ્મરણીય છે.

અનુવાદકનું નિવેદન

શ્રીમાન કાકા સાહેબની લખેલી પ્રસ્તાવનાને સમજવા તરફ ફરીવાર વાંચકોનું ખાસ ધ્યાન ખેંચું છું.

બેચરદાસ દોશી

તા. ક. “ભગવાન મહાવીરની ધર્મકથાઓ”માં પૃષ્ઠ ૧૭૭ માં ‘મહાવીર’ના ચોથા ટિપ્પણમાં ૪૨ ના આંકને બદલે ૩૦ નો આંક સમજવો અને પૃષ્ઠ ૨૧૬ માં ‘રૈવતક’ના ટિપ્પણમાં ૨૩ ને બદલે ૨૨ નો આંક સમજવો.

"સત્પુરુષ ધર્મ"

આ ગ્રંથમાં ભગવાન મહાવીરના દસ ઉપાસકોની અવસ્થા વિષે કેવળ ટૂંકી નોંધો છે. આ દસેદસ ઉપાસકો સંપત્તિશાળી અને વ્યવહારકુશળ ગૃહપતિઓ છે. એમણે પોતાની સંપત્તિનો પ્રમાણસર વિભાગ કર્યો છે, કઠણ પ્રસંગે કામ આવે એટલા માટે અમુક સંપત્તિ સ્થાયીનિધિ તરીકે અલગ રાખી છે, અમુક બીજા વેપારીઓને અથવા ગરજુ લોકોને મૂડી તરીકે ધીરેલી છે અને અમુક પોતાના વેપાર માટે તેમ જ નિત્યખર્ચ માટે રાખેલાં છે. ગામડાંનું મુખ્ય ધન જે ગાયો તે એમની પાસે હજારોની સંખ્યામાં છે. એક જણ પાસે તો પાંચસો પેઠો (બજારો) છે. આ ઉપાસકો અનેક વેપારીઓને અને વણજારાઓને ઉત્તમ સલાહ આપે છે. કુટુંબી જનો એમની સલાહ લઈ એમને પૂછીને પોતાનાં કાર્યો કરે છે. વિવિધ પ્રવૃત્તિઓ કેમ વધારવી એ બરાબર જાણતાકરતા હોવાથી આખો સમાજ જાણે એમના ઉપર આધાર રાખીને ચાલતો હોય એવી રીતે

સમાજમાં એમને પ્રતિષ્ઠિત સ્થાન છે. સામાન્ય રીતે એમનો ગૃહસ્થાશ્રમ પણ સુખેથી ચાલે છે. પ્રવૃત્તિથી થાકી જાય એટલે પોતાના હાથ તળે તૈયાર થયેલા પોતાના દીકરાઓને બધો વહેવાર સોંપી નિવૃત્ત થવાની એમની તૈયારી હોય છે. આ દસ જણુમાંથી નવ જણુને એક એક પત્ની છે. એક જ એવો છે કે જેને રેવતી આદિ તેર સ્ત્રીઓ છે.

આપણે જેને સુખી સમાજ કહીએ છીએ એવા સમાજનું આ ચિત્ર છે. આ બધા વૈશ્યો સમાજસેવા કરીને જ પ્રતિષ્ઠિત થયેલા છે. એમને આત્મિક કલ્યાણની તરસ લાગવાથી તેઓ તત્ત્વજ્ઞાન ખોળે છે અને કોઈ પણ એક જીવનસિદ્ધાંત ગળે ઊતરે કે એ પ્રમાણે જીવન ગાળવાનો એમનો આગ્રહ પણ દેખાઈ આવે છે. શક્તિશાળી, દૃઢ નિશ્ચયી, ઉતાવળા એમ અનેક પ્રકારના ઉપાસકો ભગવાનના અંતેવાસી થઈ દીક્ષા ગ્રહણ કરે છે. આ વ્યવહારકુશળ ઉપાસકોને પોતાની શક્તિ અશક્તિનો પૂરતો ખ્યાલ છે. વિલાસી જીવન એકદમ શી રીતે છૂટે ? એટલે ધર્મની સમજ થયા છતાં, તેઓ પરમ આદર્શ ધ્યાનમાં રાખી પોતાની શક્તિ પ્રમાણે સૌમ્ય વ્રતો લઈ ધીમે ધીમે આગળ વધે છે. જેઓ ઉતાવળે ગૃહત્યાગ કરે છે તેમને ભાગે પસ્તાવાનું, ચિડાવાનું, પાછા પડવાનું કે વિકૃત જીવન ગાળવાનું આવે છે. એવાઓના દાખલા 'ધર્મકથાઓ'માં આપણે જોયા છે. આ કુશળ વૈશ્યો એવી ભૂલ કરતા નથી. સમજણમાં સહેજ ભૂલ થાય, કોકના ઉપર જરાક ક્રોધ થઈ જાય તો તેઓ તરત એનું પ્રાયશ્ચિત્ત કરી સાફ થઈ જાય છે અને આગળ વધે છે. એમની આ યથાક્રમ પ્રગતિ જોઈ ભગવાન મહાવીર પણ સંતુષ્ટ થાય

છે અને પોતાના સંન્યાસી નિર્ગ્રંથોને આ વૈશ્યોના જીવન ઉપરથી બોધ લેવાનું સૂચવે છે. અને એ શ્રમણનિર્ગ્રંથો પણ આ ઉપાસકોની પ્રગતિ જોઈ નમ્રપણે વિનયથી ભગવાનની શિખામણ સ્વીકારે છે. લીધેલી દીક્ષા યોગ્ય રીતે પાળવાની શક્તિ હવે શરીરમાં રહી નથી એવો અનુભવ થાય એટલે 'સંયમધર્મ પાળવો શક્ય હોય ત્યાં સુધી જ શરીર ટકાવાય' એ બોધ સાચો કરવા તેઓ શરીરનો લોભ ન રાખતાં આહાર ઘટાડીને અથવા તદ્દન બંધ કરીને સ્વેચ્છાએ મૃત્યુને ભેટે છે અને આ રીતે મરણાંત સુધી સ્મૃતિયુક્ત અને સમાધિ-પરાયણ રહે છે. મરણ આવીને ઝડપી જાય એવી દયામણી સ્થિતિમાં તેઓ રહેવા નથી માગતા. માણસની પ્રતિષ્ઠા એમાં જ રહેલી છે કે સમય સમજી એ પોતાની મેળે પોતાનું મરણ નક્કી કરે અને તેને અમલમાં મૂકે.

પુરાણોના દેવોની પેઠે જૈન શાસ્ત્રોના દેવો પણ તપસ્યાના બીકણ હોય છે. કોઈ ઉગ્ર તપસ્યા કરે તો એને એમાંથી ચળાવી નીચે પાડવાનો પ્રયત્ન ન કરે તો એ દેવો શાના? આપણા ઉપાસકોને ચળાવવા માટે પણ દેવો આવ્યા. માણસ નિર્વાણની ઇચ્છા રાખે, મોક્ષનો પિપાસુ હોય તો દેવોને મન એ અધમાધમ લક્ષણવાળો છે. પોતાની માયા વડે દેવો એની આગળ એના પુત્રના કકડા કરી બતાવે અને એ કકડા રાંધીને એના શરીર પર લોહી માંસના છાંટા ઉડાડે!

ઉપાસકો ગમે તેટલા નિર્ભય હોય તોય આખરે માણસ ખરા. દીકરાના કકડા જોઇને પણ જે ચલાયમાન ન થયો તે પોતાની માતાના વધની બીક બતાવતાંવેંત સામે થવા તૈયાર

થયો. બીજો એક શરીરમાં સોળ રોગ ઉત્પન્ન કરવાની બીક બતાવતાં અસ્વસ્થ થયો. ત્રીજો ધનને કારણે, ચોથો સ્ત્રીને કારણે. વળી એક જણે અંતિમ ઘડીએ ક્રોધ કરીને પોતાની સ્ત્રીને શાપ આપ્યો અને થોડુંક તપ ખોયું. પણ જ્યારે ભગવાને કહ્યું કે અંતિમ સલેખનાને સ્વીકારીને રહેતા શ્રમણોપાસકે કોઈને સાચું હોય તો પણ અનિષ્ટ અને અપ્રિય વચનોથી કાંઈ કહેવું ન ઘટે ત્યારે એણે તરત પ્રાયશ્ચિત્ત કર્યું.

સાધારણ રીતે શિષ્યો ગુરુની કહી વાત કેવળ શ્રદ્ધાથી જ ગ્રહણ કરે છે. ગુરુનું કહ્યું સાચું હોવું જ જોઈએ એ જાતની આસ્તિક બુદ્ધિ હોવાથી એ વાત સ્વીકારતાં એમને મુશ્કેલી નથી નડતી. પરિણામે એમને આવી વસ્તુ દાખલા દલીલથી સિદ્ધ કરતાં નથી આવડતી. પછી સામા પક્ષની દલીલ તોડવાની તો વાત જ શી. તેથી જ્યારે ગૃહપતિ કુંડકોલિક ગોશાલ પક્ષના એક દેવને નિરુત્તર કરી શક્યો ત્યારે ભગવાને એનાં ખાસ વખાણ કર્યાં.

ભગવાન બુદ્ધ તથા મહાવીરના કાળમાં બાસઠ કે ત્રેસઠ સ્વતંત્ર ધર્મોપદેશકો ફરતા હોવાનો ઉલ્લેખ છે. જેમ વેપારીઓ ધન મેળવવાનો પ્રયત્ન કરે, રાજાઓ રાજ્ય મેળવવાનો પ્રયત્ન કરે અથવા ગયેલું રાજ્ય પાછું મેળવવા મથે તેમ તે વખતે ધર્મોપદેશકો અને ધર્મસંસ્થાપકો શિષ્યો મેળવવા, સાચવવા અને ગયેલાઓને પાછા જીતવા ઇંતેજાર રહેતા. સદ્દાલપુત્રની વાર્તામાં સદ્દાલપુત્રને પ્રથમ મંખલિપુત્ર ગોશાલનો શિષ્ય બતાવ્યો છે. ત્યાં એક દેવ (આ દેવ સારો લાગે છે) એને ભગવાન મહાવીરને શરણે જવાનું સૂચવે છે. ભગવાને એની સાથે ચર્ચા

કરતાં જે ચાતુર્યભરી દલીલો કરો છે તે મહાવીરની વાદ-કુશલતા બતાવે છે. નિયતિવાદ તમામ પુરુષાર્થને કેમ હણે છે, જવાબદારીનો નાશ કેમ કરે છે એ એમણે ત્યાં ટૂંકામાં બતાવ્યું છે.

આ વાણિયા વેપારીઓ મહાવીર પાસેથી ઉદ્ધારનો રસ્તો મેળવ્યા પછી કૃતજ્ઞતાથી મહાવીરને જે વિશેષણો લગાવે છે તે પણ વૈશ્ય જીવનને અનુરૂપ જ છે. મહાવીર મહાગોપ છે, કેમકે સંસાર અટવીમાં ભમતા જીવોનું તે રક્ષણ કરનાર છે. તે મહાસાર્થવાહ પણ છે, કેમકે તે જીવોનું ધર્મરૂપ પંથ વડે રક્ષણ કરી તેમને નિર્વાણરૂપ મહાનગરમાં પહોંચાડનાર છે. તે મહાધર્મકથી પણ છે, કેમકે સન્માર્ગથી ભ્રષ્ટ થયેલા અને અસત્યથી પરાજીત થયેલા જીવોને ઘણી સમજૂતી અને બોધ આપીને સંસાર–કાંતારથી પાર ઉતારનાર છે. તે મહાનિર્યામક છે, કેમકે તે સંસારરૂપ મહાસમુદ્રમાં નાશ પામતા, વિનાશ પામતા, ડૂબતા અને ગળકાં ખાતા જીવોને ધર્મરૂપ નાવ દ્વારા પાર ઉતારીને નિર્વાણને કાંઠે પહોંચાડનાર છે. આ બધાં વિશેષણો વૈશ્ય જીવન સાથે સંબંધ ધરાવે છે. મહાવીરના ધર્મોપદેશની સિદ્ધિ આ વિશેષણો મારફતે વિશેષ રીતે વ્યક્ત થાય છે. આવા શ્રદ્ધાવાન ગૃહપતિઓ પોતાની સ્ત્રીઓને પણ એટલી જ છૂટ આપે છે. ભગવાન મહાવીરનો ઉપદેશ ગળે ઊતરે કે તરત પોતાની પત્નીઓને એ જ ઉપદેશ સ્વતંત્ર રીતે સાંભળવા મોકલી દે છે જેથી તેઓ જે કાંઈ દીક્ષા લેવી હોય તે સ્વેચ્છાએ લે અને જ્યાં પોતાની મર્યાદા જડે ત્યાં થોભી જાય.

આવા સુંદર વાતાવરણમાં ગૃહસ્થ ઉપાસકોએ કેવાં કેવાં

વ્રતો લેવાં જોઈએ, કઈ રીતે જીવન ગાળવું જોઈએ, ઓછામાં ઓછો ધર્મનો કેટલો ભાગ એમણે પાળવો જ જોઈએ અને કઈ ઢબે આગળ વધવાથી સંપૂર્ણ ધર્મનું પાલન થઈ શકે તે બધું આ નોંધસંગ્રહમાં બતાવવામાં આવ્યું છે.

જૈન ધર્મ જેવો ઉત્કટ ધર્મ—મોક્ષધર્મ—એકાએક આચરણમાં ન જ મુકાય. એટલે એની સૌમ્ય આવૃત્તિઓ તૈયાર કર્યા વિના ચાલે જ નહિ તેથી શિષ્યોને ચડાવવામાં અત્યંત કુશળ એવા માનસશાસ્ત્રી મહાવીરે તેમને ચડવાના માર્ગ અને ક્રમ સુંદર રીતે ગોઠવી આપ્યા છે.

જ્ઞાનમાત્ર સાપેક્ષ છે, માણસનો અનુભવ એકાંગી હોય છે એમ કહેનાર જૈન ધર્મ કોઈ પણ સંપ્રદાયનો આત્યંતિક વિરોધ તો ન જ કરી શકે. તત્ત્વજ્ઞાનનું રત્ન અનેક પાસાઓ વાળું છે. લોકો એકેક પાસાનો આગ્રહ રાખી બીજા પાસાઓની નિંદા કરે છે. ખરું જોતાં દરેક પાસાને જુદી જુદી બાજુએથી જોઈએ ત્યારે જ સમગ્ર રત્નનો કંઈક ખ્યાલ આવી શકશે. જૈન ધર્મને જેમ આપણે અનેકાન્તવાદ કહીએ છીએ તેમ એને સમન્વયવાદ પણ કહી શકીએ. દૃષ્ટિસમન્વય અને તાત્ત્વિક ભેદોની એકવાક્યતા એ જ જૈન તત્ત્વજ્ઞાનનો પ્રધાન સૂર છે. આ ગ્રંથમાં જ્યારે પરપાખંડની પ્રસંશા કરવાનો નિષેધ કર્યો છે ત્યારે એનો અર્થ એટલો જ થાય છે કે એક વાર તાવીને, તપાસીને એક માર્ગ ગ્રહણ કર્યો એટલે રોજ રોજ નવા નવાના લોભમાં નવા નવા માર્ગો સ્વીકાર કરવા બેસવું નહિ. અન્ય સંપ્રદાયોમાં રહીને પણ માણસ મોક્ષ મેળવી શકે છે એવી જૈન વૃત્તિ

નીચલા શાસ્ત્રવાક્યમાં સુંદર રીતે આવી ગયેલી છે.

सेयंबरो य आसंबरो य बुद्धो वा तह य अन्नो वा ।
समभावभाविअप्पा लहइ मुक्खं न संदेहो ॥

શ્વેતાંબર હોય, દિગંબર હોય, બૌદ્ધ હોય કે અન્ય કોઈ હોય પણ જેનો આત્મા સમભાવથી વાસિત છે તે મોક્ષ મેળવે છે એમાં સંદેહ નથી.

ઇતિહાસસંશોધકોને આ પ્રાચીન વાર્તાઓમાંથી જૂના કાળની સામાજિક સ્થિતિ વિષે કેટલીક માહિતી અવશ્ય મળી શકે છે. ગૃહપતિ મહાશતકની પત્ની રેવતી "અમાઘાત"[1] નો ઘોષ થયા પછી પણ રોજ બે બે ગાયના વાછરડા મારીને ખાવા માગે છે; ગૃહપતિઓ માતા કે સ્ત્રીના વધના પ્રમાણમ પોતાના પુત્રોના વધ વિષે ઓછી અસ્વસ્થતા રાખે છે; પત્ની પોતાની શોક્યને વિષપ્રયોગ કરવાની પણ તૈયારી રાખે છે. આવી આવી કેટલીએ બીનાઓ સામાજિક ઇતિહાસની દૃષ્ટિએ ભેગી કરી શકાય.

પહેલી જ વાર્તામાં ગૃહપતિ આનંદ રહેણીકરણીમાં જે સંયમના નિયમો લે છે તે ઉપરથી પણ સમૃદ્ધ અને સમર્થ ગૃહસ્થાશ્રમીઓ શું ખાતા શું પીતા ઇત્યાદિ કેટલીએ માહિતી આવી જાય છે. એ ગૃહપતિએ પોતાની ઇચ્છાઓને મર્યાદિત કરવામાં પણ પોતાનું રસિયાપણું છોડયું છે એમ લાગતું નથી. સારામાં સારી એક વસ્તુ રાખીને બાકીની વસ્તુ એણે છોડી દીધી છે. પોત પોતાના સંપ્રદાયમાં શિષ્યોને

(૧) કોઈ હણશો નહિ એવો ઢંઢેરો

ખેંચવાની અભળાખા જ્યારે સાધુઓમાં આવે છે ત્યારે એની સામે બચાવ તરીકે ભિન્ન ધર્મીઓનું હું સાંભળીશ નહિ, એમનો સત્કાર કરીશ નહિ, એમને આશ્રય કે મદદ આપીશ નહિ એવાં વચનો લેવાં પડે તો તેમાં આશ્ચર્ય શું ! કોનવર્સન, તબલીઘ. વટલામણ વગેરેનો આશ્રય લઈ પોતાના સંપ્રદાયની સંખ્યા વધારવાના આ દિવસોમાં ઉપરનાં વચનો ફરી જાગૃત થાય તો નવાઈ નથી. ઇસ્લામનો સ્વીકાર કર્યા પછી જો કોઈ પાછો જાય તો એને સંગસાર કરવો–પથરાનો વરસાદ વરસાવી મારી નાખવો એવો નિયમ કેટલાક મુસલમાનોએ કર્યો હતો જ ને !

રાજાના દબાણથી, ન્યાત જેવા સમૂહના દબાણથી, દેવતાએ બતાવેલી બીકની જબરજસ્તીથી, ગુરુના આગ્રહથી અથવા આજીવિકા મેળવવાની મુશ્કેલી રૂપ જંગલમાં સપડાયા હોઈએ ત્યારે ધર્માન્તર કરવાની મુશીબત આવી પડે છે, કાંઈ નહિ તો અન્ય ધર્મોનું સારુંસારું તો બોલવું જ પડે છે તથા અન્ય ધર્મીઓને નમવું જ પડે છે. એવા પ્રસંગો સંપ્રદાયનિષ્ઠાના અપવાદરૂપ ગણીને શાસ્ત્રકારોએ સ્વધર્મીઓની આધ્યાત્મિક શકિત વધારી નથી, તેમના આત્માને ચડાવ્યો નથી અને પોતાના સંઘને મજબૂત પણ કર્યો નથી. એમાં કેવળ નબળા લોકોને રક્ષણ આપ્યું છે.

ઉપાસકો જ્યારે જીવનવ્યવહારમાંથી નિવૃત્ત થાય છે, ત્યારે લોકો સાથેનો એમનો સંબંધ ઓછો થઈ જાય છે. આત્મોન્નતિ માટેનું મોટામાં મોટું વાતાવરણ તેઓ ખોઈ બેસે છે. ભિક્ષા દેનાર અને ઉપદેશ સાંભળવા આવનાર લોકો ઉપરાંત અન્ય

સમાજ સાથેનો એમનો સંબંધ તૂટી જાય છે. પિંડપાત જેટલી જ સામાન્ય સેવા લેવી અને આવે તેને શાસ્ત્ર પ્રમાણે ઉપદેશ સંભળાવવો આટલું સંકુચિત જીવન થવાથી સમાજ સેવાનું વિશાળ ક્ષેત્ર એમને માટે બંધ થઈ જાય છે. હંમેશાં જેમની સાથે રહેવું પડે છે એવા બીજા બાવાઓ સાથે શાસ્ત્રચર્ચા અને રહેણીકરણીના કર્મકાંડોની ચર્ચા એટલા જ રસના વિષયો એમને માટે બાકી રહે છે. તેથી સાધુઓનું જીવન જેટલું વ્યાપક અને ભવ્ય થવું જોઇએ તેટલું નથી દેખાતું. તપ કરીને કાયા શુષ્ક, કૃશ અને હાડપિંજર જેવી કરી નાખવી એ જ મોટું ભૂષણ મનાય છે. એનાં જ જ્યાં ત્યાં વખાણ આવે છે. જો ઉપાસકોએ અને શ્રાવકોએ ધામિક ઇતિહાસ લખ્યો હોત તો આ વર્ણનોમાં કાંઇક નવું જ તત્ત્વ આવત. આજની સ્થિતિ એ છે કે મૂળ ધર્મસંસ્થાપક અને એના નિકટવર્તી શિષ્યો, એ બધાના ગયા પછી બસો ત્રણસો વર્ષો બાદ જૂની વાતો સંભારી સંભારીને સાધુઓએ આ બધું લખેલું છે. એટલું પણ એમણે કર્યું એ મનુષ્ય-સમાજ ઉપર એમનો મહાન ઉપકાર છે.

(૨)

ઉપાસકોની અવસ્થામાં ગૃહસ્થાશ્રમી શ્રાવકોએ કઇ જાતનો ધર્મ પાળવો જોઈએ, એમની પાસે ઓછામાં ઓછા કેવા આચારની અપેક્ષા રખાય છે એનો અંગુલિનિર્દેશ કરવાનો આ અંગનો ઉદ્દેશ દેખાય છે. ભગવાન મહાવીરના સમયમાં જે ઉપાસકોએ એવા ધર્મનું પાલન કર્યું તેમના દાખલાઓ આ અંગમાં એકત્ર કરેલા છે. ઉપાસક આનંદનું ધર્મજીવન પ્રથમ દાખલા તરીકે આપીને એણે જે જાતનો

સંયમ કર્યો અને જેટલો કર્યો તે જાતનો અને તેટલો જ ઉપાસકોએ કરવો જોઈએ એમ કહેવાનો હેતુ ન હોઈ શકે. ઉપાસક આનંદ ઠીકઠીક સ્વાદિયો દેખાય છે. એટલે ઇચ્છાવિધિ-પરિમાણ નક્કી કરવામાં તેણે સારામાં સારી વસ્તુઓ જ ઉપભોગપરિભોગ માટે રાખેલી જણાય છે. પણ એણે સંયમ-ધર્મની શરૂઆત કરી એટલું એને માટે બસ હતું. ચૌદ પંદર વર્ષ આ રીતે ગાળ્યા પછી એને વાનપ્રસ્થ લેવાનું સૂઝ્યું અને અંતે એણે મારણાંતિક સંલેખના કરી છે. છતાં ભગવાને પ્રથમથી જ એના વિષે કહી રાખ્યું છે કે એનો સંયમ પ્રવ્રજિત થવા જેટલી કોટિએ પહોંચવાનો નથી. ઉપાસક અણુવ્રત કે શિક્ષાવ્રતનું પાલન કરે તોયે અંતે તે સ્થૂલ વ્રત જ છે. એથી સામાજિક સદાચાર જળવાય, એ મોક્ષ સુધી લઈ ન જાય.

વૈદિક ધર્મની ચાતુર્વર્ણ્યની કલ્પનામાં પણ માણસ પોતાની યોગ્યતા પ્રમાણે આચારધર્મ પાળતો રહે એટલો જ ભાવ છે. જીવનની પ્રગતિ માટે તો આશ્રમધર્મ કલ્પેલો છે. જૈનધર્મ પ્રમાણે સામાજિક ધર્મ અને મોક્ષધર્મ એ બે જુદા છે. નિર્વાણ એ બન્નેનો ઉદ્દેશ છે ખરો પણ સમાજમાંથી મુક્ત થયા વગર માણસ સૂક્ષ્મ ધર્મનું પાલન ન જ કરી શકે એવી સ્થિતિ હોવાથી જે સાધુવેષધારી થાય છે એ જ મુક્ત થઈ શકે એવી કલ્પના પાછળથી ઊભી થઈ છે.

ધાર્મિક ઉન્નતિ તો માનસિક સ્થિતિ અને હૃદયની તૈયારી ઉપર આધાર રાખે છે છતાં જ્યાં અજ્ઞાન છે અને સંઘ ચલાવવા છે ત્યાં બાહ્ય નિયમો કરવા પડે છે. બાહ્ય નિયમો માટે આગ્રહ રાખવો સહેલો હોય છે એટલે એનું મહત્ત્વ

વધતું જાય છે અને સમાજ પણ એ જ વસ્તુ પસંદ કરે છે. આંતરિક તૈયારીનું માપ બહારથી શી રીતે કઢાય? પરંતુ મોક્ષ માટે કેવલ બાહ્ય પાલન બસ નથી. કોક કોક વાર બાહ્ય પાલનથી આવતી અલંબુદ્ધિ અથવા સંતોષ પ્રગતિને અટકાવનારાં નીવડે છે. તેથી સ્થૂળ પાલનને સામાજિક ધર્મ તરીકે જ ઓળખવું જોઈએ.

આર્ય સંસ્કૃતિની બધી જ શાખાઓમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ જાતના સંયમો ઓછાવત્તા પ્રમાણમાં અને સૂક્ષ્મભેદ સાથે મહત્ત્વના ગણાયા છે. સમાજમાં રહેવું તે દ્રોહ વગર રહેવું જોઈએ, જ્યાં દ્રોહ ટાળી ન શકાય ત્યાં ઓછામાં ઓછા દ્રોહથી જીવન ચલાવવાની ઉત્કટ ઇંતેજારી હોવી જ જોઈએ. મનુસ્મૃતિમાં બ્રાહ્મણધર્મ વિષે બોલતાં ગૃહસ્થધર્મનું એ જ લક્ષણ આપેલું છે:–

अद्रोहेणैव भूतानाम्
अल्पद्रोहेण वा पुनः ।
या वृत्तिः तां समास्थाय
विप्रो जीवेद् अनापदि ॥

ગૃહસ્થજીવન એટલે કે સામાન્ય મનુષ્યજીવન હિંસા અને દ્રોહ વગર ચાલતું જ નથી. પણ દ્રોહ અને હિંસામય જીવનમાં કૃતાર્થતા નથી. માણસે જોયું અને શોધી કાઢ્યું કે હિંસા જેટલી ઓછી કરાય તેટલું જીવન પવિત્ર અને કૃતાર્થ થાય છે. જીવનનો પ્રવાહ વિકૃત કર્યા વગર હિંસાની માત્રા જીવનમાંથી દહાડે દહાડે કેમ ઘટાડાય એની શોધ અખંડ ચાલવી જોઈએ. કુદરતમાં તો હિંસા અખંડ

ચાલી રહી છે. જીવો જીવસ્ય જીવનમ્ એ ન્યાય ત્યાં અનાદિ કાળથી ચાલતો આવ્યો છે. પરંતુ માણસે એમાંથી અહિંસાનો સિદ્ધાંત તારવી કાઢ્યો અને પ્રકૃતિધર્મમાંથી ઊગરી જઈ મોક્ષના આદર્શ સુધી પહોંચવાનો રસ્તો નક્કી કર્યો. માણસે જોયું કે જેટલા જીવો જન્મ્યા છે તે બધાને જીવવાનું એટલે કે ઉપભોગ-પરિભોગ કરવાનું હોય જ છે. એક માણસ પોતાની જરૂરિયાત કરતાં ઉપભોગપરિભોગ માટે વધારે વસ્તુઓ વાપરે તો તેટલા પ્રમાણમાં બીજા જીવો માટે ભૂખમરો પેદા થવાનો જ. સર્વ ભૂતોનું હિત જોનારે પોતાના મોજશોખો તો છોડવા જ જોઈએ પરંતુ પોતાની હાજતો પણ ઓછામાં ઓછી કરવી જોઈએ. આત્મવિકાસની દૃષ્ટિએ આ સંયમધર્મ સરખો જ ઉપકારક હોવાથી એને જ જીવનમાં પ્રધાનપદ આપવું જોઈએ.

આધુનિક સમાજસત્તાવાદ રાજદ્વારી સામર્થ્ય વડે જે પરિસ્થતિ બહારથી ઉત્પન્ન કરવા માગે છે તે જ પરિસ્થિતિ ધર્મની મદદથી જૂના લોકો કેળવણી દ્વારા આ આંતરિક જીવન માટે સાધવા મથતા હતા. રાજદ્વારી માર્ગ બાહ્ય નિયમનનો હોઈ અંતે દબાણનો એટલે કે હિંસાનો છે. ધર્મનો રસ્તો કેળવણી દ્વારા આંતરિક નિયમનનો હોઈ અહિંસાનો છે. અંતે એ જ ચાલવાનો છે. એ જ જીવનનું પરમ શાસ્ત્ર છે. એ શાસ્ત્ર સમાજમાં ચાલતું કરવા માટે કથા, વાર્તા, દાખલા, દલીલ, ઇતિહાસ, ઉદાહરણ જે હાથમાં આવે તે ધર્મકારો વાપરતા આવ્યા છે અને આંતરિક નિયમન કઈ રીતે કરાય એનો રસ્તો બતાવતા આવ્યા છે.

આજની દુનિયાનો બાહ્ય સામર્થ્યનો મોહ ઊતરી ગયા પછી

કાયદાકાનૂન અને રાજદ્વારી સત્તાની બધી યુક્તિઓ અજમાવી જોઈ એમની અપૂર્ણતા જોયા પછી તે ફરી ધર્મને એટલે કે કેળવણીને રસ્તે જ આવવાની છે. ત્યાં સુધીમાં ધર્મે પોતાની જૂની કાંચળી ઉતારી નાખી, સત્તા અને બાહ્ય નિયમ સાથેનો મેલો સહકાર છોડી દેવો પડશે, તથા શુદ્ધ કેળવણીને માર્ગે પોતાનું સંસ્કરણ કરી લેવું પડશે.

શાસ્ત્રીય પરિભાષા અને સૂક્ષ્મ મતભેદની ઝીણવટ બાજુએ રાખતા સદાચારી ગૃહસ્થધર્મી ઉપાસકે પાળવાના નિયમો નીચે પ્રમાણે જણાય છે. આ નિયમો પાછળ સાંપ્રદાયિક આગ્રહ બહુ નથી. ધર્મનો આગ્રહ ન હોય. એવો સુવ્યવસ્થિત સમાજ પણ પ્રજાના કલ્યાણને અર્થે આવા જ નિયમો ઘડે.

(૧) સત્યાચરણ—આના ઉપર સમાજનો બધો આધાર રહેલો છે. જે સત્યને ચોરે છે તે બધું ચોરે છે. सत्येन धार्यते पृथ्वी। માટે માણસ અસત્ય ન બોલે. પણ પામર માણસ કોક વખતે સત્ય બોલવાની હિંમત ન કરે એટલે ઓછામાં ઓછા નીચલા નિયમો તો પાળે જ:—

કોઈના ઉપર વગર વિચાર્યે આળ ન મૂકે, કોઈની ગુપ્ત વાત પ્રકાશિત ન કરે, સ્ત્રીરહસ્યની વાતો ન બોલે, ખોટી સલાહ ન આપે અને ખોટા લેખ પણ ન કરે.

કન્યાની લેણદેણમાં, ઢોર ઢાંખરની લેણદેણમાં વાડીવજીફાની લેણદેણમાં ખોટી વાત કહેવાની લાલચ ખૂબ હોય છે તે આગ્રહપૂર્વક ટાળવી.

કોઈની થાપણ ન ઓળવવી.

ખોટી સાક્ષી ન આપવી.

(૨) અસ્તેય—કોઈએ ન આપેલું લેવું એતો ચોરી જ છે પણ પામર માણસ લોભને ખાળી નથી શકતો એટલા માટે બીજી પણ કેટલીક ખાસ ચેતવણી એને આપી છેઃ-

ચોરી ન કરવી, ચોરીનો માલ ન રાખવો, ચોરી કરવા કોઈને પ્રેરણા ન કરવી, ખોટાં તોલાં માપાં ન રાખવાં કે ન વાપરવાં, સેળભેળ કરીને કે બનાવટી વસ્તુને મૂળની જગ્યાએ બતાવી વહેવાર ન કરવો અને રાજ્યે પ્રજાહિત ખાતર અમુક વસ્તુ રાજ્ય બહાર ન જાય અથવા રાજ્યમાં ન આવે એવો પ્રતિબંધ કર્યો હોય તો તે તોડવો નહિ.

(૩) અહિંસા—અહિંસા એ જ જીવનની સાર્થકતા છે છતાં માણસને દેહધારણ માટે પણ થોડી ઘણી હિંસા કર્યા વગર છૂટકો નથી. આ હિંસા જેટલી ટાળી શકાય તેટલી ટાળવી રહી. હૃદયમાં અહિંસાવૃત્તિ જાગે એટલે હિંસા ટાળવાના જેટલા ઉપાયો જડે તેટલા માણસ શોધતો રહેવાનો. માણસ આટલું તો કોઈ કાળે ન જ કરેઃ—

કોઇનો વધ ન કરે, કોઈને બાંધે નહિ, ગાત્રછેદ ન કરે, ગજા ઉપરાંત ભાર ન મૂકે, કામ ન કરાવે તેમજ કોઈનું ખાનપાન બંધ ન કરે.

(૪) બ્રહ્મચર્ય—વિકારમાત્રમાંથી મુક્ત રહેવા માણસે મથવું જોઈએ. ગૃહસ્થાશ્રમીએ પણ બ્રહ્મચર્ય તરફ જવાનો પ્રયત્ન રાખવો જ જોઈએ. પ્રાકૃત સમાજના લોકો આટલું સાચવે તો પણ બહુ થયુંઃ-

પોતાની સ્ત્રીથી જ સંતોષ માને, કુમારી કે વિધવાનો સંસર્ગ ન કરે, વેશ્યાગમન ન કરે, બીજી સ્ત્રીઓ સાથે પણ

શૃંગારચેષ્ટા ન કરે, પોતાની સ્ત્રી સિવાય કોઈનો પણ વિકારી સ્પર્શ ન કરે, કે તેમના તરફ વિકારી આંખે ન જુએ.

મુમુક્ષુ માણસે મનને સાચવવા માટે બીજાના વિવાહો કરવાની જંજાળમાંથી પણ મુક્ત જ રહેવું અને પોતાના વૈવાહિક જીવનમાં પણ કામભોગમાં તીવ્ર અભિલાષ નહિ કરવો.

દરરોજ ન બને તો મહિનામાં ચાર દિવસ (૮,૧૪,૧૫,૩૦) આખો વખત ઉપવાસ કરવો, સ્નાન, વિલેપન, ગંધ, માલ્ય, અને અલંકાર છોડી દેવા, દાભ કે કાષ્ઠની પથારીએ રહીને અથવા વીરાસન વગેરે આસનો પર રહીને ધર્મનું ચિંતન કરવું તથા સર્વ નિંદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો.

(૫) અપરિગ્રહ—ગૃહસ્થાશ્રમીનાં મુખ્ય આકર્ષણો બેઃ કનક અને કાન્તા. બન્નેનો સંપૂર્ણ ત્યાગ ઇષ્ટ હોય તોયે સામાન્ય માણસની હિંમત ન ચાલે. તેથી માણસે ઓછામાં ઓછું આટલું તો કરવું જ જોઈએઃ-

પોતાના ખાનપાન ઉપર અંકુશ રાખવો, ઓઢવા પાથરવા તથા કપડાંલત્તાંની બાબતમાં આકરી મર્યાદા બાંધી દેવી, ધર્માધર્મનો વિચાર કરીને જ ધંધો પસંદ કરવો, સંપત્તિ આદિના સંગ્રહ માટે પણ પરિમાણ નક્કી કરવું, જેટલી સાદાઈ જીવનમાં દાખલ કરાય તેટલી કરવી, ભોગસેવન, ધંધો, મુસાફરી, ઇત્યાદિ પ્રવૃત્તિઓ ઓછી કરવા તરફ વલણ રાખી ક્યાંક એની મર્યાદા સ્પષ્ટપણે બાંધી રાખવી. એક અંગ્રેજ લેખક કહે છે તેમ Nothing relieves and ventilates the mind like resolution. અહીં resolution એટલે વ્રત સમજવું.

આપણું મન હંમેશ સ્થિર અને વિવેકી નથી હોતું તેથી

દરેક પ્રલોભન વખતે વિચાર કરવા બેસવા કરતાં શાંત સમયે સમગ્ર વિચાર કરી કેટલાંક વ્રતો લઈ રાખ્યાં હોય તો મનને સ્વાભાવિક મજબૂતી મળે છે અને શાન્તિ રહે છે. માનસિક શક્તિનો સંગ્રહ કરવાનો આ ઉત્તમ ઉપાય છે.

વ્રતો લીધા બાદ પણ તેમનું સ્મરણ તાજું રાખવું જોઈએ અને એ બધું આત્માનો અનાત્મા ઉપર વિજય સાધવા માટે છે એ ધ્યાનમાં રહે એટલા ખાતર માણસે રોજ અર્ધો પોણો કલાક શાન્ત બેસીને સમભાવ કેળવવો જોઇએ કે જેથી વિકારો શમી જાય અને બધા જીવો પ્રત્યે મૈત્રીભાવ બંધાય.

આ મૈત્રીભાવ અથવા સમભાવ કેવળ મનમાં રહે તો તેની કિંમત કેટલી ? માણસને પોતાની ઓછામાં ઓછી જરૂરિયાત કરતાં વધારે રાખવાનો હક જ નથી એવી સ્થિતિમાં માણસ પરિગ્રહ રાખે જ તો એણે એવી વસ્તુનો ઉપભોગપરિભોગ ઇષ્ટમિત્રોને સાથે રાખીને અને જે ઇષ્ટમિત્ર નથી એવા અતિથિઓનો પણ ભાગ રાખીને પછી જ કરવો. જેથી સંપત્તિ શાપરૂપ ન નીવડે અને પ્રજામાં અસૂયા ન ફેલાય. માણસ પાસે શક્તિ છે એટલા ખાતર માણસ ગમે તેટલા ઉપભોગ કરે એ જેમ ખોટું છે તેમ સાધન સગવડ છે એટલા ખાતર લોભ કરીને માણસ ખેતી, વેપાર, વાણિજ્ય, વ્યાજવટું ઇત્યાદિ ધંધાઓ પણ હદ બહાર વધારે એ ખોટું છે. નહિ તો બીજાઓ જે આવી પ્રવૃત્તિના સરખા જ હકદાર છે પણ અલ્પ સાધનોને લીધે હરીફાઈ કરવા અસમર્થ છે તેમને અન્યાય થાય, તેમની હિંસા થાય. સેવા લેતા કે સ્વાર્થની દૃષ્ટિએ સેવા કરતા માણસે દિશાનું પરિમાણ બાંધવું જોઈએ અને આગળ જતાં તે ઓછું પણ કરવું જોઈએ. આમાં સંકુચિતપણું કેળવાશે એવી બીક કેટલાક રાખે પણ

તે મિથ્યા છે. સ્વાર્થ, લોભ, દ્રોહ, અધિકાર અને સત્તાનો વિસ્તાર કર્યે કોઇને લાભ નથી. એમનો સંકોચ થવો જ જોઈએ. નિરપેક્ષ સેવા, પ્રેમ, અહિંસા, હૃદયનો વિકાસ અને કલ્યાણચિંતનને કોઇ મર્યાદા સૂચવતું નથી.

કેટલાંક કર્મો એવાં છે કે જે અનિષ્ટ કે સદોષ હોય તોય કર્યા વગર છૂટકો નથી. એવાં કર્મો પોતે પોતા પૂરતાં જ કર્યાં હોય તો એના પર સ્વાભાવિક અંકુશ રહે છે પણ એનો એકવારધંધો બનાવી દીધો કે પછી સંયમ રાખવો અશકય થઈ જાય છે, હિંસા ઘટવાને બદલે વધતી જ જાય છે. એવાં કર્મો ધંધા તરીકે ન કરવાં એમાં જ સમાજહિત અને આત્મિક કલ્યાણ રહેલાં છે.

જેમાં મોટા પાયાપર અગ્નિપ્રયોગ કરવો પડે, જંગલો બાળવાં પડે, રમવાની કે શોભાની વસ્તુઓ તૈયાર કરવા માટે પ્રાણીઓનો વધ કરવો પડે કે એવા વધને ઉત્તેજન આપવું પડે, હિંસ્ર પ્રાણીઓ, વિષ, મદ્ય, શસ્ત્ર જેવી ઘાતક વસ્તુઓનો વેપાર, માણસાઈને ન છાજે એવો દાસદાસીઓનો વેપાર, વગેરે બધું પ્રથમથી જ ત્યાજ્ય ગણવું જોઈએ. આવા નિયમોમાં એક જ વસ્તુ ધ્યાનમાં રાખવાની છે અને તે એ કે આપણું જ્ઞાન વધે તેમ નિયમોમાં ફેરફાર થવો જોઈએ. નહિ તો કંદ તો ન ખવાય પણ અસંખ્ય જીવોને ઉકાળી તૈયાર કરેલાં રેશમનાં વસ્ત્રો મંદિરમાં વપરાય એવો હાસ્યાસ્પદ પ્રકાર થઈ જવાનો.

દાખલા તરીકે ગાડાં વગેરે ચલાવવાનો કરેલો નિષેધ અને ભોંય ફાડવી પડે તેવો ધંધો ન કરવાની સૂચના સ્વીકારાય તેવાં નથી. કેમકે અનાજ ખાઈએ છીએ એટલે ખેતી

કર્યે જ છૂટકો. પોતે કરીએ અથવા બીજા પાસેથી કરાવીએ એ સરખું જ છે. ગાડાં ન ચાલે તો બળદનું ખર્ચ ખેડૂતને ન પોસાય. ઘાણી કોલાં વગેરે ચલાવવાના ધંધાનું પણ તેમજ. જળાશયોમાં મચ્છર થાય અથવા પાણી નરક જેવું ગંધાવા લાગે ત્યારે આરોગ્ય ખાતર તે પૂરવાં જ પડે અને એ કામ ધંધાદાર લોકો પાસેથી પણ કરાવવું પડે.

વ્રતો એ કાંઈ પીનલ કોડના નિયમો નથી કે વકીલની પેઠે તેમનો અર્થ કરવામાં જ બધી બુદ્ધિ વાપરીએ. યાવચ્છક્ય મૂળ વ્રતોનું પાલન કરવાની દૃષ્ટિએ આ બધાં વ્રતોની વિગત ઉત્પન્ન થઈ છે. એટલે મૂળ વ્રતોનો ઉદ્દેશ સધાય એવી રીતે વિગતોમાં ધર્મજ્ઞોએ ફેરફાર કરવો જ જોઈએ. નહિ તો આપણી જડતા ધર્મમાં પેસી જવાની.

વ્રતો લીધા પછી એમને બાધક એવું વાતાવરણ ન જ રાખવું જોઈએ.

કામોત્તેજક વાતો કરવી, ભાંડની પેઠે શરીરના ચાળા કરવા, બકબકાટ કરવો, મન વચન કાયાનો દુષ્ટ પ્રયોગ કરવો, સ્મૃતિ કાયમ ન રાખવી, કરવાનાં ધર્મ્ય કામો અવ્યવસ્થિત રીતે અથવા શ્રદ્ધાવિરહિત થઈને કરવાં, વ્રતોનો શબ્દાર્થ પાળીને તેમનો ઉદ્દેશ નષ્ટ થઈ જાય એમ કરવું એ બધું ટાળવું જોઈએ. દાન કરતી વખતે, દાનનો ઢોંગ ન કરવો, દાન ન દેવાની દાનતથી પોતાની વસ્તુ પારકાની છે એમ ન બતાવવું, હરીફાઈની દાનત રાખીને દાન ન આપવું એવી એવી સૂચનાઓ તો ધ્યાનમાં રાખવી જ જોઈએ.

જે વસ્તુ આપણે ન કરીએ તે બીજા પાસેથી, નોકર ચાકર

આરફતે પણ ન કરાવીએ એ નિયમ તો સહેજે આવી જાય છે.

સંપ્રદાય પરત્વે બે વ્રતો ખાસ છે. પોતાના સંપ્રદાયના સાધુસંતોને આદરપૂર્વક સહાય કરવી એ તો યથાયોગ્ય છે જ. પરંતુ ભિન્નધર્મીઓની સેવા કરવામાં કશો વાંધો ન હોવો જોઈએ. ઊલટું અહિંસાધર્મની પ્રતિષ્ઠા એમાં રહેલી છે કે ભિન્નધર્મીઓ પર પોતાના ધર્મની ઉદારતા, અને સહિષ્ણુતાની છાપ પડવી જ જોઈએ; અને પોતાના ધર્મનું શ્રેષ્ઠત્વ વાદદ્વારા નહિ પણ આપણી આર્યવૃત્તિદ્વારા સિદ્ધ થવું જોઈએ.

પણ કેવળ શંકા, કાંક્ષા કે વિચિકિત્સાને લીધે મનને માણસ ડામાડોળ સ્થિતિમાં રાખે, પોતાની માન્યતાઓમાં અસ્થિર રહે અને પોતાના ધર્માચરણના ફળ વિષે અવિશ્વાસ કેળવે અને એ રીતે નવા નવા સંપ્રદાયના સાધુઓને બોલાવી રોજ અસ્વસ્થ થાય એ જાતનો પરપાખંડસંસ્તવ નિંદ્ય જ કહેવાય. પરંતુ પરધર્મીઓ સાથે વાતો પણ ન કરવી, તેમને ખાવાપીવાનુંય ન આપવું એ બધું તો જૈનવૃત્તિથી વિરુદ્ધ છે.

મુશળ, કોદાળી, તલવાર આદિ પ્રહારનાં સાધનોથી સંયુક્ત ન રહેવું એ અનર્થદંડત્યાગનું એક લક્ષણ આજે આપણું ધ્યાન વધારે ખેંચે એવું છે. યુરોપ અમેરિકામાં disarmament—શસ્ત્રસંન્યાસની હિલચાલ ચાલે છે તેનું જ તત્ત્વ એની પાછળ રહેલું છે. હાથમાં શસ્ત્ર આવે એટલે હિંસા કરવાનું મન થવાનું જ.

જૈન ધર્મમાં પ્રતિક્રમણ અને આલોચનની પ્રથા છે તે પણ દરેક મનુષ્યે સ્વીકારવા જેવી છે. પોતાનાં પાપો એક વાર

યાદ કરવા અને તેમને માટે પ્રાયશ્ચિત્ત કરવું એ જ એક ઉન્નતિનો માર્ગ છે. આવું માનસિક સ્નાન કર્યા પછી જ સમભાવ કેળવવાનું સામાયિકવ્રત પાર પાડી શકાય.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ભગવાન મહાવીરના દશ ઉપાસકો

[ઉવાસગદસાઓ]

ભગવાન મહાવીરના દશ ઉપાસકો

[ઉવાસગદસાઓ]

પ્રાસ્તાવિક

અંગ[1] દેશની રાજધાની ચંપા[2] નગરીમાં કોણિક[3] નામે રાજા રાજ્ય કરતો હતો. તે સમયે શ્રમણભગવાન મહાવીર[4]ના અંતેવાસી આર્યસુધર્મા[5] નામે સ્થવિર જંબુ[6] પ્રમુખ પાંચસો શિષ્ય સાથે ગામેગામ આનુપૂર્વીએ પગપાળા ફરતા ફરતા અને તપ તથા સંયમથી આત્માને ભાવિત કરતા, ચંપાનગરીની બહાર ઈશાનખૂણામાં આવેલા પૂર્ણભદ્ર ચૈત્યમાં[7] આવીને ઊતર્યા.

સુધર્મા સ્વામીને આવ્યા જાણીને રાજા કોણિક તથા ચંપાની સમસ્ત પ્રજા તેમની પાસે ધર્મ સાંભળવા આવી.

તે બધાંના ચાલ્યા ગયા બાદ આર્ય સુધર્મા અનગારના મુખ્ય શિષ્ય આર્ય જંબુ નામે અનગારે શ્રદ્ધા, સંશય અને કુતૂહલથી પોતાના ગુરુ આર્ય સુધર્માને વિનયપૂર્વક બે હાથ જોડીને નીચે પ્રમાણે પૂછ્યું:—

"નિર્વાણને પામેલા શ્રમણભગવાન મહાવીરે આ ઉપાસકદશાંગ નામના સાતમા અંગનો શો અર્થ કહ્યો છે?"

આર્ય સુધર્માએ પોતાના શિષ્ય જંબુને એનો આ પ્રમાણે ઉત્તર આપ્યો:—

"હે જંબુ, નિર્વાણને પામેલા તે શ્રમણભગવાન મહાવીરે આ ઉપાસકદશા નામના સાતમા અંગનાં દશ અધ્યયનો કહ્યાં છે. તેમનાં નામ આ પ્રમાણે છે:- (૧) આનંદ (૨) કામદેવ (૩) ગૃહપતિ ચૂલણીપિતા (૪) સુરાદેવ (૫) ચુલ્લશતક (૬) ગૃહપતિ કુંડકોલિક (૭) સદ્દાલપુત્ર (૮) મહાશતક (૯) નંદિનીપિતા (૧૦) સાલિહીપિતા."

૧

આનંદ

જંબુએ પૂછ્યું "એ દશ અધ્યયનોમાંના પહેલા અધ્યયનનો શો અર્થ છે?" આર્ય સુધર્મા બોલ્યા:—

"વાણિજ્યગ્રામ[૯] નામે નગરમાં જિતશત્રુ નામે રાજા હતો. તેમાં આનંદ નામે સમૃદ્ધ અને સમર્થ ગૃહપતિ રહેતો હતો. તેની પાસે ચાર હિરણ્યકોટી નિધાનમાં, ચાર વ્યાજે અને ચાર ઘરના વાપરમાં હતી. ઉપરાંત દસ હજાર ગાયનો એક વ્રજ એવા ચાર વ્રજો હતા. તે ગૃહપતિ બધા સાર્થવાહોનો સલાહકાર, કુટુંબને પૂછવાજોગ, બધાનો આધારભૂત અને સર્વ કાર્યોનો વધારનાર હતો. પોતાને ઇષ્ટ એવી શિવનંદા ભાર્યા સાથે તે સુખે સુખે રહેતો હતો.

વાણિજ્યગ્રામની પાસે ઈશાનખૂણામાં કોલ્લાક[૧૦]

નામે સંનિવેશ હતો. તેમાં આનંદના મિત્રો, જ્ઞાતિઓ અને સગાંસંબંધીઓ રહેતાં હતાં. તે બધાં પણ સમૃદ્ધ અને સંપન્ન હતાં.

તે વખતે ફરતા ફરતા શ્રમણભગવાન મહાવીર વાણિજ્યગ્રામની બહારના દૂઇપલાસય[11] ચૈત્યમાં આવી ઊતર્યા. રાજા જિતશત્રુ અને પ્રજાજનો તેમનું પ્રવચન સાંભળવા આવ્યાં.

ભગવાન આવ્યાની વાત આનંદે પણ જાણી. તેથી તે પણ ત્યાં જવા ઉત્સુક થયો. ભગવાન પાસે જઈ તેમનું પ્રવચન સાંભળી આનંદ હૃષ્ટ, તુષ્ટ અને પ્રસન્ન થયો. તેણે ભગવાનને કહ્યું:—

"હે ભગવાન! તમારા પ્રવચનમાં મને શ્રદ્ધા થઈ છે, પ્રીતિ થઈ છે, અને રુચિ થઈ છે. તમે જે કહો છો તે મને યથાર્થ લાગે છે. બીજા અનેક મુમુક્ષુ આપનું પ્રવચન સાંભળી આપના અંતેવાસી થવા પ્રયત્ન કરે છે, તેમ કરવાનું મારામાં સામર્થ્ય નથી. પરંતુ પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતવાળો બાર પ્રકારનો ગૃહિધર્મ સ્વીકારવાનો મારો મનોરથ છે."

ભગવાને કહ્યું:—

"હે દેવાનુપ્રિય! તને સુખ થાય તેમ કર."

ત્યારબાદ આનંદ ગૃહપતિએ શ્રમણભગવાન મહાવીર પાસે જીવન સુધી મન, વચન અને કાયાથી સ્થૂલ

હિંસા ન કરવાની તેમજ ન કરાવવાની, સ્થૂલ અસત્ય ન બોલવાની તેમજ ન બોલાવવાની, સ્થૂલ ચૌર્ય ન કરવાની તેમજ ન કરાવવાની, સ્વદારસંતોષવ્રત પાળવાની અને પોતાની ઇચ્છાઓને મર્યાદિત કરવાની પ્રતિજ્ઞા લીધી.[૧૨]

પોતાની ઇચ્છાઓને મર્યાદિત કરવા માટે ઇચ્છાવિધિનું પરિમાણ તેણે નીચે મુજબ કર્યું:—

આગળ જણાવેલી નિધાન, વ્યાજ અને ઘરના વાપરમાં રોકેલી ચારચાર કોટીઓમાં વધારો કે ફેરફાર નહિ કરવો–કરાવવો; આગળ જણાવેલાં ચાર વ્રજમાં વધારો નહિ કરવો–કરાવવો; ૫૦૦ નિવર્તનશતિક હળથી ખેડી શકાય તે કરતાં વધારે જમીન ન રાખવી; ગામતરું કરનારાં પાંચસો અને ખેતરમાંથી માલની લાવજા કરનારાં પાંચસો ગાડાંથી વધારે ગાડાં ન રાખવાં; મુસાફરી કરવા માટે ચાર અને સામાનની લાવજા કરવા માટે ચાર વહાણથી વધારે વહાણ ન રાખવાં.

ઉપભોગપરિભોગવિધિનું પરિમાણ કરતાં તેણે નીચે પ્રમાણે નિયમો કર્યા:—

ગંધકાષાયી સિવાય બીજા કોઇ વસ્ત્રથી શરીરને લોવું નહિ; લીલી જેઠીમધ સિવાય બીજા કશાનું દાતણ ન કરવું; ક્ષીરામલક સિવાય સ્નાનમાં બીજું ફળ ન વાપરવું; શતપાક અને સહસ્રપાક તેલ

સિવાય બીજું તેલ શરીરે ન ચોળવું; સુરભિગંધદ્રવ્ય સિવાય બીજી સુગંધી વસ્તુનો ઉપયોગ ન કરવો; નાહવા માટે આઠ ઔષ્ટ્રિક ઘડાથી વધારે જળ ન વાપરવું; બે ક્ષૌમયુગલ સિવાય વધારે કપડાં ન પહેરવાં; અગરુ, કુંકુમ અને ચંદન વગેરે સિવાય બીજા કશાનું વિલેપન ન કરવું; શુદ્ધ પદ્મ અને માલતીની માળા સિવાય બીજાં પુષ્પોનો ઉપયોગ ન કરવો; કાનનાં બે સાદાં કુંડળ અને નામમુદ્રા સિવાય બીજું ઘરેણું ન પહેરવું; અગરુ અને તુરુક્ક વગેરે સિવાય બીજાનો ધૂપ ન કરવો.

ભોજનવિધિનું પરિમાણ કરતાં તેણે નીચે પ્રમાણે નિયમો કર્યા:–

કટ્ટુપેયા સિવાય બીજું પીણું ન પીવું; ઘૃતપૂર્ણ અને ખંડખાદ્ય સિવાય બીજું પકવાન ન ખાવું; કલમશાલી સિવાય બીજા ચોખા ન ખાવા; કલાય, મગ અને અડદ સિવાય બીજી દાળ ન ખાવી; શરદ ઋતુના ગાયના દાણાદાર ઘી સિવાય બીજું ઘી ન ખાવું; બથવો, સુથ્થિય શાક અને મંડુક્કિય શાક સિવાયનું બીજું શાક ન ખાવું; પાલંગામાધુર સિવાય બીજો રસ ન પીવો; સેધામ્લ અને દાલિકામ્લ સિવાય બીજી વસ્તુ વ્યંજન તરીકે ન વાપરવી; આકાશમાંથી પડેલા પાણી સિવાય બીજું પાણી ન પીવું; એલચી, લવંગ, કપૂર, કકોલ અને જાયફળથી

સુગંધિત તાંબૂલ સિવાય બીજો મુખવાસ ન કરવો.

નીચેના ચાર પ્રકારના અનર્થદંડ ન કરવા, જેમકે— પ્રયોજન સિવાય અપધ્યાન ન કરવું; વિકથા વગેરે પ્રમાદાચરણ ન કરવું; હિંસક શસ્ત્રો ન આપવાં અને પાપકર્મનો ઉપદેશ ન કરવો.

"હે આનંદ !" એમ કહીને શ્રમણભગવાન મહાવીરે શ્રમણોપાસક આનંદને કહ્યું, "હે આનંદ ! જીવાજીવના સ્વરૂપને જાણનાર અને પોતાની મર્યાદામાં રહેનાર શ્રમણોપાસકે સમ્યક્ત્વના નીચેના પાંચ મુખ્ય અતિચારો માત્ર જાણવા પણ આચારમાં ન મૂકવા. જેમકે શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પરપાખંડપ્રશંસા[13] અને પરપાખંડસંસ્તવ.

એ પ્રમાણે સ્થૂલ અહિંસા વગેરે વ્રતોના નીચે જણાવેલા મુખ્ય અતિચારો માત્ર જાણવા પણ આચારમાં ન મૂકવા. જેમકે:--

[૧] "સ્થૂલ હિંસાના ત્યાગની પ્રતિજ્ઞા લેનાર શ્રાવકે કોઈને બાંધવો નહિ, કોઈનો વધ ન કરવો, અંગપ્રત્યંગ ન કાપવું, ગજા ઉપરાંત ભાર ન ભરવો કે કામ ન કરાવવું તથા કોઈનું ખાનપાન બંધ ન કરાવવું.

[૨] "સ્થૂલ મૃષાવાદના ત્યાગી શ્રમણોપાસકે કોઈના ઉપર વગર વિચાર્યે આળ ન મૂકવું, કોઈની ગુપ્ત વાત પ્રકાશિત ન કરવી, સ્ત્રીની ગુપ્ત વાતો પ્રકા-

શિત ન કરવી, ખોટી સલાહ ન આપવી અને ખોટા લેખ ન કરવા.[૧૪]

[૩] "સ્થૂલ ચૌર્યના ત્યાગી શ્રમણોપાસકે ચોરીનો માલ ન રાખવો, ચોરી કરવા પ્રેરણા ન કરવી, બે વિરોધી રાજ્યે નિષિદ્ધ કરેલી સીમાનું ઉલ્લંઘન ન કરવું, ખોટાં તોલાં કે માપાં ન રાખવાં અને સેળભેળ કરીને કે બનાવટી વસ્તુને મૂળની જગાએ બતાવીને વહેવાર ન કરવો.

[૪] "સ્વદારસંતોષવ્રતના ધારક શ્રમણોપાસકે વેશ્યાગમન ન કરવું, કુમારી કે વિધવાનો સંસર્ગ ન કરવો, બીજી સ્ત્રીઓ સાથે શૃંગારચેષ્ટા ન કરવી, બીજાના વિવાહો નહિ કરવા અને કામભોગમાં તીવ્રાભિલાષ નહિ કરવો.

[૫] "ઇચ્છાવિધિપરિમાણના ધારક શ્રમણોપાસકે ક્ષેત્રવાસ્તુ, હિરણ્યસુવર્ણ, દ્વિપદ ચતુષ્પદ, ધનધાન્ય અને ઘરવખરાના નક્કી કરેલા પ્રમાણનું ઉલ્લંઘન નહિ કરવું.

[૬] "દિગ્વ્રત ધારણ કરનાર શ્રમણોપાસકે ઊર્ધ્વદિશાના, અધોદિશાના અને તિર્યગ્દિશાના પ્રમાણનું ઉલ્લંઘન ન કરવું, વ્યાપાર કે કોઈ વ્યવહારુ કામ માટે ધારેલા ક્ષેત્રના માપમાં વૃદ્ધિ ન કરવી કે એકનું બાકી રહેલું માપ બીજામાં ન વધારવું, પ્રવાસને અંગે ચોક્કસ સ્મૃતિ રાખવી.[૧૫]

[૭] "ઉપભોગપરિભોગપરિમાણુ ધારણુ કરનાર શ્રમણોપાસકે ભોજનાશ્રિત અને કર્માશ્રિત એમ બે પ્રકારના તેના ભેદ સમજવા.

ભોજનાશ્રિતઉપભોગપરિભોગપરિમાણુની મર્યાદાને સુરક્ષિત રાખવાને અંગે કોઈ પણ સજીવ વસ્તુ નહિ ખાવી, સજીવ વસ્તુ સાથે સંબંધવાળી વસ્તુ પણ ન ખાવી, કાચી ઔષધિ ન ખાવી, બરાબર નહિ પાકેલી ઔષધિ નહિ ખાવી અને તુચ્છ ઔષધિ નહિ ખાવી.

"કર્માશ્રિતઉપભોગપરિભોગપરિમાણુની મર્યાદા સુરક્ષિત રાખવાને અંગે પંદર પ્રકારનાં કર્માદાનો[૧૬] ન કરવાં. જેમકે:—(૧) જેમાં અંગારાનો ઉપયોગ કરવો પડે તેવો વેપાર ન કરવો (૨) જેમાં વનોનો નાશ કરવો પડે તેવી પ્રવૃત્તિ ન કરવી (૩) સંખ્યાબંધ ગાડાં વગેરે વાહનો બનાવવાનો અને વેચવાનો વેપાર ન કરવો (૪) ગાડાં વગેરે વાહનો ભાડે ફેરવવાનો ધંધો ન કરવો (૫) ભોંય ફાડવી પડે તેવો ધંધો ન કરવો (૬) હાથીદાંત, શંખ, કચકડા વગેરેનો વેપાર ન કરવો (૭) લાખ વગેરેનો વેપાર ન કરવો (૮) સુરા વગેરે રસોનો વેપાર ન કરવો (૯) સોમલ વગેરે વિષોનો વેપાર ન કરવો (૧૦) કેશનો વેપાર ન કરવો (૧૧) ઘાણી, કોલાં વગેરે ચલાવવાનો ધંધો ન કરવો (૧૨)

ખસી વગેરે કરવાનો ધંધો ન કરવો (૧૩) ખેતર, જંગલ વગેરે સાફ કરવા માટે દાહ મૂકવાનો ધંધો ન કરવો (૧૪) સરોવરો, તળાવો, ધરાઓ વગેરે જળાશયો પૂરવાનો ધંધો ન કરવો (૧૫) દાસીઓ કે ગુલામો દ્વારા આજીવિકા ન ચલાવવી, તેમજ હિંસ્રપ્રાણીઓનો વેપાર કે પોષણ ન કરવું.

[૮] "અનર્થદંડના ત્યાગની પ્રતિજ્ઞાવાળા શ્રમણોપાસકે કામોત્તેજક વાતો ન કરવી, ભાંડની પેઠે શરીરના ચાળા ન કરવા, બકબકાટ ન કરવો, મુશળ, કોદાળી તરવાર વગેરે સાધનોથી સંયુક્ત ન રહેવું અને ઉપભોગપરિભોગના નક્કી કરેલા પ્રમાણથી ચલિત ન થવું.

[૯] "પ્રતિદિન સામાયિક કરનાર શ્રમણોપાસકે મન, વાચા અને કાયાનો દુષ્ટ પ્રયોગ ન કરવો, અમુક નિયત વખતે સામાયિક કરવું જ એવી સામાયિકને અંગેની સ્મૃતિ તાજી રાખવી અને સામાયિકને અવ્યવસ્થિત રીતે ન કરવું.

[૧૦] "દેશાવકાશિકની મર્યાદા ધારણ કરનાર શ્રાવકે પોતાની મર્યાદાનો ભંગ થાય એવી રીતે સંદેશા વગેરે દ્વારા કાંઈ મંગાવવું નહિ, તે માટે ખાસ કોઈને મોકલવો નહિ, તે માટે કોઈ પ્રકારનો અવાજ ન કરવો, આંખ વગેરેથી ઇશારા ન કરવા અને તે માટે કાંઈ ફેંકવુંકરવું નહિ.

[૧૧] "પૌષધોપવાસ[૧૭] કરનાર શ્રમણોપાસકે તપાસ્યા વિનાનાં કે બરાબર નહિ તપાસેલાં એવાં આસન કે પથારી વગેરેનો ઉપયોગ ન કરવો, સાફ કર્યા વિનાનાં કે બરાબર સાફ નહિ કરેલાં એવાં આસન કે પથારી વગેરેનો ઉપયોગ ન કરવો, તપાસ્યા વિનાનાં કે બરાબર નહિ તપાસેલાં શૌચ કે લઘુશંકાનાં સ્થાનોનો ઉપયોગ નહિ કરવો, સાફ કર્યા વિનાનાં કે બરાબર સાફ નહિ કરેલાં એવાં શૌચ કે લઘુશંકાનાં સ્થાનોનો ઉપયોગ નહિ કરવો અને પૌષધોપવાસ અવ્યવસ્થિતપણે ન કરવો.

[૧૨] "યથાસંવિભાગવ્રત ધારણ કરનાર શ્રમણોપાસકે ન આપવાની વૃત્તિથી ભોજનસામગ્રીને સચેત વસ્તુમાં ન મૂકવી કે સચેત વસ્તુથી ન ઢાંકવી, અયોગ્ય સમયે દાન દેવાનો ઢોંગ ન કરવો, ન આપવાની બુદ્ધિથી પોતાનું હોય તેમ છતાં બીજાનું ન કહેવું અને બીજાની હરીફાઇ કરીને ન આપવું.

"જીવિતનું પર્યવસાન આવેલું જાણીને જે શ્રમણોપાસક અપશ્ચિમમારણાન્તિક સંલેખનાની આરાધના કરવા ઇચ્છે તેણે આ લોકની, પરલોકની, જીવિતની, મરણની અને કામભોગોની આસક્તિ ન રાખવી."

ત્યારપછી આનંદ ગૃહપતિએ ભગવાન મહાવીરની પાસે ઉપર પ્રમાણે સાંભળેલો પાંચ અણુવ્રત

અને સાત શિક્ષાવ્રત[૧૮] એમ બાર પ્રકારનો શ્રાવકધર્મ સ્વીકાર્યો. તેણે શ્રમણભગવાન મહાવીરને વાંદીને અને નમીને આ પ્રમાણે અભિગ્રહ સ્વીકાર્યો:-

"હે ભગવાન! રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ, દેવતાભિયોગ, ગુરુનિગ્રહ અને વૃત્તિકાંતાર આ છ પ્રસંગો સિવાય, આજથી અન્યતીર્થિકોને, અન્યતીર્થિક દેવતાઓને અને અન્યતીર્થિકે સ્વીકારેલાંને વંદન અને નમન કરવું મને ખપે નહિ. પહેલાં બોલાવ્યા સિવાય તેઓની સાથે આલાપસંલાપ પણ કરવો મને ન ખપે, તેમજ તેઓને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ દેવું પણ ન ખપે.

"આજથી હું શ્રમણનિર્ગ્રંથોને પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, કંબલ, પ્રતિગ્રહ અને પાદપ્રોંછન, પીઠ, ફલક, શય્યા, સંસ્તારક અને ઓસડવેસડ વગેરે આપતો રહીશ."

પછી કેટલાએક પ્રશ્નો શ્રમણભગવાનને પૂછીને, તેમને બરાબર સમજીને, તે પોતાને ઘેર પાછો ફર્યો. ઘેર આવીને તેણે પોતાની સ્ત્રીને કહ્યું:—

"હે દેવાનુપ્રિયે! શ્રમણભગવાન મહાવીરની પાસે જઈને તેમનું પ્રવચન મેં સાંભળ્યું. તે મને બરાબર ગમ્યું છે અને તેમાં મારી અભિરુચિ થઈ છે. તો તું પણ તેમની પાસે જા અને તેમની પર્યુપાસના કરી

ગૃહિધર્મનો સ્વીકાર કર.”

આનંદનું વચન સાંભળીને શિવનંદા ખુશી થઈ, સંતુષ્ટ થઈ અને વેગથી ભગવાનને ઉતારે પહોંચી. ભગવાનનું પ્રવચન સાંભળી તેણે પણ આનંદની પેઠે ગૃહિધર્મ સ્વીકાર્યો.

“ભગવન્ ! ” એમ કહીને ગૌતમે શ્રમણભગવાન મહાવીરને નમ્રતાથી આ પ્રમાણે કહ્યું, “હે ભગવન્ ! આ આનંદ શ્રમણોપાસક આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઇને પ્રવ્રાજિત થશે ? ”

ભગવાને કહ્યું, “એ વાત નહિ બને. પણ હે ગૌતમ ! આનંદ શ્રમણોપાસક ઘણાં વર્ષો સુધી શ્રમણોપાસકનો ધર્મ પાળીને સૌધર્મકલ્પમાં દીર્ઘજીવી દેવ થશે.”

ત્યારબાદ શ્રમણભગવાન મહાવીર બહાર જનપદવિહારે વિહરવા લાગ્યા અને આનંદ તથા તેની સ્ત્રી શિવનંદા ગૃહિધર્મને પાળતાં રહેવા લાગ્યાં.

એમ કરતાં કરતાં, શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસથી આત્માને બરાબર ભાવિત કરતા આનંદ શ્રમણોપાસકનાં ૧૪ વર્ષ ચાલ્યાં ગયાં. પંદરમા વર્ષને વચગાળે તેને વિચાર થયો કે હું આ મારા ગામની અંદર ઘણા લોકોને પૂછવાનું સ્થાન છું, સલાહકાર છું અને મારા કુટુંબનો પણ આધારરૂપ છું.

આ વિક્ષેપને લીધે હું ભગવાન મહાવીરની પાસે સ્વીકારેલી ધર્મપ્રજ્ઞપ્તિ પ્રમાણે રહી નહિ શકું. તેથી કરીને મારે માટે શ્રેયરૂપ છે કે આ બધો ભાર હું મારા જ્યેષ્ઠ પુત્રને સોંપું અને તેની અનુમતિ લઈને કોલ્લાક સંનિવેશમાં જ્ઞાત ક્ષત્રિયોના મહોલ્લામાં આવેલી પૌષધશાળાને તપાસી, ત્યાં જઈ, ભગવાન મહાવીરની પાસે સ્વીકારેલી ધર્મ-પ્રજ્ઞપ્તિ અનુસાર રહું.

પછી આનંદે સમસ્ત જ્ઞાતિજન, સ્વજનસબંધીઓ અને ગામલોકોને ભેગા કરી તેમની સામે પોતાના જ્યેષ્ઠ પુત્રને પોતાનો બધો ભાર સોંપી દીધો અને કહ્યું કે હવે પછી મારી પેઠે તમારો સલાહકાર આ છે. માટે હવેથી તમે કોઈ બાબતમાં મને પૂછશો મા કે મારી સલાહ માગશો મા. તમારે જે કંઈ કહેવુંકરવું હોય તો તે આ મારા જ્યેષ્ઠ પુત્રને જ કહેજો અને મારે માટે ખાનપાન, ખાદિમ, સ્વાદિમ વગેરે કાંઈ બનાવશો નહિ.

આનંદની આ વાત તેના પુત્રે વિનયથી સ્વીકારી.

હવે આનંદ શ્રમણોપાસક જ્યેષ્ઠ પુત્રને તથા મિત્ર, જ્ઞાતિ, સ્વજનસંબંધી વગેરે અન્ય લોકોને પૂછીને પોતાને ઘેરથી નીકળી વાણિજ્યગ્રામના કોલ્લાક સંનિવેશમાં જ્ઞાતક્ષત્રિયોના મહોલ્લામાં જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો, તથા તેને પૂંજી, પ્રમાર્જી, લઘુશંકા

અને દીર્ઘશંકાનાં સ્થાનો બરાબર તપાસી, દાભને સંથારે બેસી પૌષધોપવાસ કરતો શ્રવણભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ અનુસાર ત્યાં રહેવા લાગ્યો.

આનંદે ઉપાસક પ્રતિમાઓનો[૧૯] સ્વીકાર કર્યો. પહેલી પ્રતિમાને યથાસૂત્ર, યથાકલ્પ, યથામાર્ગ અને યથાતથ્ય સારી રીતે આરાધી. એ જ પ્રમાણે અગિયારે પ્રતિમાઓની તેણે સારી રીતે આરાધના કરી. આવા વિપુલ, ઉદાર, ઉત્કૃષ્ટ તપકર્મથી તે શુષ્ક, કૃશ અને હાડપિંજર જેવો થઈ ગયો. આવી દશામાં તેણે ધાર્યું કે હજુ મારામાં ઉત્થાન, બલ, વીર્ય, પરાક્રમ, શ્રદ્ધા, ધૈર્ય અને સંવેગ છે તથા શ્રમણભગવાન મહાવીર હજુ હયાત છે ત્યાંસુધીમાં હું અપશ્ચિમમારણાન્તિક સંલેખનાનો સ્વીકાર કરું અને એ રીતે મારું છેલ્લું જીવન પરું કરું.

આ રીતે તે ખાનપાનના ત્યાગ સાથે જીવિત અને મરણમાં સમભાવ સાથે રહેવા લાગ્યો. એમ રહેતાં રહેતાં, તેની ચિત્તવૃત્તિ અધિક શુદ્ધ થતાં તેનાં જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય તથા ઉપશમ થયો અને તેને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. હવે તે ત્યાં જ રહ્યો રહ્યો પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણમાં પાંચસો યોજન સુધીના લવણસમુદ્રના ક્ષેત્રને, ઉત્તરમાં ચુલ્લહિમવંત વર્ષધર પર્વત સુધી, ઉપર સૌધર્મકલ્પ સુધી અને નીચે રત્નપ્રભા પૃથ્વીમાંના લોલુયચ્ચુય-

નરક સુધીના પ્રદેશને જુએ છે અને જાણે છે.

એ વખતે ફરતા ફરતા શ્રમણભગવાન મહાવીર ત્યાં આવી પહોંચ્યા અને ત્યાંના દૂઇપલાસય ચૈત્યમાં ઊતર્યા. તેમની સાથે ભગવાનના મોટા શિષ્ય ઈંદ્રભૂતિ બબ્બે ઉપવાસ કરતા અને ઉગ્ર તપ તથા સંયમથી આત્માને ભાવિત કરતા રહેતા હતા.

ઇંદ્રભૂતિ ગૌતમ પહેલી પૌરુષીમાં સ્વાધ્યાય કરતા, બીજીમાં ધ્યાન કરતા, ત્રીજીમાં સ્થિરતાથી મુહપત્તી, ભાજન અને વસ્ત્રોનું પડિલેહણ કરી, ભગવાનની અનુમતિ લઈ, પારણાને વખતે વાણિજ્યગ્રામમાં ઊંચ, નીચ અને મધ્યમ કુળોમાં ભિક્ષાને માટે ફરતા.

એક વાર ભગવાનની અનુમતિ લઈ દૂઇપલાસય ચૈત્યમાંથી નીકળી, ઇંદ્રભૂતિ ગૌતમ,ભિક્ષા માટે વાણિજ્યગ્રામમાં ગયા. અને ત્યાં યુગપ્રમાણ માર્ગ[૨૦] ઉપર દૃષ્ટિને સ્થિર રાખતા, અચપળ ભાવે ભિક્ષા માટે ફરવા લાગ્યા.

પ્રાસુક અને એષણીય ખાનપાન લઈને પાછા વળતાં કોલ્લાક સંનિવેશ પાસેથી જતાં તેમણે એમ સાંભળ્યું કે ભગવાન મહાવીરનો શ્રમણોપાસક આનંદ પૌષધશાળામાં અપશ્ચિમમારણાંતિક સંલેખના કરીને રહ્યો છે.

ગૌતમને તેને મળવાનો વિચાર થયો. એટલે તે આનંદની પૌષધશાળામાં આવ્યા.

ગૌતમને આવતા જોઈને આનંદ વંદન અને નમન કરીને બોલ્યા, "હે ભગવાન ! હું આ ઉગ્ર તપને લીધે આપની પાસે આવીને તમારા ચરણને નમન કરવાને અશક્ત છું. તો હે ભગવાન! જો તમે ઇરાદાપૂર્વક અહીં મારી પાસે આવો તો હું તમને માથાથી ત્રણવાર વંદન અને નમન કરી શકું."

ગૌતમ આનંદની પાસે ગયા અને આનંદે તેમના ચરણમાં માથું મૂક્યું. તેણે પૂછ્યું, "હે ભગવાન! ઘરમાં રહેતા ગૃહસ્થને અવધિજ્ઞાન થાય ખરું ?"

ગૌતમે હા પાડી. આનંદે કહ્યું કે મને પણ અવધિજ્ઞાન થયું છે અને હું અહીં રહ્યો પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણમાં પાંચસો યોજન સુધીના લવણસમુદ્રના ક્ષેત્રને, ઉત્તરમાં ચુલ્લહિમવંત વર્ષધર પર્વત સુધી, ઉપર સૌધર્મ કલ્પ સુધી અને નીચે રત્નપ્રભામાંના લોલુયચ્ચુય નરક સુધીના ક્ષેત્રને જોઈ તથા જાણી શકું છું.

ગૌતમ બોલ્યા:–"ગૃહસ્થને અવધિજ્ઞાન તો થાય છે પણ આટલું મોટું થઈ શકતું નથી. માટે હે આનંદ! તું તારી ભૂલ સ્વીકાર અને આલોચના કર."

શ્રમણોપાસક આનંદે કહ્યું:–"હે ભગવાન! જિન-પ્રવચનમાં જે ભાવો સદ્રૂપ છે, તથ્યરૂપ છે અને સદ્ભૂત છે તે માટે શું પ્રાયશ્ચિત્ત કરવું પડે? જો ન કરવું પડે તો ખરી રીતે તમારે જ પ્રાયશ્ચિત્ત કરવું પડે તેમ

છે માટે તમે જ પ્રાયશ્ચિત્ત કરો.”

આ સાંભળીને ગૌતમ શંકિત થઈને ભગવાન પાસે આવ્યા. આવીને, જતાં આવતાં થયેલી ક્રિયાનું પ્રતિક્રમણ કર્યું, ભિક્ષામાં થયેલા દોષોનું આલોચન કર્યું, આણેલું ખાનપાન ભગવાનને બતાવ્યું અને આનંદ સાથે થયેલી વાતચીત કહી સંભળાવીને પૂછ્યું કે આનંદે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ કે મારે?

ભગવાને કહ્યું, “હે ગૌતમ! તારે જ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ માટે તું ત્યાં જા અને આનંદ શ્રમણોપાસકની માફી માગી આવ.”

ઇંદ્રભૂતિ ગૌતમે તુરત આનંદની પૌષધશાળામાં જઈને પોતાની થયેલી ભૂલની માફી માગી.

હવે શ્રમણભગવાન મહાવીર વાણિજ્યગ્રામથી બહાર વિહરવા લાગ્યા અને શ્રમણોપાસક આનંદ[૨૧] વીશ-વર્ષ સુધી શીલવ્રત વગેરે વ્રતોને પાળતો, અગિયાર પ્રતિમાની આરાધના કરતો અને છેવટે મારણાન્તિક સંલેખનાને[૨૨] સેવતો સમાધિપૂર્વક કાળ કરીને સૌધર્મ-કલ્પમાં અરુણ વિમાનમાં દેવ થયો. ત્યાંથી તે મહાવિદેહવાસ પામી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

૨

કામદેવ

ચંપામાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં કામદેવ ગૃહપતિ અને ભદ્રા ભાર્યા રહેતાં હતાં. કામદેવ પાસે છ હિરણ્યકોટી નિધાનમાં, છ વ્યાજે અને છ ધરવાપરમાં હતી. ઉપરાંત દસ હજાર ગાયનો એક વ્રજ એવા છ વ્રજો હતા.

આનંદની પેઠે કામદેવ ગૃહપતિ પણ ચંપાના પૂર્ણભદ્ર ચૈત્યમાં આવેલા ભગવાન મહાવીરની પાસે શ્રાવકધર્મ સ્વીકારીને, પોતાના મોટા પુત્ર, મિત્ર, જ્ઞાતિ વગેરે સ્વજનોને પૂછીને પૌષધશાળામાં જઈ, સ્વીકારેલી પ્રજ્ઞપ્તિ અનુસાર રહે છે.

ત્યાં પ્રતિમાને ધારણ કરીને રહેતા કામદેવ

શ્રમણોપાસકની પાસે એક વાર એક માયી અને મિથ્યાદષ્ટિ દેવ, કામદેવને તેના ધ્યાનથી ચલિત કરવા માટે પિશાચનું રૂપ લઈ, ઉઘાડી તરવાર સાથે આવ્યો અને બોલ્યો:–

"હે દુરંતપ્રાંતલક્ષણવાળા, અપ્રાર્થિતના પ્રાર્થી, હ્રી, શ્રી, ધૃતિ અને કીર્તિથી રહિત, મોક્ષના તરસ્યા કામદેવ શ્રમણોપાસક! જો તું આ તારાં શીલવ્રત અને ગુણવ્રતને નહિ છોડી દે તો હું આજે હમણાં જ તારા આ તરવારથી ટુકડેટુકડા કરી નાખીશ જેથી તું અકાળે દુ:ખી થઈને મરી જઈશ."

આ સાંભળીને કામદેવ જરા પણ ડર્યો નહિ અને મૌન ધારણ કરીને પોતાના ધ્યાનમાં સ્થિર રહ્યો.

એ પિશાચે બે ત્રણ વાર એમ કહ્યા છતાં કામદેવે કશું જ ગણકાર્યું નહિ ત્યારે છેવટે હોઠ પીસતા તે દેવે ભવાં ચડાવીને ક્રોધના માર્યા તે શ્રમણોપાસકના તરવારથી ટુકડેટુકડા કર્યા.

કામદેવ શ્રમણોપાસકે તે અસિવેદનાને સહી લીધી પણ પોતાના ચિત્તમાં કિંચિન્માત્ર પણ ક્ષોભ થવા દીધો નહિ.

છેવટે થાકીને તે દેવે એક મોટું હાથીનું રૂપ લીધું. મેઘની જેમ ગાજતા તે હાથીએ કામદેવને સૂંઢમાં લીધો, આકાશમાં ઊંચો ફેંક્યો અને પોતાના તીક્ષ્ણ દંતૂશળ-

વતી ઝીલ્યો તથા છેવટે પૃથ્વી ઉપર નાખી પગથી ખૂંદ્યો. છતાં પણ તે પોતાના ધ્યાનથી ડગ્યો નહિ.

થાકીને તેણે એક ભયંકર સર્પનું રૂપ લીધું અને ફૂંફાડા મારતા તેણે તેના શરીર ઉપર વીંટળાઈને ભરડો દીધો તથા પોતાની વિષપૂર્ણ તીક્ષ્ણ દાઢથી તેને દંશ કર્યો. છતાં ય સમભાવે તે વેદનાને પણ સહન કરતો કામદેવ પોતાના ધ્યાનમાં સ્થિર રહ્યો.

આથી પ્રસન્ન થઈને તે દેવે પોતાનું અસલ રૂપ પ્રગટ કર્યું અને કામદેવને કહ્યું, "હે દેવાનુપ્રિય! તું ધન્ય છે, કૃતાર્થ છે, તારો જન્મ અને જીવિત સફળ છે કે તેં આ પ્રકારની દૃઢ અને નિશ્ચલ પ્રતિપત્તિ નિર્ગ્રંથપ્રવચનમાં પ્રાપ્ત કરી છે. એક વાર દેવેંદ્ર દેવરાજ ઇંદ્ર એમ બોલેલો કે ભારતવર્ષની ચંપામાં રહેતા કામદેવ શ્રમણોપાસકને કોઈ દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, મહોરગ કે ગાંધર્વ, નિર્ગ્રંથના પ્રવચનથી ચળાવી શકે તેમ નથી. ઇંદ્રના એ બોલને અફળ કરવાને તને ક્ષોભ પમાડવા હું અહીં આવેલો. પણ તું કેમે કરીને ક્ષોભ ન પામતાં સ્થિર જ રહ્યો. તો હે દેવાનુપ્રિય! હું મારા અપરાધનો વારંવાર માફી માગું છું." પછી એમ કહેતો તે દેવ તેને પગે પડ્યો.

કામદેવ શ્રાવકે ત્યાર બાદ નિર્વિઘ્ન રીતે પ્રતિમાને પૂરી કરી.

તેવામાં ફરતા ફરતા, શ્રમણભગવાન મહાવીર ચંપામાં આવીને પૂર્ણભદ્ર ચૈત્યમાં ઊતર્યા.

તેમના આવ્યાના સમાચાર સાંભળીને કામદેવે તેમને વાંદી, નમીને ત્યાંથી પાછા ફર્યા પછી પૌષધ પરિવાનો વિચાર કર્યો. એટલે તે શુદ્ધ વસ્ત્રો ધારણ કરી, મોટા મનુષ્યસમૂહ સાથે પોતાને ઘેરથી નીકળી પૂર્ણભદ્ર ચૈત્ય તરફ ગયો.

શ્રમણભગવાન મહાવીરે આવેલી સભાને અને કામદેવ શ્રમણોપાસકને ધર્મકથા કહી. પછી "કામદેવ!" એમ કહીને શ્રમણભગવાન મહાવીરે કામદેવ શ્રમણોપાસકને, પિશાચરૂપ કરીને આવેલા દેવની, તેણે આપેલી યાતનાની અને કામદેવે બતાવેલી સ્થિરતાની વાત કહી સંભળાવી.

પછી "આર્યો!" એમ કહીને નિર્ગ્રંથનિર્ગ્રંથીઓને બોલાવીને શ્રમણભગવાન મહાવીરે એમ કહ્યું કે ઘરમાં વસતા આ શ્રમણોપાસકો પોતાના વ્રતના પાલનને માટે દિવ્ય, માનુષિક અને પશુએ કરેલા ઉપસર્ગોને સારી રીતે સમભાવે સહન કરે છે, તેમનાથી ચલાયમાન થતા નથી અને પોતાના વ્રતમાં તત્પર રહે છે, તો હે આર્યો! તમારે શ્રમણનિર્ગ્રંથોએ, અને નિર્ગ્રંથીઓએ તો આ દ્વાદશાંગ ગણિપિટકમાં વર્ણવેલા આચારોને બરાબર સુરક્ષિત રાખવા માટે બરાબર

તૈયાર રહેવું જોઈએ, તેમાંથી જરાપણ ચલિત ન થવું જોઈએ અને માર્ગમાં જે જે યાતનાઓ આવે તે સહન કરવી જોઈએ.

શ્રમણભગવાન મહાવીરની આ હકીકતને તે શ્રમણશ્રમણીઓએ વિનયપૂર્વક સ્વીકારી અને તે પ્રમાણે વર્તવાનું શરૂ કર્યું. પછી કામદેવ શ્રમણોપાસક ભગવાનને કેટલાક પ્રશ્નો પૂછીને, તેમના જવાબ બરાબર સમજીને પોતાને આવાસે ગયો.

ભગવાન મહાવીર પણ ચંપાથી નીકળીને જનપદ વિહારે વિહરવા લાગ્યા.

કામદેવ શ્રમણોપાસક પહેલી ઉપાસક પ્રતિમાને સ્વીકારીને રહેવા લાગ્યો. તેણે વીશ વર્ષ સુધી શ્રમણોપાસકની મર્યાદા બરાબર સાચવી.

તે પ્રમાણે ઉપાસકની અગિયારે પ્રતિમાઓને સારી રીતે પારીને છેવટે સાઠ દિવસ સુધી મારણાંતિક સંલેખના લઈને, આલોચન અને પ્રતિક્રમણ કરીને સમાધિ પામેલો તે કાળધર્મ પામ્યો તથા સૌધર્મકલ્પના અરુણાભ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને, મહાવિદેહવાસ પામી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

૩

ગૃહપતિ ચૂલણીપિતા

વારાણસી નગરીમાં જિતશત્રુ રાજાનું રાજ્ય હતું. ત્યાં ચૂલણીપિતા નામનો એક મોટો ગૃહપતિ શ્યામા ભાર્યા સાથે રહેતો હતો. તેની પાસે આઠ હિરણ્યકોટી નિધાનમાં, આઠ વ્યાજે અને આઠ ઘરવાપરમાં હતી. ઉપરાંત દસ હજાર ગાયનો એક વ્રજ એવા આઠ વ્રજો હતા.

આનંદની પેઠે તે પણ વારાણસીમાં કોષ્ઠક ચૈત્યમાં ઊતરેલા શ્રમણભગવાન મહાવીર પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને પૌષધશાળામાં રહેવા લાગ્યો.

એક વાર એક માયી અને મિથ્યાદૃષ્ટિ દેવ ચૂલણીપિતાને તેના ધ્યાનથી ચલિત કરવા માટે પિશાચનું

રૂપ લઈ, ઉઘાડી તરવાર સાથે આવ્યો અને બોલ્યોઃ-

"હે દુરંતપ્રાંતલક્ષણવાળા ! અપ્રાર્થિતના પ્રાર્થી ! હ્રી, શ્રી, ધૃતિ, અને કીર્તિથી રહિત ! મોક્ષના પિપાસુ ચૂલણીપિતા શ્રમણોપાસક ! જો તું આ તારાં શીલવ્રત અને ગુણવ્રતને નહિ છોડી દે તો હું આજે હમણાં જ તારા મોટા દીકરાને તારી પાસે લાવીને, તેનો વધ કરી, તેના માંસના સોળા કરી આંધણથી ભરેલા કડાહમાં તારી સામે જ ઉકાળું છું અને તેના લોહી તથા માંસને તારા શરીર ઉપર છાંટું છું."

તે દેવે એ પ્રમાણે બે ત્રણ વાર કહ્યા છતાં ચૂલણીપિતા નિર્ભયતા સાથે પોતાના ધ્યાનમાં તત્પર રહ્યો. એટલે ક્રોધથી ભવાં ચડાવીને તે દેવે તેની સામે તેના મોટા દીકરાના ટુકડા કરી તેના માંસને ઉકાળવા કડાહમાં નાખ્યું અને તેનું લોહી વગેરે તેના શરીર ઉપર છાંટયું.

ચૂલણીપિતાએ આ તીવ્રવેદના ખૂબ શાંતિથી સહન કરી.

તેને ન ડગેલો જાણીને તે દેવે તેના વચલા તેમજ સૌથી નાના પુત્રને પણ તેની સામે મારીને કડાહમાં ઉકાળ્યો, છતાં તે ડગ્યો નહિ.

છેવટે તેને ડગાવવા તે દેવે ચૂલણીપિતાની ભદ્રા માતાના કટકા કરી તેને ઉકાળવાની ધમકી આપી.

આમ એ ત્રણુ વાર તે દેવે કહ્યા પછી ચૂલણીપિતાને વિચાર આવ્યો કે અહો ! આ કોઈ અનાર્ય, અનાર્ય બુદ્ધિવાળો પુરુષ આવાં અનાર્ય પાપકર્મો મારી સામે કરે છે. તેણે મારા પુત્રોને તો મારી નાખ્યા, હવે તે મારે માટે આકરાં દુઃખ સહન કરનારી મારી દેવગુરુ સમાન જનનીને મારી સામે મારીને ઉકાળવા તૈયાર થયો છે. માટે મારે આ માણુસને પકડી લેવો જોઈએ.

આવો વિચાર કરીને તે ઊઠયો. તેને ઊઠેલો જોઈને તે દેવ એકદમ આકાશમાં ઊડી ગયો અને ચૂલણીપિતાના હાથમાં માત્ર થાંભલો આવ્યો. એટલે તેણે મોટો કોલાહલ કરી મૂકયો.

તેનો કોલાહલ સાંભળીને તેની માતા જાગીને તેની પાસે આવી અને કહેવા લાગી:—"હે પુત્ર! તું આ કોલાહલ શા માટે કરે છે?"

ચૂલણીપિતાએ પોતે જોયેલી વાત તેને કહી સંભળાવી. માતાએ કહ્યું:-"હે પુત્ર! અહીં કોઈ માણુસ આવ્યો નથી, કોઈએ તારા એકે પુત્રને માર્યો નથી અને તને નડવા માટે પણુ કોઈ અહીં આવ્યું નથી. તેં કોઈ બિહામણું દશ્ય જોયું હોય એમ લાગે છે અને તેને કારણે તું તારાં વ્રતનિયમપૌષધથી ચલિત થયો છે. માટે તું તેમની આલોચના કર અને

ફરી વાર તેમને સ્વીકારીને જેમ રહેતો હતો તેમ રહે."

માતાની વાત ચૂલણીપિતાએ વિનયથી સ્વીકારી અને પોતે તોડેલા નિયમનું પ્રાયશ્ચિત્ત કરી, તેનો ફરી સ્વીકાર કરી પહેલાંની જેમ રહેવા લાગ્યો. તેણે આનંદની પેઠે શ્રમણોપાસકની અગિયારે પ્રતિમાઓને સારી રીતે પારી તથા છેવટે કામદેવ શ્રમણોપાસકની પેઠે મારણાંતિક સંલેખનાનો સ્વીકાર કરીને સમાધિમાં રહેતો તે કાળધર્મ પામીને સૌધર્મકલ્પના અરુણપ્રભ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને, મહાવિદેહવાસ પામી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

૪

સુરાદેવ

વારાણસીમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં સુરાદેવ નામનો ગૃહપતિ ધન્યા ભાર્યા સાથે રહેતો હતો. તેની પાસે છ હિરણ્યકોટી નિધાનમાં, છ વ્યાજે અને છ ઘરવાપરમાં હતી. ઉપરાંત દસ હજાર ગાયનો એક વ્રજ એવા છ વ્રજો હતા.

તે પણ વારાણસીમાં આવેલા અને કોષ્ઠક ચૈત્યમાં ઊતરેલા શ્રમણભગવાન મહાવીર પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને બ્રહ્મચર્ય સાથે પોતાની પૌષધશાળામાં રહેવા લાગ્યો.

એક દેવે તેને તેના વ્રતથી ચળાવવા માટે તેની પાસે આવીને તેના ત્રણે પુત્રોને ચૂલણીપિતાના પુત્રોની

જેમ મારી નાખ્યા છતાં તે ડગ્યો નહિ. છેવટે તેણે એક સાથે સોળ રોગો તેના શરીરમાં મૂકવાની ધમકી આપી. તેથી તે પણ ચૂલણીપિતાની જેમ તેને પકડવાનો વિચાર કરીને ઊભો થયો. તે જેવો તેને પકડવા ગયો કે તરત પેલો દેવ આકાશમાં ઊડી ગયો અને સુરાદેવના હાથમાં માત્ર થાંભલો આવ્યો. એટલે તેણે મોટો કોલાહલ કરી મૂકયો.

તેનો કોલાહલ સાંભળીને તેની ધન્યા ભાર્યા જાગીને તેની પાસે આવી તથા આમ કોલાહલ કરવાનું કારણ તેને પૂછવા લાગી.

સુરાદેવે તેને પોતે જોયેલી વાત કહી સંભળાવી. તે સાંભળી ધન્યા ભાર્યાએ તેને કહ્યું કે "અહીં કોઈ માણસ આવ્યો નથી, કોઈએ તમારા એકે પુત્રને માર્યો નથી. તમે કોઈ બિહામણું દૃશ્ય જોયું હોય એમ લાગે છે. તથા તેને કારણે તમે વ્રતનિયમપૌષધથી ચલિત થયા છો. માટે તમે તેમની આલોચના કરી ફરી વાર તેમને સ્વીકારીને જેમ રહેતા હતા તેમ રહો."

સુરાદેવે ધન્યા ભાર્યાની વાત વિનયથી સ્વીકારી અને ચૂલણીપિતાની પેઠે પ્રાયશ્ચિત્ત કરી, વ્રતનિયમ-પૌષધનો ફરી વાર સ્વીકાર કરીને તે પહેલાંની જેમ રહેવા લાગ્યો.

આનંદની પેઠે તેણે પણ શ્રમણોપાસકની અગિયારે

પ્રતિમાઓને સારી રીતે પારી અને છેવટે કામદેવ શ્રમણોપાસકની પેઠે મારણાંતિક સંલેખના સ્વીકારીને સમાધિમાં રહેતો તે કાળધર્મ પામીને સૌધર્મ-કલ્પના અરુણકાન્ત વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહવાસ પામી, તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

૫

ચુલ્લશતક

આલભિકા[1] નગરીમાં જિતશત્રુ રાજા હતો. ત્યાં ચુલ્લશતક નામે ગૃહપતિ બહુલા ભાર્યા સાથે રહેતો હતો. તેની પાસે છ હિરણ્યકોટી નિધાનમાં, છ વ્યાજે અને છ ઘરવાપરમાં હતી. ઉપરાંત દસ હજાર ગાયોનો એક વ્રજ એવા છ વ્રજો હતા.

તે પણ શંખવન ઉદ્યાનમાં આવીને ઊતરેલા ભગવાન મહાવીર પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને બ્રહ્મ-ચર્ય સાથે પોતાની પૌષધશાળામાં રહેવા લાગ્યો.

ત્યાં એક રાત્રે દેવે તેને તેના વ્રતથી ચળાવવા, તેની પાસે આવીને તેના ત્રણે પુત્રોને ચૂલણીપિતા ગૃહ-પતિના પુત્રોની જેમ મારી નાખ્યા છતાં તે ડગ્યો નહિ. છેવટે તેણે તેના બધા પૈસા ઘરમાંથી કાઢીને બધાંને

વહેંચી દેવાની ધમકી આપી. તેથી તે પણ ચૂલણીપિતાની જેમ તેને પકડવાનો વિચાર કરીને ઊભો થયો ને જેવો તેને પકડવા ગયો કે તરત પેલો દેવ આકાશમાં ઊડી ગયો. તેના હાથમાં માત્ર થાંભલો આવ્યો. આથી તેણે મોટો કોલાહલ કરી મૂક્યો.

તેનો કોલાહલ સાંભળી તેની બહુલા ભાર્યા જાગીને તેની પાસે આવી અને આમ કોલાહલ કરવાનું કારણ તેને પૂછવા લાગી.

ચુલ્લશતકે તેને પોતે જોયેલી બધી વાત કહી સંભળાવી. તે સાંભળી બહુલાએ પણ તેને ધન્યા ભાર્યાની પેઠે વ્રતનિયમપૌષધથી ચલિત થવા બદલ આલોચના કરી તેમનો ફરી સ્વીકાર કરવાની સલાહ આપી.

ચુલ્લશતકે બહુલા ભાર્યાની વાત વિનયથી સ્વીકારી અને ચૂલણીપિતાની પેઠે પ્રાયશ્ચિત્ત કરી વ્રતનિયમપૌષધનો ફરી વાર સ્વીકાર કરીને તે પહેલાંની જેમ રહેવા લાગ્યો.

આનંદની પેઠે તેણે પણ શ્રમણોપાસકની અગિયારે પ્રતિમાઓને સારી રીતે પાળી અને છેવટે કામદેવ શ્રમણોપાસકની પેઠે મારણાંતિક સંલેખના સ્વીકારીને સમાધિમાં રહેતાં તે કાળધર્મ પામીને સૌધર્મકલ્પના અરુણસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહવાસ પામી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

૬

ગૃહપતિ કુંડકોલિક

કંપિલપુર નગરમાં જિતશત્રુ રાજા હતો. ત્યાં ગૃહપતિ કુંડકોલિક પુષા ભાર્યા સાથે રહેતો હતો. તેની પાસે છ હિરણ્યકોટી નિધાનમાં, છ વ્યાજે અને છ ઘરવાપરમાં હતી. ઉપરાંત દસ હજાર ગાયોનો એક વ્રજ એવા છ વ્રજો હતા.

એક વાર ફરતા ફરતા ભગવાન મહાવીર ત્યાં આવ્યા અને ત્યાંના સહસ્રામ્રવણ ઉદ્યાનમાં ઊતર્યા. કુંડકોલિક ભગવાન મહાવીર પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને પોતાની નામમુદ્રા અને ઉત્તરીયને પોતાની અશોકવનિકાની શિલા પર મૂકીને રહેવા લાગ્યો.

એ વખતે એક દેવે આવીને તેનાં તે નામમુદ્રા અને ઉત્તરીય ઊંચકી લીધાં અને આકાશમાં રહીને બોલવા લાગ્યો:–"હે કુંડકોલિક શ્રમણોપાસક! મંખલિપુત્ર ગોશાલની[1] ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર છે, તેમાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય કે પુરુષકારપરાક્રમ નથી, તેમજ બધા ભાવો નિયત છે. શ્રમણભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર નથી કારણકે તેમાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકારપરાક્રમ છે, તેમજ બધા ભાવો અનિયત છે."

કુંડકોલિકે તેને જવાબ આપ્યો કે "ઉત્થાનાદિ વિનાની અને સર્વભાવની નિયતતાને દર્શાવનારી મંખલિપુત્ર ગોશાલની ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર હોય અને શ્રમણભગવાન મહાવીરની ઉત્થાનાદિયુક્ત તથા સર્વભાવની અનિયતતા દર્શાવનાર ધર્મપ્રજ્ઞપ્તિ અસુંદર હોય તો હે દેવ! તેં આ પ્રકારની દિવ્ય દેવશ્રી, દેવદ્યુતિ અને દિવ્ય દેવપ્રભાવ કેવી રીતે પ્રાપ્ત કર્યાં? ઉત્થાનાદિથી મેળવ્યાં કે અનુત્થાનાદિથી?"

દેવે જવાબ આપ્યો કે "હે દેવાનુપ્રિય! મેં આ દિવ્ય દેવશ્રી વગેરે અનુત્થાનાદિથી મેળવ્યાં છે."

કુંડકોલિકે કહ્યું કે "જો આવી દિવ્ય દેવશ્રી અનુત્થાનાદિથી જ મળતી હોય તો જે જીવો ઉત્થાન, બલ, વીર્ય અને પુરુષકારપ્રયત્ન વિનાના છે તેઓ

કેમ તારા જેવી દિવ્ય દેવશ્રી મેળવી શકતા નથી? તેથી તું જે કહે છે કે મંખલિપુત્ર ગોશાલની ધર્મ-પ્રજ્ઞપ્તિ સુંદર છે અને શ્રમણભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ અસુંદર છે એ વાત મિથ્યા છે."

દેવ કુંડકોલિક શ્રમણોપાસકને ભગવાન મહાવીરના પ્રવચનથી ચલિત કરી શક્યો નહિ. કિંતુ તે પોતે જ શંકિત થઈ ગયો અને તેનું ચિત્ત ડહોળાઈ ગયું તેથી કાંઈ પણ ઉત્તર આપ્યા વિના પોતે ઉપાડી લીધેલાં નામમુદ્રા અને ઉત્તરીયને નીચે મૂકીને ચાલ્યો ગયો.

હવે એકવાર શ્રમણભગવાન મહાવીર ફરતા ફરતા ત્યાં આવ્યા. તેમની પાસે બીજા લોકો સાથે ધર્મકથા સાંભળવા આવેલા કુંડકોલિકને તેમણે "હે કુંડકોલિક!" એમ કહીને બોલાવીને પેલા દેવની સાથે તેને થયેલી ચર્ચાની વાત કહી સંભળાવી તથા સભા સમક્ષ તેનાં વખાણ કર્યાં.

પછી "આર્યો!" એમ કહીને શ્રમણનિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓને બોલાવીને કહ્યું કે "જ્યારે આવા ઘરમાં રહેનાર ગૃહસ્થો અર્થ, હેતુ અને પ્રશ્નોદ્વારા અન્યતીર્થિકોને નિરુત્તર કરી શકે છે તો હે આર્યો! દ્વાદશાંગ ગણિપિટકને ભણનારા તમે શ્રમણનિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓ તો અન્યતીર્થિકોને અર્થ, હેતુ અને પ્રશ્નોદ્વારા જરૂર નિરુત્તર કરી શકો જ." ભગવાનની

આ વાત તે શ્રમણનિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓએ વિનયથી સ્વીકારી.

ત્યારબાદ કુંડકોલિક ભગવાનને કેટલાક પ્રશ્નો પૂછીને તથા તેમના જવાબો બરાબર સમજીને પોતાને ઘેર ચાલ્યો ગયો.

ભગવાન મહાવીર પણ ત્યાંથી નીકળીને બહાર જનપદવિહારે વિહરવા લાગ્યા.

પોતે લીધેલાં શીલવ્રત અને ગુણવ્રતોને પાળતાં પાળતાં કુંડકોલિક શ્રમણોપાસકનાં ૧૪ વર્ષો વીતી ગયાં. પંદરમા વર્ષના વચગાળામાં તે, કામદેવ શ્રમણોપાસકની પેઠે પોતાના મોટા પુત્રને પોતાનો બધો કારભાર સોંપીને તેની અનુમતિથી ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારી પૌષધશાળામાં રહેવા લાગ્યો. તેણે ત્યાં શ્રમણોપાસકની અગિયારે પ્રતિમાઓને સારી રીતે પાળી. છેવટે મારણાંતિક સંલેખનાને સ્વીકારી સમાધિમાં રહેતો તે કાળધર્મ પામી સૌધર્મકલ્પમાં અરુણધ્વજ વિમાનમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહવાસ પામી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

૭

સદ્દાલપુત્ત

પોલાસપુરમાં જિતશત્રુ રાજા હતો. ત્યાં સદ્દાલપુત્ર નામે આજીવિકોનો ઉપાસક એક કુંભાર અગ્નિમિત્રા ભાર્યા સાથે રહેતો હતો. તે આજીવિકસિદ્ધાંતમાં વિનિશ્ચિતાર્થ અને જ્ઞાતાર્થ હતો તથા એમ માનતો કે આજીવિકનો સિદ્ધાંત એ જ પરમાર્થ છે અને બીજા બધા અનર્થ છે. એ રીતે આજીવિકસિદ્ધાંત વડે આત્માને ભાવિત કરતો તે ત્યાં રહેતો હતો.

તેની પાસે એક હિરણ્યકોટી નિધાનમાં, એક વ્યાજે અને એક ઘરવાપરમાં હતી. ઉપરાંત દશ હજાર ગાયોનો એક વ્રજ હતો.

પોલાસપુરની બહાર તેનાં પાંચસો હાટો હતાં.

તેમાં તેણે અનેક માણસોને પગાર આપીને કામ માટે રોકેલાં હતાં. તેઓ ત્યાં અસંખ્ય કર્કો, વારકો, પીહડો, ઘટો, અર્ધઘટો, કળશો, અલિંજરો, જંબુલો અને ઉષ્ટ્રિઆઓ બનાવે છે તથા બીજા પગારદારો તેમને રાજમાર્ગોમાં વેચે છે.

આજીવિકોપાસક સદ્દાલપુત્ર પોતાની અશોકવનિકામાં જઈ મંખલિપુત્ર ગોશાલ પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને રહેવા લાગ્યો. ત્યાં તેની પાસે એક દેવ આવીને આકાશમાં રહીને કહેવા લાગ્યો કે "હે દેવાનુપ્રિય! કાલે અહીં મહામાહણ, ઉત્પન્નજ્ઞાનદર્શનધર, અતીત, વર્તમાન અને ભવિષ્યના જાણકાર, અરિહંત, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રૈલોક્યપૂજિત, દેવ, મનુષ્ય અને અસુરોને અર્ચનીય, વંદનીય તથા તથ્ય કર્મોથી યુક્ત એવા એક પુરુષ આવનાર છે. તો તું તેમનું વંદન કરજે અને એષણીય તથા પ્રાસુક અશન, પાન, ખાદિમ, સ્વાદિમ અને પીઠ, ફલક, શય્યા તથા સંથારાદ્વારા તેમને નિમંત્રણ કરજે."

આ પ્રમાણે બે ત્રણ વાર કહીને તે દેવ પોતાને સ્થાને ચાલ્યો ગયો. આજીવિકોપાસક સદ્દાલપુત્રને આ સાંભળીને એવો વિચાર થયો કે આવતી કાલે મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક મંખલિપુત્ર ગોશાલ જે મહામાહણ, જિન, કેવલી અને સર્વજ્ઞ છે તે આવનાર

છે તો હું તેમને વાંદીશ અને નિમંત્રણ કરીશ.

પ્રાતઃકાળ થતાં જ ત્યાં સહસ્રામ્ર ઉદ્યાનમાં શ્રમણભગવાન મહાવીર આવીને ઊતર્યા. પોલાસપુરના લોકો તેમનું ધર્મપ્રવચન સાંભળવા ગયા. સદ્દાલપુત્ર પણ તેમના આવ્યાની વાત જાણી નાહી, ધોઈ, શુદ્ધ વસ્ત્રો અને યોગ્ય અલંકારો પહેરીને મનુષ્યસંઘ સાથે તેમનાં દર્શને ગયો.

ત્યાં તેણે ત્રણ પ્રદક્ષિણા કરીને તેમને વંદન અને નમન કર્યું. તે આજીવિકોપાસકને ભગવાને ધર્મકથા કહી અને એક દેવે તેને, આગલે જ દિવસે મહામાહણ, જિન, કેવલી આવવાના છે એવી જે વાત કહી હતી તે પણ કહી સંભળાવી તથા વધારામાં એમ પણ જણાવ્યું કે દેવનું એ કથન મંખલિપુત્ર ગોશાલને ઉદ્દેશીને નહોતું.

ભગવાન મહાવીરે આમ કહ્યા પછી સદ્દાલપુત્રને થયું કે આ શ્રમણભગવાન મહાવીર મહામાહણ છે, જિન, કેવલી તથા તથ્ય કર્મોથી યુક્ત છે. તો આમને વંદન અને નિમંત્રણ કરવામાં જ મારું શ્રેય છે.

એમ વિચારીને તેણે ભગવાનને વાંદીને કહ્યું કે "હે ભગવાન! પોલાસપુરની બહાર મારી ૫૦૦ દુકાનો છે. આપને જો કાંઈ પીઠ, ફલક વગેરે જોઈતાં હોય તે ત્યાંથી લઈને સુખે સુખે વિહરી શકો છો."

ભગવાન મહાવીર તેની આ વાત સ્વીકારીને જોઈતાં પીઠ, ફલક તેની દુકાનોમાંથી આણી ત્યાં સુખે સુખે રહેવા લાગ્યા.

એક વાર આજીવિકોપાસક સદ્દાલપુત્ર પવનથી સુકાયેલાં કાચાં વાસણોને ઘરમાંથી બહાર કાઢીને તડકામાં સૂકવતો હતો તે વખતે ત્યાં આવી ચડેલા શ્રમણભગવાન મહાવીરે તેને કહ્યું:—

"હે સદ્દાલપુત્ર! આ ભાજન કેવી રીતે બન્યું છે?"

સદ્દાલપુત્રે જવાબ આપ્યો:–"હે ભગવાન! પહેલાં એ માટીરૂપે હતું. તે માટીને પાણીથી પલાળવામાં આવી તથા તેમાં રાખ અને છાણાંનો ગાર મેળવવામાં આવ્યાં હતાં. પછી તેને ચાક ઉપર ચડાવવામાં આવી ત્યારે આ વાસણ બન્યું છે."

તે સાંભળીને ભગવાન મહાવીરે કહ્યું:–"હે સદ્દાલપુત્ર! આ વાસણો બને છે તે ઉત્થાન, બલ, વીર્યથી બને છે કે એ વિના બને છે?"

સદ્દાલપુત્રે જવાબ આપ્યો:–"ભગવન્! ઉત્થાન, બલ, વીર્ય સિવાય બને છે. કારણ કે બધા ભાવો નિયત છે."

ભગવાને ફરી સદ્દાલપુત્રને કહ્યું કે "કોઈ માણસ આ કાચામાંથી પાકા થયેલા વાસણને ઉપાડી જાય, ફેંકી દે કે ફોડી નાખે અથવા કોઈ તારી આ અગ્નિ-

મિત્રા સ્ત્રી સાથે ભોગો ભોગવે તો તું તેને શિક્ષા કરે કે નહિ ?"

સદ્દાલપુત્ર બોલ્યોઃ-"ભગવન્! જરૂર તે પુરુષને હું પકડું, બાંધું અને જીવથી મારું."

ભગવાન બોલ્યાઃ-"સદ્દાલપુત્ર! જો ઉત્થાન, બલ, વીર્ય, પરાક્રમ નથી અને બધા ભાવો નિયત જ છે તો કોઈ વાસણને ચોરતું નથી, ફોડતું નથી કે તારી સ્ત્રી સાથે ભોગ ભોગવતું નથી તો પછી તું શા માટે તે માણસને મારે કે બાંધે ? કારણકે તારા હિસાબે તો બધું નિયત જ છે. માટે ઉત્થાન વગેરે નથી એમ તારું કહેવું ખોટું છે."

ભગવાનની યુક્તિ સાંભળીને સદ્દાલપુત્ર સંબુદ્ધ થયો અને તેણે તેમની પાસે તેમનો ધર્મ સાંભળવાની ઇચ્છા કરી.

ભગવાન મહાવીરે તે આજીવિકોપાસકને પોતાનો સિદ્ધાંત સમજાવ્યો તથા તેણે તેનો સ્વીકાર કર્યો. પછી તેણે આનંદની પેઠે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતવાળો ગૃહિધર્મ સ્વીકાર્યો તથા ધનસંપત્તિ અને ભોગતૃષ્ણાની મર્યાદા બાંધી લીધી.

ઘેર આવીને તેણે પોતાની સ્ત્રીને કહ્યું કે "તું અહીં આવેલા ભગવાન મહાવીર પાસે જા અને તેમનો વિનય કરી તેમની પાસે ગૃહિધર્મને સ્વીકાર."

તેની એ વાત સ્વીકારીને અગ્નિમિત્રા ધાર્મિક-યાનમાં બેસી ભગવાન મહાવીર પાસે ગઈ. ભગવાને તેને ધર્મ કહી સંભળાવ્યો. તેણે તેમાં પોતાની રુચિ અને શ્રદ્ધા બતાવી તથા કહ્યું કે "ભગવન્ ! તમે કહો છો તે જ ખરું છે. હે ભગવન્ ! તમારી પાસે જેમ અન્ય લોકો પ્રવ્રજિત થઈને રહે છે તેમ હું કરી શકું તેમ નથી. પણ તમારા કહેલા પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતવાળા ગૃહિધર્મને હું સ્વીકારવા ઇચ્છું છું."

ભગવાને તેને પ્રતિબંધ વિના જેમ સુખ થાય તેમ વર્તવાનું કહ્યું. અગ્નિમિત્રા બાર પ્રકારનો શ્રાવક-ધર્મ સ્વીકારીને, ભગવાનને વાંદીને તથા નમીને પોતાને ઘેર પાછી ફરી. ભગવાન મહાવીર પણ પોલાસપુરના ઉદ્યાનથી નીકળી જનપદવિહારે વિહરવા લાગ્યા.

આજીવિકોપાસક સદ્દાલપુત્ર શ્રમણોપાસક થઈને જીવાજીવનું જ્ઞાન પ્રાપ્ત કરી ગૃહિધર્મને પાળતો સુખે સુખે રહેવા લાગ્યો.

મંખલિપુત્ર ગોશાલને ખબર પડી કે આજીવિક-સમયને છોડીને સદ્દાલપુત્રે શ્રમણનિર્ગ્રંથની દૃષ્ટિને સ્વીકારી છે. તેથી તેણે વિચાર કર્યો કે હું ત્યાં જઈ તેણે સ્વીકારેલી શ્રમણોની દૃષ્ટિ છોડાવીને ફરી આજી-વિકની દૃષ્ટિ તેની પાસે લેવરાવું.

પોતાના પરિવાર સાથે મંખલિપુત્ર ગોશાલ

પોલાસપુરની આજીવિકસભામાં આવ્યો. ત્યાં પોતાનાં ઉપકરણો મૂકીને કેટલાક આજીવિકો સાથે તે સદ્દાલપુત્ર શ્રમણોપાસક પાસે ગયો.

સદ્દાલપુત્ર તેનો આદર ન કરતાં મૌન રહ્યો. સદ્દાલપુત્રથી નહિ સત્કારાયેલો મંખલિપુત્ર ગોશાલ પીઠ, ફલક, શય્યા અને સંથારા મેળવવા માટે શ્રમણ-ભગવાન મહાવીરનાં ગુણકીર્તન કરતો સદ્દાલપુત્ર પ્રત્યે આ પ્રમાણે બોલ્યો:–

"હે દેવાનુપ્રિય ! અહીં મહામાહણ આવ્યા છે." સદ્દાલપુત્રે મંખલિપુત્ર ગોશાલને પૂછ્યું:– "હે દેવાનુપ્રિય ! અહીં મહામાહણ કોણ છે ?"

"શ્રમણભગવાન મહાવીર મહામાહણ છે." એમ ગોશાલે કહ્યું. "એ મહામાહણ શા માટે છે ?" એમ સદ્દાલપુત્રે પૂછ્યું. "શ્રમણભગવાન મહાવીર અર્હંત છે, જિન છે, કેવળી છે અને તથ્યકર્મથી યુક્ત છે. માટે હે દેવાનુપ્રિય ! તે મહામાહણ છે." ત્યારબાદ ગોશાલે ફરીથી કહ્યું "અહીં મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મકથી, અને મહાનિયામક પધારેલા છે"

સદ્દાલપુત્રે પૂછ્યું "એ કોણ છે"? "એ શ્રમણભગવાન મહાવીર છે." એમ ગોશાલે કહ્યું.

"તેઓ મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મકથી અને મહાનિર્યામક કેમ છે ?" એમ સદ્દાલપુત્રે પૂછ્યું.

જવાબમાં ગોશાલે જણાવ્યું કે:–"હે દેવાનુપ્રિય! આ સંસાર અટવીમાં નાશ પામતા, વિનાશ પામતા, ખવાઈ જતા, છેદાઈ જતા, ભેદાઈ જતા જીવોનું ધર્મરૂપ દંડથી સંરક્ષણ કરીને નિર્વાણના મહામાર્ગમાં પહોંચાડનાર છે માટે તે મહાગોપ છે.

"આ સંસાર અટવીમાં નાશ પામતા, વિનાશ પામતા, ખવાઈ જતા, છેદાઈ જતા, ભેદાઈ જતા જીવોનું ધર્મરૂપ પંથથી રક્ષણ કરીને નિર્વાણરૂપ મહાનગરમાં પહોંચાડનાર છે માટે તે મહાસાર્થવાહ છે.

"આ અગાધ સંસારમાં નાશ પામતા, વિનાશ પામતા, ઉન્માર્ગે ચડેલા, સન્માર્ગથી ભ્રષ્ટ થયેલા અને અસત્યથી પરાજિત થયેલા જીવોને ઘણી સમજૂતી અને બોધ આપીને સંસારકાંતારથી પાર ઉતારનારા છે માટે તે મહાધર્મકથી છે.

"સંસારરૂપ મહાસમુદ્રમાં નાશ પામતા, વિનાશ પામતા, ડૂબતા અને ગળકાં ખાતા જીવોને ધર્મરૂપ નાવદ્વારા પાર ઉતારીને નિર્વાણને કાંઠે પહોંચાડનારા છે માટે તે મહાનિર્યામક છે."

ગોશાલ પાસે આ વાત સાંભળીને સદ્દાલપુત્રે કહ્યું કે:–"હે દેવાનુપ્રિય! તમે આ પ્રકારના ચતુર છો, દક્ષ છો, વક્તા છો, સૂક્ષ્મદર્શી છો, નયવાદી છો અને વિજ્ઞાની છો તો તમે મારા ધર્મોપદેશક ધર્માચાર્ય

મહાવીર સાથે વિવાદ કરી શકશો ?"

ગોશાલે તેમ કરવા ના પાડી. તેનું કારણ પૂછતાં તેણે જણાવ્યું કે "હે સદ્દાલપુત્ર ! જેમ કોઈ એક ચતુર પુરુષ જ્યારે એક મોટા બકરાને, ઘેટાને, કૂકડાને, તેતરને, કબૂતરને, કાગડાને કે બાજને હાથ, પગ, ખરી, પૂછડી, પીંછાં, શીંગડાં કે રુવાંડાંમાંથી જે કોઈ અંગને પકડે છે ત્યારે તે જરાપણ હાલી ચાલી શકતું નથી. તે જ પ્રમાણે શ્રમણભગવાન મહાવીર મને અર્થો, હેતુઓ અને વ્યાકરણોદ્વારા જ્યાં જ્યાં પકડે ત્યાં હું નિરુત્તર થઈ જાઉં. તેથી હું તારા ધર્માચાર્ય સાથે વિવાદ કરી શકતો નથી."

પછી સદ્દાલપુત્રે કહ્યું:- "હે દેવાનુપ્રિય ! તમે આવા સારા તથ્યભાવથી શ્રમણભગવાન મહાવીરનું ગુણકીર્તન કરો છો માટે તમને હું પીઠફલક લેવા માટે નિમંત્રણ આપું છું. પણ તેમાં હું ધર્મ કે તપ સમજતો નથી. માટે તમે જાઓ અને મારી દુકાનો-માંથી જે કાંઈ જોઈએ તે લઈને સુખેસુખે રહો."

એ પ્રમાણે ત્યાં રહેતો મંખલિપુત્ર ગોશાલ ઘણી યુક્તિપ્રયુક્તિઓથી સદ્દાલપુત્રને નિર્ગ્રંથના પ્રવચનથી ચલિત કરી શક્યો નહિ. છેવટે થાકીને તે પોલાસપુરથી નીકળીને બહાર જનપદવિહારે વિહરવા લાગ્યો.

હવે શ્રમણોપાસક સદ્દાલપુત્રને પોતે સ્વીકારેલાં

શીલવ્રત અને ગુણવ્રતને પાળતાં ૧૪ વર્ષ વીતી ગયાં. પંદરમા વર્ષની અધવચ તે શ્રમણભગવાન મહાવીરની પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને પોતાની પૌષધશાળામાં રહેવા લાગ્યો.

ત્યાં એક દેવ ઉઘાડી તલવાર સાથે તેની પાસે આવીને તેને કહેવા લાગ્યો કે "જો તું આ શીલવ્રત અને ગુણવ્રતને નહિ છોડે તો તારા બધા પુત્રોને તારી સામે કાપીને ઊકળતા કડાહમાં નાખીશ."

તેમ કર્યા છતાં જ્યારે તે પોતાના વ્રતમાં નિશ્ચળ રહ્યો ત્યારે તેણે ધમકી આપી કે "હજુ જો તું નહિ માને તો હું તારા ધર્મની સહાયક અને તારા સુખ-દુઃખમાં સમભાગી તારી અગ્નિમિત્રા સ્ત્રીને તારી સામે કડાહમાં નાખીને તળીશ અને તારા ઉપર તેનું લોહી છાંટીશ."

આ સાંભળીને તેને વિચાર થયો કે મારા પુત્રોના ઘાતક આ અનાર્ય પુરુષને મારે પકડવો જોઈએ. એમ વિચારી જેવો તે ઊઠ્યો કે તરત પેલો દેવ આકાશમાં ચાલ્યો ગયો અને તેના હાથમાં કાંઈ ન આવ્યું.

તેનો કોલાહલ સાંભળીને અગ્નિમિત્રા ત્યાં આવી અને કહેવા લાગી કે આપણા બધા પુત્ર તેમજ હું સહી-સલામત છીએ. તમને કોઈ ભ્રમ થયો લાગે છે. વ્રતથી

ડગવાનું કાંઈ કારણ ન હતું. માટે તમે પ્રાયશ્ચિત્ત કરીને ફરીવાર વ્રતમાં સ્થિર થાઓ.

પછી તે સદ્દાલપુત્ર ચૂલણીપિતાની પેઠે પ્રાયશ્ચિત્ત કરીને ફરી ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારી, અંત વખતે મારણાંતિક સંલેખના લઈ સમાધિમાં રહી, કાળધર્મ પામી સૌધર્મકલ્પના અરુણભૂત વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહવાસ પામી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

૮

મહાશતક

રાજગૃહમાં મહાશતક નામે ગૃહપતિ રેવતી વગેરે ૧૩ સ્ત્રીઓ સાથે રહેતો હતો. તેની પાસે સકાંસ્ય આઠ હિરણ્યકોટી નિધાનમાં, આઠ વ્યાજે અને આઠ ઘરવાપરમાં હતી. ઉપરાંત દસહજાર ગાયોનો એક એવા આઠ વ્રજો હતા.

મહાશતકની સ્ત્રી રેવતીને તેના પિયેરથી આઠ હિરણ્યકોટી અને આઠ વ્રજ મળ્યાં હતાં. બાકીની બાર સ્ત્રીઓને એક એક હિરણ્યકોટી અને એક એક વ્રજ કન્યાદાનમાં મળ્યાં હતાં.

એક વાર ફરતા ફરતા શ્રમણભગવાન મહાવીર ત્યાંના ગુણશિલ ચૈત્યમાં આવીને ઊતર્યા. મહાશતકે

તેમનું પ્રવચન સાંભળીને આનંદની પેઠે તેમની પાસે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો તથા ભોગતૃષ્ણાની મર્યાદા માટે પોતાની આઠ હિરણ્યકોટી વગેરે અને ૧૩ સ્ત્રીઓથી વધારેનો સ્વીકાર ન કરવાનું વ્રત લીધું. તેણે એવો નિયમ કર્યો કે હવેથી મારે હિરણ્ય ભરેલી બે દ્રોણી કાંસ્યપાત્રીથી જ વ્યવહાર કરવો ખપે.

એ રીતે વ્યવહાર કરતો, જીવાજીવનું સ્વરૂપ જાણતો તે મહાશતક શ્રમણોપાસક સુખે સુખે રહેવા લાગ્યો. શ્રમણભગવાન બહાર જઈને જનપદવિહારે વિહરવા લાગ્યા.

મહાશતકની ભાર્યા રેવતીને વિચાર થયો કે મારે બારબાર શોકય હોવાથી હું સારી રીતે મહા-શતક સાથે કામભોગોને ભોગવી શકતી નથી. માટે ઠીક તો એ છે કે એ બારે શોકયોને અગ્નિ, શસ્ત્ર કે વિષપ્રયોગથી હું મારી નાખું અને તેમની એકએક હિરણ્યકોટી તથા વ્રજને મેળવી મહાશતક સાથે સુખે સુખે રહું.

આ વિચારથી તે તેમ કરવાનો લાગ શોધવા લાગી અને લાગ મળતાં જ તેણે છને શસ્ત્રથી અને છને વિષથી મારી નાખી. ત્યારબાદ તેમનાં ધન તથા વ્રજ લઈને મહાશતક સાથે સુખે સુખે રહેવા લાગી.

તે રેવતી માંસલોલુપ હતી અને અનેક પ્રકા-

રના સોળા તથા તળેલાં અને ભૂંજેલાં માંસો, સુરા, મધુ, મેરય, મદ્ય, સીધુ તથા પ્રસન્નાનો આસ્વાદ કરતી રહેતી હતી.

એક વાર રાજગૃહમાં અમાઘાતનો ઘોષ થયો. તે વખતે પણ માંસલોલુપ રેવતીએ પોતાનાં પિયેરનાં માણસોને બોલાવીને કહ્યું કે:-"તમારે હવેથી મારે માટે બે બે ગાયના વાછરડા મારીને રોજ લાવવા." તે પુરુષો તેના કહ્યા પ્રમાણે મારેલા બે વાછરડા રોજ લાવતા અને રેવતી તે માંસ ખાતી તથા યથેષ્ટ દારૂ પીતી.

લીધેલાં શિક્ષાવ્રતો અને ગુણવ્રતોને પાળતા મહાશતક શ્રમણોપાસકનાં ૧૪ વર્ષો ચાલ્યાં ગયાં. પછી પોતાના મોટા પુત્રને કારભાર સોંપી, ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારી, બ્રહ્મચર્ય સાથે તે પૌષધશાળામાં રહેવા લાગ્યો.

ત્યાં એક વખતે મત્ત, વીખરાયેલા કેશવાળી તેની સ્ત્રી રેવતી ઉઘાડે માથે તેની પાસે આવી અને મોહોન્માદજનક શૃંગારવાળા સ્ત્રીસુલભ ભાવો દેખાડતી મહાશતકને આ પ્રમાણે કહેવા લાગી:—

"હે મહાશતક શ્રમણોપાસક ! તું ધર્મ, પુણ્ય, સ્વર્ગ અને મોક્ષની કામનાવાળો છે. પણ જો તું મારી સાથે ઉદાર એવા માનુષિક કામભોગોને ભોગવતો

રહે તો પછી તારે ધર્મ, પુણ્ય, સ્વર્ગ અને મોક્ષની શી જરૂર છે ?"

રેવતીના આ પ્રમાણે બે ત્રણવાર કહેલા વચનનો મહાશતકે આદર પણ ન કર્યો તેમજ સ્વીકાર પણ ન કર્યો, પરંતુ મૌન રહીને તે પોતાના ધર્મધ્યાનમાં સ્થિર રહ્યો.

અનાદર પામેલી રેવતી પોતાને ઠેકાણે પાછી આવી. તે મહાશતક ઉપાસકની અગિયારે પ્રતિમાઓને આચરતો ઉગ્ર તપથી અત્યંત કૃશ અને દુર્બળ થઈ ગયો. છેવટે આનંદની પેઠે અંતિમ મારણાંતિક સંલેખના સ્વીકારીને તે જીવિત અને મરણમાં સમભાવ રાખતો રહેવા લાગ્યો.

એમ રહેતાં રહેતાં તેના ચિત્તની વૃત્તિ વધારે શુભ, વિશદ અને શુદ્ધ થઈ તથા જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયે તેને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. તેથી તે પણ આનંદની પેઠે પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણમાં હજાર યોજન સુધીનો લવણસમુદ્રનો ભાગ જાણવા અને જોવા લાગ્યો, ઉત્તરમાં ચુલ્લ હિમવંત વર્ષધર પર્વત સુધી તથા નીચે રત્નપ્રભા પૃથ્વીમાંના લોલુયચ્ચુય નરક સુધીના ક્ષેત્રને જાણવા અને જોવા લાગ્યો.

આવી રીતે રહેતા તેની પાસે ફરી એક વાર

રેવતી આવી અને પહેલાંની માફક કામયાચના કરવા લાગી. તેણે બે ત્રણવાર કહ્યા પછી ગુસ્સે થયેલા મહાશતકે પોતાના અવધિજ્ઞાનનો પ્રયોગ કરીને તેને કહ્યું કે:–" હે રેવતી ! આજથી તું સાત રાતમાં અલસ-રોગથી પીડાતી, દુર્ધ્યાનયુક્ત થઈ, અસમાધિને પામી, કાળ કરી, રત્નપ્રભા પૃથ્વીના લોલુયચ્ચુય નરકમાં ૮૪૦૦૦ વર્ષ સુધી નરકગતિનું દુઃખ ભોગવીશ."

મહાશતકનું કથન સાંભળીને રેવતીને લાગ્યું કે એ શ્રમણોપાસક મારી ઉપર ગુસ્સે થયો છે. તેને હું ગમતી નથી. ખબર નહિ મારો કેવા કુમારથી ઘાત કરશે. એમ વિચાર કરીને ભય તથા ત્રાસથી ઉદ્વેગ પામી, ખેદ કરતી કરતી તે ધીરે ધીરે પોતાને ઘેર પાછી આવી ગઈ. અને મહાશતકના કહ્યા પ્રમાણે સાત રાતમાં તો મરણ પામી નરકગતિએ ગઈ.

તે વખતે ભગવાન મહાવીર રાજગૃહના ગુણશિલ ચૈત્યમાં આવીને ઊતર્યા. ભગવાન મહાવીરે "ગૌતમ !" એમ કહીને પોતાના પટ્ટશિષ્ય ગૌતમને બોલાવ્યો અને રેવતી તથા મહાશતક વચ્ચે થયેલો વિખવાદ તેને કહી સંભળાવ્યો અને કહ્યું:–" અંતિમ સંલેખનાને સ્વીકારીને રહેતા શ્રમણોપાસકે કોઈને સાચું હોય તો પણ અનિષ્ટ અને અપ્રિય વચનોથી કાંઈ કહેવું ન ઘટે તથા ક્રોધ કરવો ન ઘટે. તો હે દેવાનુપ્રિય ! તું

તેની પાસે જા અને મારી આ વાત તેને કહે તથા તેને પ્રાયશ્ચિત્ત કરાવીને શુદ્ધ કર.”

ગૌતમને આવતા જાણીને મહાશતક તેમને વાંદ્યો અને નમ્યો તથા તેમની પાસેથી ભગવાન મહાવીરનો સંદેશો સાંભળી પ્રાયશ્ચિત્ત સ્વીકારીને શુદ્ધ થયો. પછી ભગવાન મહાવીર રાજગૃહથી બહાર જનપદવિહારે વિહરવા લાગ્યા.

મહાશતક શ્રમણોપાસક સ્વીકારેલાં ગુણવ્રત અને શીલવ્રતને તથા શ્રમણોપાસકની ૧૧ પ્રતિમાઓને સારીરીતે ૨૦ વર્ષ સુધી પાળતો, આચરતો, સ્વીકારેલી મારણાંતિક સંલેખનાને ૬૦ ટંક સુધી સાચવતો સમાધિમાં રહી, કાળ કરીને, સૌધર્મકલ્પમાં અરુણાવતંસક વિમાનમાં ઉત્પન્ન થયો. તથા ત્યાંથી મહાવિદેહવાસ પામીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

૯

નન્દિનીપિયા

સાવત્થી નગરીમાં જિતશત્રુ રાજા હતો. ત્યાં નન્દિનીપિયા નામે ગૃહપતિ અશ્વિની ભાર્યા સાથે રહેતો હતો. તેની પાસે ચાર હિરણ્યકોટી નિધાનમાં, ચાર વ્યાજે અને ચાર ઘરવાપરમાં હતી. ઉપરાંત દસહજાર ગાયોનો એક એવા ચાર વ્રજો હતા.

તેણે ત્યાંના કોષ્ઠક ચૈત્યમાં આવેલા ભગવાન મહાવીર પાસે આનંદની પેઠે ગૃહિધર્મ સ્વીકારી તેનું ૧૪ વર્ષ સુધી બરાબર પાલન કર્યું. પછી મોટા પુત્રને બધો કારભાર સોંપી, ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારી, બ્રહ્મચર્ય સાથે પૌષધશાળામાં રહેવા લાગ્યો.

શ્રમણોપાસકની સ્થિતિમાં તે કુલ ૨૦ વર્ષ સુધી રહ્યો અને છેવટે મારણાંતિક સંલેખનાને સ્વીકારી, સમાધિપૂર્વક કાળ કરી અરુણગવ વિમાનમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહવાસ પામી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

૧૦

સાલિહીપિયા

સાવત્થી નગરીમાં જિતશત્રુ રાજા હતો. ત્યાં સાલિહીપિયા નામે ગૃહપતિ ફાલ્ગુની ભાર્યા સાથે રહેતો હતો. તેની પાસે ચાર હિરણ્યકોટી નિધાનમાં, ચાર વ્યાજે અને ચાર ઘરવાપરમાં હતી. ઉપરાંત દસ-હજાર ગાયોનો એક એવા ચાર વ્રજો હતા.

તેણે કોષ્ઠક ચૈત્યમાં આવેલા ભગવાન મહાવીર પાસે આનંદની પેઠે ગૃહિધર્મ સ્વીકાર્યો અને કામ-દેવની પેઠે પોતાના જ્યેષ્ઠ પુત્રને કારભાર સોંપી, ભગ-વાન મહાવીર પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને પૌષધ-શાળામાં રહેવા લાગ્યો. તેણે શ્રમણોપાસકની અગિયારે પ્રતિમાઓને કંઈપણ બહારના વિક્ષેપ વિના બરાબર

પારી. તે પ્રમાણે શ્રમણોપાસકની સ્થિતિમાં તે ૨૦ વર્ષ રહ્યો અને છેવટે મારણાંતિક સંલેખના સ્વીકારીને સમાધિપૂર્વક કાળ કરી અરુણકીલ વિમાનમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહવાસ પામી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

ટિપ્પણ

૧ઃ અંગદેશ

જુઓ ભગવાનમહાવીરની ધર્મકથાઓ પાન–૧૭૫

૨ઃ ચંપાનગરી

જુઓ સદર પાન–૧૭૫

૩ઃ કેણિક

જુઓ સદર પાન–૧૭૬

ટીકાકારે લખેલું છે કે ઉપાસકદશાંગનો ઉપોદ્ઘાત નાયાધમ્મકહાના ઉપોદ્ઘાત પ્રમાણે સમજવો. તેથી અમે આ ઉપોદ્ઘાત તે પ્રમાણે લખેલો છે. પ્રતિની સંક્ષિપ્તવાચનામાં કોણિક વગેરે નામોનો ઉલ્લેખ નથી આવતો પણ वण्णओ અને जाव શબ્દથી બધું અધ્યાહૃત છે.

૪ઃ મહાવીર

જુઓ સદર પાન–૧૭૭

૫ઃ સુધર્મા

જુઓ સદર પાન–૧૭૮

૬ઃ જંબુ

જુઓ સદર પાન–૧૭૮

૭ઃ પૂર્ણભદ્રચૈત્ય

જુઓ સદર પાન–૧૭૮

૮ઃ ઉપાસકદશા

સમવાયાંગમાં ઉપાસકદશાનો પરિચય આ પ્રમાણે આપ્યો છેઃ–

"ઉપાસકદશામાં ઉપાસકોનાં શીલવ્રતો, વિરમણો, ગુણવ્રતો, પ્રત્યાખ્યાનો (ત્યાગ), પૌષધોપવાસો, શ્રુતપરિગ્રહ (શાસ્ત્રાભ્યાસ), પ્રતિમાઓ તથા તેમની આ લોકની અને પરલોકની ઋદ્ધિઓ વગેરે વર્ણવેલાં છે. ઉપરાંત તેઓની ધર્મમાં સ્થિરતા તથા ધર્મમાં આવતાં વિઘ્નોની સામે થવાની તેમની અસાધારણ શક્તિ પણ વર્ણવેલી છે."

તેનું પરિમાણ જણાવતાં તેમાં કહ્યું છે કેઃ—

"એ સાતમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, દશ અધ્યયનો છે, તથા સંખ્યેય લાખ પદો[૧] અને સંખ્યેય અક્ષરો છે."

નંદીસૂત્રમાં ઉપાસકદશાનું ઉપર જણાવ્યા પ્રમાણેનું જ વર્ણન આવે છે. પણ ઉપાસકદશામાં ઉપાસકોની પ્રવ્રજ્યાનો

(૧) પદના સ્વરૂપ વિષે જુઓ 'ભગવાન મહાવીરની ધર્મકથાઓ' પાન ૧૮૧ ઉપરનું ટિપ્પણ. સમવાયાંગ અને નંદીસૂત્ર–બંનેના ટીકાકારે આ સૂત્રનાં અગિયાર લાખ, બાવન હજાર પદો જણાવેલાં છે.

અધિકાર આવે છે એમ પણ તેમાં લખેલું છે. પરંતુ અત્યારે ઉપલબ્ધ પાઠવાળા સૂત્રમાં કોઈ ઉપાસકે પ્રવ્રજ્યા લીધી હોય તેવો અધિકાર આવતો નથી.

ઉપાસકદશાના પદના પરિમાણ વિષે જણાવતાં તેમાં લખ્યું છે કે "તેમાં સંખ્યેય હજાર પદો છે અને સંખ્યેય અક્ષરો છે."

દિગંબરોમાં આ સૂત્રનું નામ ઉપાસકાધ્યયન છે અને તેમાં શ્રાવકધર્મનું સ્વરૂપ વર્ણવેલું છે એમ તેઓ કહે છે. ઉપરાંત ગોમ્મટસારની ટીકામાં લખેલું છે કે "ઉપાસકાધ્યયનમાં શ્રાવકોની અગિયાર પ્રતિમાઓના સંબંધમાં તથા વ્રત, શીલ, આચાર, ક્રિયા અને મંત્રો વગેરે વિષે વર્ણન છે." દિગંબરો ઉપાસકાધ્યયનમાં અગિયાર લાખ, સિત્તેર હજાર પદો કહે છે.

ઉપાસકદશા શબ્દનો અર્થ "ઉપાસકોની અવસ્થા" પણ થાય તેમજ દશા શબ્દને સંખ્યાવાચક ગણીએ તો "દશ ઉપાસકો" એમ પણ થાય. આ સૂત્રમાં દશ ઉપાસકોનું વર્ણન આવે છે માટે આ પુસ્તકમાં 'દશા' શબ્દનો સંખ્યા-સૂચક અર્થ સ્વીકારેલો છે તથા તેનું નામ "ભગવાન મહા-વીરના દશ ઉપાસકો" રાખેલું છે. પ્રાકૃત 'દસા' શબ્દ એ સંસ્કૃત દશનું આર્ષરૂપ છે, માટે 'દસા'માંથી જરા પણ ખેંચ્યા સિવાય દશ એવો અર્થ નીકળી શકે છે.

૯: વાણિજ્યગ્રામ

આવશ્યકસૂત્રમાં ભગવાને જ્યાં જ્યાં વિહાર કર્યો તે તે સ્થળોનાં બધાં નામો જણાવેલાં છે. તેમાં લખ્યું છે કે "ભગવાન વૈશાલિ નગરીથી વાણિયગ્ગામ

(વાણિજ્યગ્રામ) માં ગયા. ત્યાં જતાં તેમને ગંડકી નદી ઊતરવી પડી." આ ઉલ્લેખ ઉપરથી એમ માલમ પડે છે કે આ વાણિજ્યગ્રામ વૈશાલિની પાસે હોવું જોઈએ. મુજફ્ફરપુર જિલ્લામાં જે ગામ બસાડપટ્ટીના નામથી પ્રસિદ્ધ છે તેને જૂની વૈશાલિ માનવામાં આવે છે. ત્યાં કેટલાંક પ્રાચીન મંદિરો અને ખંડેરો પણ હયાત છે. આજકાલ એ બસાડપટ્ટીની પાસે બળીઆ નામે ગામ છે તે જ કદાચ વાણિજ્યગ્રામ હોય.

૧૦: કોલ્લાક સંનિવેશ

ક્ષત્રિયકુંડ ગામમાં દીક્ષિત થઈને ભગવાને તે જ દિવસે ત્યાંથી વિહાર કર્યો. અને બે ઘડી દિવસ બાકી રહ્યે કર્મારગામ પહોંચ્યા. ત્યાંથી ભગવાને કોલ્લાક સંનિવેશમાં જઈને દીક્ષાને દિવસે કરેલા છટ્ઠનું પારણું ત્યાંના બહુલ બ્રાહ્મણને ઘેર કર્યું. આ વર્ણન ઉપરથી જાણી શકાય છે કે ક્ષત્રિયકુંડ અને કોલ્લાક પાસે પાસે હોવાં જોઈએ.

બસાડપટ્ટીની પાસે બસુકુંડ નામનું એક ગામ છે. તેને શોધકો ક્ષત્રિયકુંડ તરીકે ઓળખાવે છે. એની આસપાસ ક્યાંઈક આ કોલ્લાક સંનિવેશ હોવો જોઈએ.

ભગવતીસૂત્રના પંદરમા શતકમાં લખ્યું છે કે ભગવાને દીક્ષા લીધા પછીનું બીજું ચોમાસું રાજગૃહમાં નાલંદાની બહારની તંતુવાયશાળામાં કરેલું હતું. ત્યાં તેઓ એક મહિનાનો ઉપવાસ રાખીને રહ્યા હતા. તેનું પારણું તેમણે નાલંદાની બહાર રાજગૃહમાં રહેતા વિજય ગૃહપતિને ત્યાં કર્યું હતું. એ પ્રમાણે તે ચાતુર્માસ દરમ્યાન મહિનામહિનાના ઉપવાસ કરતા

તે ભગવાને છેલ્લા માસખમણનું પારણું, નાલંદાની બહાર, નજીકમાં આવેલા કોલ્લાક સંનિવેશમાં રહેતા બહુલ બ્રાહ્મણને ત્યાં કર્યું. આ ઉલ્લેખ ઉપરથી ક્ષત્રિયકુંડથી રાજગૃહ જતાં કોલ્લાક સંનિવેશ આવવો જોઈએ એમ માલમ પડે છે. પ્રાચીનતીર્થમાળાસંગ્રહમાં લખ્યા પ્રમાણે ક્ષત્રિયકુંડ અથવા વૈશાલિથી નાલંદા જતાં રસ્તામાં લગભગ ૧૭/૧૮ માઈલ ઉપર એક કુસ્મર નામે ગામ આવેલું છે. દીક્ષા લઈને ભગવાન પહેલા આ જ ગામમાં આવેલા હશે એવો સંભવ જણાય છે. અને અહીંથી છટ્ઠનું પારણું કરવા માટે કોલ્લાક સંનિવેશમાં બહુલ બ્રાહ્મણને ત્યાં ગયા હતા એ ઉપરથી માલમ પડે છે કે કુસ્મરની આસપાસ જ, નજીકમાં કોલ્લાક સંનિવેશ હોવો જોઈએ.

આ કોલ્લાક સંનિવેશમાં જ મંખલિપુત્ર ગોશાલક ભગવાનને મળેલો અને ભગવાને તેને શિષ્ય તરીકે સ્વીકારેલો એમ ભગવતીમાં તે સ્થળે જ લખેલું છે.

૧૧ઃ દૂઇપલાસય

આનંદ શ્રાવકના આખ્યાનમાં આચાર્ય હેમચંદ્ર આને બદલે પૂતિપલાશ નામ આપે છે.

૧૨ઃ પ્રતિજ્ઞા લીધી

ભોગતૃષ્ણાની મર્યાદાની પ્રતિજ્ઞાના વિચારમાં આનંદ ગૃહપતિ વિલેપનવિધિનું પરિમાણ કરે છે. અને તે પરિમાણમાં તે એવું નિર્ધારણ કરે છે કે અગરુ, કુંકુમ, ચંદન વગેરે સિવાય (**अगरुकुंकुमचन्दणमादिएहिं**) બીજા કશાનું વિલેપન ન કરવું. આમાં 'વગેરે' મૂકવાથી પરિમાણનો સ્પષ્ટ ખ્યાલ

આવી શકતો નથી. બીજાં બધાં પરિમાણના ઉલ્લેખમાં બધે નક્કી સંખ્યાનું પરિમાણ બતાવેલું છે ત્યારે અહીં 'વગેરે' મૂકવાથી પરિમાણનો ખ્યાલ આવી શકે તેમ રહ્યું નથી. આ વિષે ટીકાકારે પણ કશું લખ્યું નથી. આ પ્રમાણે ધૂપન વિધિના પરિમાણમાં પણ "અગરુ અને તુરુક્ક વગેરે સિવાય બીજાનો ધૂપ ન કરવો" એમ કહેવાથી તેના પરિમાણનો પણ ખ્યાલ આવી શકતો નથી.

આનંદ અત્યાર સુધી માત્ર ગૃહપતિ હતો પરંતુ આ પ્રતિજ્ઞા લીધા પછી તે શ્રમણોપાસક કે શ્રાવક થયો. બૌદ્ધ ગ્રંથોમાં આ જ અર્થમાં 'ઉપાસક' શબ્દનો પ્રયોગ છે. અંગુત્તરનિકાયના ઉપાસકવગ્ગમાં બુદ્ધ ભગવાનનો અનુયાયી ગૃહપતિ જ્યારે ઉપાસક થાય છે ત્યારે તેને માટે નીચેની પાંચ પ્રતિજ્ઞાઓ જણાવેલી છે:– (૧) પ્રાણાતિપાતથી વિરમણ (૨) અદત્તાદાનથી વિરમણ (૩) કામોમાં મિથ્યાચારથી વિરમણ (૪) મૃષાવાદથી વિરમણ (૫) સુરા, મેરય, મદ્ય વગેરે પ્રમાદસ્થાનોથી વિરમણ.

વૈદિક પરંપરામાં જે દ્વિજ ગૃહસ્થ હોય છે તેને માટે આ પાંચ યમોને હંમેશાં સેવવાનું વિધાન કરેલું છે. (૧) અહિંસા (૨) સત્યવચન (૩) બ્રહ્મચર્ય (૪) પ્રામાણિકતા (૫) અસ્તેય. આ પાંચને વ્રત પણ કહેલાં છે. મહાભારતમાં લખેલું છે કે ગૃહસ્થની નિર્વાહ માટે ચાર પ્રકારની વૃત્તિ જણાવેલી છે (૧) કુસૂલધાન્ય (૨) કુંભધાન્ય (૩) અશ્વસ્તન (૪) કાપોતી. કોઠામાં માય તેટલું ધાન્ય ભરી રાખવું અને તેથી વધારે ન રાખવું એટલે કે એક વર્ષ ચાલે તેટલું ધાન્ય અથવા તેટલા

પૈસા ઉપાર્જિત કરી રાખવા તે કુસૂલધાન્યવૃત્તિ કહેવાય. આવતી કાલનો વિચાર જ ન કરવો તે અશ્વસ્તનવૃત્તિ. અને કપોતની પેઠે ખેતર વગેરેમાં પડેલા દાણા વીણી ખાઈ નિર્વાહ કરવો એ કાપોતીવૃત્તિ. આ વિષે વધારે મહાભારતના શાંતિ-પર્વના ૨૪ મા અધ્યાયમાં જોઈ લેવું.

મનુસ્મૃતિમાં પણ આ પ્રકારે ચાર વૃત્તિઓ જણાવેલી છે. પરંતુ તેમાં ત્રીજી વૃત્તિ "ત્ર્યૈહિક" (એટલે કે ત્રણ દિવસ ચાલે તેટલું ઉપાર્જન કરી રાખવું તે) છે અને ચોથી અશ્વસ્તનિક છે.

વળી તેમાં લખ્યું છે કે ગૃહસ્થે પોતાના કુટુંબનો નિર્વાહ થાય તે માટે ધન ઉપાર્જન કરવું પરંતુ ભોગ માટે ન કરવું---અને તે પણ અનિંદિત ઉપાયોથી, પ્રાણીઓનો દ્રોહ કર્યા વિના અથવા તો બહુ જ થોડો કરીને—કરવું. ગૃહસ્થે પોતાનો જીવનવ્યવહાર ઋતથી, અમૃતથી, મૃતથી, પ્રમૃતથી કે સત્યાનૃતથી ચલાવવો પરંતુ કોઈ દિવસ શ્વવૃત્તિથી ન ચલાવવો. ઋત એટલે કે ખેતરમાંથી પાક ઘેર લાવતાં જે દાણા ત્યાં વેરાયેલા પડી રહે, તથા જેમની તેમના માલિકને અપેક્ષા નથી તેમના વડે નિર્વાહ ચલાવવો તે. અમૃત એટલે માગ્યા વિના મળે તેનાથી વ્યવહાર ચલાવવો તે. મૃત એટલે માગીને વ્યવહાર ચલાવવો તે. પ્રમૃત એટલે ખેતી. સત્યા-નૃત એટલે વેપારવાણિજ્ય અને શ્વવૃત્તિ એટલે નોકરીચાકરી.

૧૩: પરપાખંડપ્રશંસા

બીજાના મતની પ્રશંસા. આ ઉપરથી કોઈ એવું ન સમજે કે પોતાના સિવાય બીજાના સંપ્રદાય કે ધર્મની નિંદા

કે અવમાનના કરવી. બીજા ધર્મમાં પણ અહિંસાદિ યમો તો સરખા જ છે, તેમજ બીજા ધર્મવાળો પણ રાગદ્વેષાદિના ક્ષયથી મુક્તિ પ્રાપ્ત કરી શકે છે. જૈનશાસ્ત્રમાં જણાવેલું છે કેઃ–

सेयंबरो य आसंबरो य बुद्धो वा तह य अन्नो वा।
समभावभाविअप्पा लहइ मुक्खं न संदेहो ॥

(શ્વેતાંબર હોય, દિગંબર હોય, બૌદ્ધ હોય કે અન્ય કોઈ હોય, પણ જેનો આત્મા સમભાવથી વાસિત છે તે મોક્ષ મેળવે છે એમાં શંકા નથી.

૧૪: લેખ ન કરવા

મૂળમાં મૃષાવાદત્યાગના વ્રતને લગતા જે પાંચ અતિચારો જણાવ્યા છે તેમના કરતાં જુદા પણ બીજા પાંચ અતિચાર આ સૂત્રની બીજી વાચનામાં મળે છે એમ ટીકાકાર લખે છે. તે આ પ્રમાણે છેઃ–(૧) કન્યાલીક–કન્યાની લેણદેણના પ્રસંગમાં કે કોઈ પણ મનુષ્યની લેણદેણના પ્રસંગમાં તેને વિષે ખોટી વાત કહેવી. (૨) ગવાલીક–પશુમાત્રના લેણદેણના પ્રસંગમાં તેને વિષે ખોટી વાત કહેવી. (૩) ભૂમ્યલીક–જમીનની લેણદેણના પ્રસંગમાં તેને વિષે ખોટી વાત કહેવી. (૪) ન્યાસાપહાર–કોઈની થાપણ ઓળવવી. (૫) કૂટસાક્ષી–ખોટી સાક્ષી પૂરવી. વળી ટીકાકાર લખે છે કે આવશ્યક વગેરેમાં આ પાંચને સ્થૂળ મૃષાવાદના ભેદો ગણાવેલા છે. આચાર્ય હરિભદ્રે પોતાના પંચાશકના મૂળની ૧૧મી ગાથામાં આ પાંચેને મૃષાવાદના ભેદો તરીકે બતાવેલા છે.

૧૫: ચોક્કસ સ્મૃતિ રાખવી

દિગ્વ્રતના જે પાંચ અતિચારો બતાવવામાં આવ્યા છે

તેમાંના છેલ્લા બેને કોઈ પ્રતિમાં એક જ અતિચાર ગણવામાં આવ્યો છે અને તેની પહેલાં 'ચાર દિશાના પ્રમાણનો અતિક્રમ' એવો ચોથો અતિચાર વધારવામાં આવ્યો છે. આ જાતનું પાઠાંતર હોર્નેલની ઉપાસકની આવૃત્તિમાં મૂકેલું છે. પણ ટીકાકારે તે વિષે કાંઈ લખેલું નથી.

૧૬ઃ કર્માદાનો

જે પ્રવૃત્તિ કરવામાં સંયમનો અવકાશ જ ન રહે તેનું નામ કર્માદાન છે. જે પ્રમાણે કર્માદાનોની પ્રવૃત્તિ કરવાનો નિષેધ સૂત્રમાં બતાવેલો છે તે રીતે મનુસ્મૃતિમાં પણ બ્રાહ્મણોને તેવી કેટલીક પ્રવૃત્તિનો નિષેધ બતાવ્યો છે. તેમાં લખ્યું છે કે "બ્રાહ્મણે રસોનો, રાંધેલા અન્નનો, તલનો, પથ્થરોનો મીઠાનો, પશુનો, મનુષ્યનો, બધી જાતનાં રંગેલાં કપડાંનો, ફળોનો, મૂળોનો, ઔષધિનો, પાણીનો, શસ્ત્રનો, વિષનો, માંસનો, સોમનો, ગંધોનો, દૂધનો, મધનો, મીણનો, દહીંનો ઘીનો, તેલનો, ગોળનો, દાભનો, જંગલી પશુઓનો, બધાં દાઢવાળાં જાનવરોનો, પક્ષીઓનો, દારૂનો, એક ખરીવાળાં પશુઓનો, ગળીનો અને લાખનો વેપાર નહિ કરવો."

અંગુત્તરનિકાયમાં લખ્યું છે કે બુદ્ધના ઉપાસકે શસ્ત્રનો, પ્રાણીઓનો, માંસનો, મદ્યનો અને વિષનો વેપાર નહિ કરવો.

૧૭ઃ પૌષધોપવાસ

પૌષધ શબ્દનું મૂળ રૂપ ઉપવસથ છે. આનો પ્રયોગ શતપથબ્રાહ્મણમાં જે દિવસે યજમાન અગ્નિ પાસે રહે છે (उप+वस्) તે દિવસના અર્થમાં કરેલો છે. તે શબ્દનું પાલીરૂપ બૌદ્ધ સાહિત્યમાં 'ઉપોસથ' આવે છે અને તેને એક

વ્રત તરીકે બતાવેલું છે. ઉપોસથનું આર્ષ પ્રાકૃત પોસહ થઈ ગયું છે. તેને અહીં એક શ્રમણોપાસકના વ્રત તરીકે બતાવવામાં આવ્યું છે. ટીકાકારોએ પોસહ ઉપરથી પાધરું પૌષધ ઉપજાવી લીધું છે અને તેની પાછળ ઉપવાસનો અર્થ બતાવવા ઉપવાસ શબ્દ જોડ્યો છે. પણ ખરી રીતે શબ્દની મૂળ પ્રકૃતિનો વિચાર કરતાં ઉપવાસનો અર્થ તેમાં સમાયેલો જ છે. તત્ત્વાર્થના ભાષ્યમાં આ પૌષધનું સ્વરૂપ બતાવતાં લખ્યું છેઃ—"તેને કરનાર શ્રાવકે ઉપવાસ કરવો, સ્નાન, વિલેપન, ગંધ, માલ્ય અને અલંકાર છોડી દેવાં, દાભ કે કાષ્ઠની પથારીએ રહીને અથવા વીરાસન વગેરે આસનો ઉપર રહીને ધર્મનું ચિંતન કરવું તથા સર્વ નિંદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો." આઠમ, ચૌદશ, પૂનમ અને અમાવાસ્યાને દિવસે તેને આચરવાની વાત સૂત્રોમાં મળે છે. વૈદિક અને બૌદ્ધ સંપ્રદાયનાં શાસ્ત્રોમાં પણ આ દિવસોએ ઉપવસથ અને ઉપોસથ કરવાની પ્રથા મળે છે.

૧૮ઃ સાત શિક્ષાવ્રતો અને અતિચારો

આનંદને ભગવાન મહાવીરના પ્રવચન ઉપર રુચિ થયા પછી તેણે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતવાળો બાર પ્રકારનો ગૃહિધર્મ સ્વીકારવાનો વિચાર ભગવાન મહાવીરને કહી બતાવ્યો. આ જ પ્રમાણે તેણે તેની સ્ત્રી શિવનંદાને ગૃહિધર્મ સ્વીકારવાની ભલામણ કરી. આ રીતે ગૃહિધર્મ બાર પ્રકારનો છે એવો ઉલ્લેખ આ સૂત્રમાં અનેક સ્થળે આવે છે. તેના બાર પ્રકાર ક્રમવાર આ સૂત્રમાં ગણાવેલા જણાતા નથી, પણ પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત એમ બાર વ્રતની મોઘમ સંખ્યા બતાવવામાં

આવી છે. પરંતુ ઉવવાઇય સૂત્રમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણુ-વ્રત અને ચાર શિક્ષાવ્રત, એમ બાર વ્રતની સંખ્યા બતાવ-વામાં આવી છે. આ સૂત્રમાં પાંચ અણુવ્રતોનો ઉલ્લેખ તો તેમના સ્વરૂપ સાથે સ્પષ્ટ ઉપલબ્ધ છે. પણ તે પછીનાં સાત શિક્ષાવ્રતો વિષે સ્પષ્ટ માહિતી આપેલી નથી.

સૂત્રમાં અણુવ્રતો વગેરેની જે માહિતી આપેલી છે તે મૂળ શબ્દોમાં આ પ્રમાણે છે:—

[૧] સ્થૂલપ્રાણાતિપાતપ્રત્યાખ્યાન [૨] સ્થૂલમૃષાવાદ-પ્રત્યાખ્યાન [૩] સ્થૂલઅદત્તાદાનપ્રત્યાખ્યાન [૪] સ્વદારસંતોષ-પરિમાણ [૫] ઇચ્છાવિધિપરિમાણ.

[ઇચ્છાવિધિપરિમાણના પેટામાં (૧) હિરણ્યસુવર્ણ-વિધિપરિમાણ (૨) ચતુષ્પદવિધિપરિમાણ (૩) ક્ષેત્રવાસ્તુ-વિધિપરિમાણ (૪) શકટવિધિપરિમાણ અને (૫) વહાણવિધિપરિ-માણનો સમાવેશ કરેલો છે]

[૬] ઉપભોગપરિભોગવિધિપરિમાણ [૭] ભોજનવિધિ-પરિમાણ [૮] અનર્થદંડપ્રત્યાખ્યાન.

[ઉપભોગપરિભોગવિધિના પરિમાણમાં (૧) ઉલ્લ-ણિયાવિધિપરિમાણ (૨) દંતવણવિધિપરિમાણ (૩) ફલવિધિપરિમાણ (૪) અભ્યંગનવિધિપરિમાણ (૫) ઉદ્વર્તનવિધિપરિમાણ (૬) મજ્જનવિધિપરિમાણ (૭) વસ્ત્ર-વિધિપરિમાણ (૮) વિલેપનવિધિપરિમાણ (૯) પુષ્પવિધિ-પરિમાણ (૧૦) આભરણવિધિપરિમાણ અને (૧૧) ધૂપનવિધિ-પરિમાણ એ અગિયાર પરિમાણનો સમાવેશ કરેલો છે.

ભોજનવિધિના પરિમાણમાં (૧) પેયવિધિપરિમાણ (૨)

ભક્ષ્યવિધિપરિમાણ (૩) ઓદનવિધિપરિમાણ (૪) સૂપવિધિ-પરિમાણ (૫) ઘૃતવિધિપરિમાણ (૬) શાકવિધિપરિમાણ (૭) માધુરકવિધિપરિમાણ (૮) જેમણવિધિપરિમાણ (૯) પાનીય-વિધિપરિમાણ (૧૦) મુખવાસવિધિપરિમાણ–એ દશ પરિમાણનો સમાવેશ કરેલો છે.]

એકંદરે વિચારતાં મૂળ સૂત્રમાં (૧) પ્રાણાતિપાત (૨) મૃષાવાદ (૩) અદત્તાદાનપ્રત્યાખ્યાન (૪) સ્વદારસંતોષ-પરિમાણ અને (૫) ઇચ્છાવિધિપરિમાણ (૬) ઉપભોગપરિભોગ-પરિમાણ અને (૭) અનર્થદંડત્યાગ એટલાં વ્રતોનો ઉલ્લેખ છે. એમાંનાં પહેલાં પાંચ અણુવ્રત તરીકે પ્રસિદ્ધ છે અને બાકીનાં બે શિક્ષાવ્રતો હોવાં જોઈએ. પરંતુ શિક્ષાવ્રતોની સાત સંખ્યા પૂરી કરવા માટે બીજાં પાંચ બાકી હોવાં જોઈએ. તે પાંચની કલ્પના સૂત્રમાંથી જ બીજી રીતે નીકળી શકે છે.

સૂત્રમાં બાર વ્રતોનો ઉલ્લેખ મોઘમ રીતે કર્યો છે પરંતુ અતિચારો તો બારેયના આપવામાં આવ્યા છે. તે અતિચારો ઉપરથી સાત શિક્ષાવ્રતો બરાબર ફલિત કરી શકાય તેમ છે.

(૧) દિશાના પરિમાણનું ઉલ્લંઘન નહિ કરવા વિષેના અતિચાર ઉપરથી દિગ્વ્રત ફલિત થાય છે. એ જ પ્રમાણે (૨) ઉપભોગપરિભોગપરિમાણ (૩) અનર્થદંડત્યાગ (૪) સામાયિક (૫) દેશાવકાશિક (૬) પૌષધોપવાસ અને (૭) યથાસંવિભાગ પણ સમજી લેવાં.

તત્ત્વાર્થસૂત્રમાં તે સાતેનો ક્રમ આ પ્રમાણે આપેલો છે:—

(૧) દિગ્વ્રત (૨) દેશવ્રત (૩) અનર્થદંડવિરતિવ્રત (૪) સામાયિકવ્રત (૫) પૌષધોપવાસ (૬) ઉપભોગપરિભોગપરિ-

માણ (૭) અતિથિસંવિભાગ.

ઉવવાઇયસૂત્રમાં એ સાત વ્રતોનો ક્રમ આ પ્રમાણે છેઃ—

(૧) અનર્થદંડવિરમણ (૨) દિગ્વ્રત (૩) ઉપભોગપરિભોગપરિમાણ (૪) સામાયિક (૫) દેશાવકાશિક (૬) પૌષધોપવાસ (૭) અતિથિસંવિભાગ.

બૌદ્ધ ઉપાસકો પ્રાણાતિપાતવિરમણ વગેરેની જે પ્રતિજ્ઞા લે છે તે પ્રતિજ્ઞાને "सिक्खापद" કહેવામાં આવે છે. આ સૂત્રમાં વપરાયેલો "सिक्खावय" અને એ "सिक्खापद" બંને શબ્દો અર્થ અને શબ્દની દૃષ્ટિએ સરખા જ છે એ ભૂલવું ન જોઈએ.

અતિચારોઃ—જે જાતનાં સ્ખલનોથી કોઈ પણ સ્વીકારેલો ગુણ મલિન થાય અને ધીરેધીરે હ્રાસ પામી ચાલ્યો જાય તેવાં સ્ખલનો અતિચાર કહેવાય છે.

જે માણસ સ્થૂલ હિંસાનો ત્યાગ કરે, તે, સંભવ છે કે "કોઈની પાસે ગજા ઉપરાંત કામ કરાવવું" "કોઈને માર મારવો" કે "લોકોમાં ભૂખમરો વધે એવી આડકતરી રીતે પ્રવૃત્તિ કરવી" એ બધી પ્રવૃત્તિને સ્થૂલહિંસા ન પણ સમજે. કારણ કે એ એમ માનતો હોય કે એમાં કોઈનું મોત ક્યાં થાય છે? એ જ પ્રમાણે સ્થૂલમૃષાવાદના ત્યાગની પ્રતિજ્ઞાવાળો ખોટા દસ્તાવેજો લખે અને એમ કહે કે "એમાં હું ખોટું ક્યાં બોલું છું? મારે તો બોલવાની બાધા છે, લખવાની નથી." આ જાતનાં વિવેકશૂન્ય માણસોને સ્થૂલહિંસાના ત્યાગ વગેરેની પ્રતિજ્ઞામાં બીજો પણ કેટલો ત્યાગ કેળવવો પડે છે એ સમજાવવા માટે અને વ્રતોનું ગાંભીર્ય ખ્યાલમાં આણવા માટે વ્રતોના અતિચારો બતાવવામાં આવ્યા છે. વ્રત પાળ-

વાની બુદ્ધિવાળો માણસ તો આ અતિચારોને વ્રતના ઘાતક જ સમજે. અતિચારનો અર્થ પણ આચારનું ઉલ્લંઘન જ થાય છે.

૧૯: ઉપાસકપ્રતિમાઓ

ઉપાસકની પ્રતિમાઓ અગિયાર છે. તથા તેમનાં અનુક્રમે નામ આ પ્રમાણે છે. [૧] દર્શનપ્રતિમા (એટલે કે સમ્યક્ત્વના એક પણ અતિચારને લાગવા દીધા સિવાય એક માસ સુધી સમ્યક્ત્વનું બરાબર પાલન કરવું) [૨] વ્રતપ્રતિમા (નિરતિચારપણે સ્વીકારેલાં અણુવ્રતો બે માસ સુધી પાળવાં) [૩] સામાયિકપ્રતિમા (નિરતિચારપણે સામાયિક ત્રણ માસ કરવું) [૪] પૌષધપ્રતિમા (આઠમ, ચૌદશ, અમાસ અને પૂર્ણિમાને દિવસે સંપૂર્ણ પૌષધ લેવું તથા તે પ્રમાણે ચાર માસ સુધી કરવું) [૫] કાયોત્સર્ગપ્રતિમા (પાંચ મહિના સુધી સ્થિરપણે જિનનું ધ્યાન કરવું, સ્નાન ન કરવું, રાત્રે ભોજન ન કરવું, દિવસે સર્વથા બ્રહ્મચર્ય પાળવું અને રાત્રે મર્યાદિત બ્રહ્મચર્ય પાળવું, પોતાના દોષનું નિરીક્ષણ કરવું અને કાછડી ન ખોસવી) [૬] અબ્રહ્મવર્જનપ્રતિમા (૭ મહિના સુધી શૃંગારનો ત્યાગ કરવો, સ્ત્રીસંબંધનો ત્યાગ કરવો, સ્ત્રી સાથે અતિપ્રસંગ ન કરવો) [૭] સચિત્તઆહારવર્જનપ્રતિમા (સજીવ વસ્તુ સાત મહિના સુધી ન ખાવી) [૮] સ્વયંઆરંભવર્જનપ્રતિમા (આઠ મહિના સુધી કશી સપાપ પ્રવૃત્તિ જાતે ન કરવી) [૯] ભૃતકપ્રેષ્યારંભવર્જનપ્રતિમા (નવ મહિના સુધી નોકરચાકરદ્વારા પણ કોઈ જાતની સપાપ પ્રવૃત્તિ ન કરાવવી) [૧૦] ઉદ્દિષ્ટભક્તવર્જનપ્રતિમા (પોતાને ઉદ્દેશીને કરેલા

ખાનપાન વગેરે પદાર્થનો દશ મહિના સુધી ઉપયોગ ન કરવો, મુંડ રહેવું અથવા ચોટલી રાખવી) [૧૧] શ્રમણભૂતપ્રતિમા (અગિયાર મહિના સુધી શ્રમણ–સાધુ જેવી પ્રવૃત્તિ રાખવી)

આગળની દરેક પ્રતિમા વખતે પાછલી દરેક પ્રતિમા ચાલુ રહેલી જ ગણવી.

૨૦: યુગપ્રમાણમાર્ગ

ચાલતી વખતે હળની લંબાઇ જેટલા માર્ગને આગળ જોતા જોતા ચાલવાનો આવો વિધિ સુત્તનિપાતના પ્રવ્રજ્યાસૂત્રમાં युगमत्तं च पेक्खति એ પ્રમાણે કહેલો છે અને વૈદિક પરંપરામાં સંન્યાસીને युगान्तदृक् એ વિશેષણ આપીને એ વિધિ બતાવેલો છે. આ વિધિનું બીજું નામ જૈનપરંપરામાં ઇર્યાસમિતિ પણ છે.

૨૧: શ્રમણોપાસક આનંદ

આવશ્યકની ટીકામાં લખ્યું છે કે શ્રમણભગવાન મહાવીર છદ્મસ્થ અવસ્થામાં હતા ત્યારે ફરતા ફરતા વૈશાલિથી વાણિજ્યગ્રામમાં આવ્યા. તે વખતે ત્યાં આનંદ નામનો શ્રાવક છઠ છઠના તપપૂર્વક રહેતો હતો. તેને અવધિજ્ઞાન થયેલું હતું. તેણે ભગવાન મહાવીર ભવિષ્યના તીર્થંકર છે એમ સમજીને તેમને વાંદ્યા અને ભગવાનને કહ્યું કે તમને આટલા વખત પછી કેવળજ્ઞાન થશે. આ ઉપરથી માલૂમ પડે છે કે એક આનંદ-શ્રાવક ભગવાન મહાવીર કેવળી થયા ત્યાર પહેલાં પણ તેમને મળેલો હતો.

૨૨: મારણાન્તિક સંલેખના

કાળના દોષથી, શરીરના દૌર્બલ્યના દોષથી અને

ઉપસર્ગના દોષથી જ્યારે સંયમધર્મ પાળવો અશક્ય થઈ જાય એમ સમજાય ત્યારે અણોદરી કરીને કે દરેક પ્રકારના આહારનો ત્યાગ કરીને મરણાંત સુધી સ્મૃતિ અને સમાધિપરાયણ રહેવું એ સ્થિતિને મારણાંતિક સંલેખના કહે છે.

૫

ટિપ્પણ

૧: આલભિકા

ભગવાન મહાવીરના વિહારવર્ણનમાં આલભિકા નગરીનું નામ બે વાર આવે છે. ભગવાનનું સાતમું ચોમાસું આ આલભિકામાં થયાનું લખેલું છે. મગધમાં વિહાર કર્યા પછી ભગવાન આલભિકામાં આવે છે એ હકીકત આવશ્યકમાં નોંધેલી છે. એથી આલભિકા મગધના સીમાડાની પાસે હોવાનું માલમ પડે છે. ત્યાં ચોમાસું પૂરું કરીને ભગવાને તેની પાસેના કુંડાગ નામના સંનિવેશમાં એક દેવળમાં (देउल) ધ્યાન ધરેલું. એ દેવળને " વાસુદેવનું ઘર " તરીકે ઓળખાવવામાં આવ્યું છે. ત્યાંથી ભગવાન વિહાર કરીને મદ્દણા ગામે ગયાની હકીકત આવે છે.

બીજો ઉલ્લેખ સંગમદેવના ઉપસર્ગ થયા પછી ભગવાન આલભિકામાં આવે છે એ છે. ત્યાંથી ભગવાન સ્વેતામ્બીમાં

(કેકય દેશની રાજધાનીમાં) અને પછી સાવત્થીમાં (કુણાલ દેશની રાજધાનીમાં) જાય છે. આ બીજા ઉલ્લેખ ઉપરથી માલૂમ પડે છે કે આલભિકા નગરી સ્વેતામ્બી પાસે હોવી જોઈએ. આલભિકા માટે આ સિવાય વધારે આધાર મહાવીર સ્વામીના વિહારવર્ણનમાં મળતો નથી.

પરંતુ બૌદ્ધ ગ્રંથોમાં એ વિષે વધારે સ્પષ્ટ ખુલાસો મળે છે. ભગવાન બુદ્ધનો વિહાર આલવિયામાં થયાનો ઉલ્લેખ સુત્તપિટકમાં મળે છે. સુત્તનિપાતના ઉરગસુત્તમાં આલવિ નામના એક જંગલનો નિર્દેશ છે અને ધમ્મપદની ટીકામાં આલવિ નામની નગરાનો ઉલ્લેખ છે. તે જંગલ કે તે નગરી બંને એક જ છે તેમાં સંદેહ નથી. અને એ તથા જૈનસાહિત્યની આ આલભિકા એ બંને એક જ છે.

આલવિયા ક્યાં આવી એ પ્રશ્નના નિર્ણય માટે નીચેના પુરાવા બસ થશે. ફાહ્યાન પોતાની મુસાફરીના વર્ણનમાં લખે છે કે કનોજથી અલવી ૨૧ માઈલ છેટું છે અને ત્યાંથી સાકેતનો સીમાડો (અયોધ્યા) ૭૦ માઈલ દૂર છે. ઉપરાંત તે અલવીને ગંગાને પૂર્વ કિનારે હોવાનું જણાવે છે. અલવી પહોંચ્યા પછી તેણે ત્યાંના લોકોને ઉપદેશ કર્યાનું તેના પ્રવાસના વર્ણનમાં લખેલ છે. વધારામાં એમ પણ લખેલ છે કે અલવક નામનો એક યક્ષ ત્યાં રહેતો હતો. તે ત્યાં કેટલાક સ્તૂપો હોવાનું પણ જણાવે છે. ફાહ્યાને પોતાના વર્ણનમાં તો અલવીને એક અરણ્ય તરીકે જ જણાવેલું છે. પરંતુ તેની ત્યાં ઉપદેશ કર્યાની હકીકત ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તે જંગલમાં અથવા તેની આસપાસ નજીકમાં વસતી હોવી જોઈએ કે જે

અલવી ગામ તરીકે ઓળખાતી હતી. સ્તૂપોના ઉલ્લેખ ઉપરથી માલુમ પડે છે કે ત્યાં તેમને ભગવાન બુદ્ધના સ્મારક તરીકે કોઈએ કરેલા હશે.

ઉપરના પુરાવાઓ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે અલવી કે આલભિકા કનોજની પાસે આવેલું હોવું જોઈએ.

આલવિ નામના કારણ વિષે વિચારતાં તેનું અટવી શબ્દ સાથેનું સામ્ય, ઉરગસુત્તમાં બતાવેલા આલવિ નામના જંગલના ઉલ્લેખના આધારે બંધબેસતું આવે એવું છે. ઉચ્ચારની દૃષ્ટિએ પણ અટવીનો **अडवि, अलवि, आलवि**. ઉચ્ચાર તદ્દન શક્ય છે. આલવિનો **आलभि** ઉચ્ચાર પણ બંધબેસતો જ છે. એટલે જૈન શાસ્ત્રમાં આવેલી આલભિકા તથા આ આલવિ એ બંને આ દૃષ્ટિએ પણ એક જ છે.

મહાવીર સ્વામીએ ત્યાં એક દેઉલમાં ધ્યાન કર્યાની હકીકત ઉપર જણાવી છે. સંભવ છે કે તે જગા પાછળથી દેઉલ નામના ગામથી પણ ઓળખાતી થઈ ગઈ હોય. જેને ફાહ્યાન અલવી કહે છે તેને જ હ્યુએન્ત્સંગ નવદેવકુલ નામથી ઓળખાવે છે. ફાહ્યાને અંતર, સ્થાન વગેરેનું જે નિરૂપણ કરેલું છે તે બરાબર હ્યુએન્ત્સંગના નવદેવકુલ સાથે મળતું આવે છે. ભગવાન મહાવીરે જ્યાં ધ્યાન કરેલું તે દેઉલ પણ નવદેવકુલ શબ્દ સાથે સામ્ય ધરાવે છે. અત્યારે આનું પ્રસિદ્ધ નામ કનિંગ્હામના કહેવા પ્રમાણે નેવલ છે.

૧

ટિપ્પણ

૧: મંખલિપુત્ર ગોશાલ

સંન્યાસીનાં નામો ગણાવતાં અમરકોશમાં मस्करिन् નામ આપેલું છે. તેની વ્યુત્પત્તિ–मस्कर એટલે જ્ઞાન–તે વાળો; मस्कर એટલે વાંસડો–દંડ–તે ધારણ કરનાર; मा कर्म कर्तुम् शीलमस्य– કર્મ–પ્રવૃત્તિ નહિ કરવાના સ્વભાવવાળો; જેનું मुकुर–અરીસા જેવું શુદ્ધ ચિત્ત છે તેવો–એમ જુદીજુદી રીતે બતાવેલી છે. मस्करिन् નું પાલીરૂપ मक्खली થાય છે અને मक्खली નું અપભ્રષ્ટરૂપ મંખલી થયું છે.

મંખાલપુત્ર ગોશાલ માટે બૌદ્ધ અને જૈન સંપ્રદાયના ગ્રંથોમાં અનેક વિચિત્ર દંતકથાઓ મળે છે. એ કથાઓ મોટે ભાગે સાંપ્રદાયિક દૃષ્ટિથી જ લખાયેલી હોઈ તેમાં તેને ઉતારી પાડવાનો જ પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગોશાલકના મત વિષે સંપૂર્ણ માહિતી મળતી નથી. પણ જે કંઈ થોડી ઘણી

મળી છે તે પુરાતત્ત્વ પુ. ૨. પાન ૨૪૩ ઉપર જોવી. એ લેખમાં ગોશાલકના મતનું નામ "સંસારશુદ્ધિવાદ" લખેલું છે. જૈનગ્રંથોમાં તેનું નામ 'નિયતિવાદ' આવે છે. આજીવિક સંપ્રદાય વિષેનો વિગતવાર લેખ જૈનસાહિત્યસંશોધકના ત્રીજા ખંડના ચોથા અંકમાં ૩૩૪ મે પાને છે તે જોઈ લેવો.

કોશ

ટિ=ટિપ્પણ પા=પાન

અણુવ્રત નાનું વ્રત. આ વ્રતનો અધિકારી ગૃહસ્થ હોય છે. એમાં સાધુનાં વ્રતની માફક હિંસા વગેરેનો સર્વથા ત્યાગ નથી હોતો પરંતુ અમુક મર્યાદા હોય છે. (જુઓ ટિ. ૧૮, પા. ૭૦)

અધઘટ અડધો ઘડો માય તેટલું વાસણ

અનર્થદંડ ધર્મ, અર્થ અને કામ એ એકેનું પ્રયોજન જેમાં ન હોય તેવી પ્રવૃત્તિ

અન્યતીર્થિક બીજા તીર્થ-ધર્મને માનનાર

અપધ્યાન ઇષ્ટ વસ્તુ મળે, અનિષ્ટ વસ્તુ ચાલી જાય એવી કલ્પનાઓ કરવી તથા હિંસા વગેરે પાપ-પ્રવૃત્તિઓના તરંગો કરવા તે

અપશ્ચિમ મારણાંતિક સંલેખના છેલ્લામાં છેલ્લી મરણ વખતની સાધના

અભિગ્રહ નિયમ

અમાઘાત "કોઈ હણશો મા" એવો ઢંઢેરો; અમારિઘોષ

અલસરોગ ખાધેલું પચે નહિ અને આમાશયમાં પડ્યું રહે તેવો રોગ

અલિંજર માટીનું મોટું વાસણ

અવધિજ્ઞાન જૈન પરિભાષા પ્રમાણે જ્ઞાનશક્તિના પાંચ પ્રકારમાંનો ત્રીજો; પરોક્ષ રહેલાં રૂપી દ્રવ્યોનું મર્યાદિત જ્ઞાન

અંગદેશ જુઓ ટિ. પા. ૬૧

આલભિકા જુઓ ટિ. પા. ૭૭

આલોચન પ્રાયશ્ચિત્ત

ઉષ્ટ્રિઆ જુઓ ઔષ્ટ્રિક

ઉત્થાન ઊઠવાની શક્તિ (૨) ઉત્સાહ

ઉપભોગપરિભોગ ઘર, વસ્ત્ર વગેરે વારંવાર ભોગવી શકાય તેવી વસ્તુઓ તે ઉપભોગ. અને આહાર, વિલેપન વગેરે એક જ વાર ભોગવી શકાય તેવી વસ્તુ તે પરિભોગ

ઉપસર્ગ વિઘ્ન

ઉપાસકદશા જુઓ ટિ. પા. ૬૨

ઉપાસકપ્રતિમાઓ જુઓ ટિ. પા. ૭૪

એષણીય બરાબર તપાસાતું; ગ્રહણ કરવા યોગ્ય

ઔષધિ ચોખા, ઘઉં વગેરે

ઔષ્ટ્રિક માટીનું મોટું વાસણ; ઊંટ ઉપર પાણી લાવવામાં વપરાતું હોવાથી તેને ઔષ્ટ્રિક કહેવામાં આવ્યું હોય તેમ લાગે છે.

કઠ્ઠપેયા મગ વગેરેનું અથવા ઘીમાં ભૂંજેલા ચોખાનું એક પીણું

કરક નાનો ઘડો

કર્માદાનો જુઓ ટિ. પા. ૬૯

કર્માશ્રિત આજીવિકાને અંગેનું

કલમશાલી કલમી ચોખા (આ જાત પૂર્વદેશમાં પ્રસિદ્ધ છે એમ ટીકાકાર જણાવે છે)

કળશ (પા. ૪૦, લી. ૪) એક પ્રકારનો મોટો ઘડો

કાળધર્મ મૃત્યુ

કાંક્ષા (પા. ૯, લી. ૧૨) ઘડીકમાં એક માન્યતા ધારણ કરવી અને ઘડીકમાં બીજી માન્યતા ધારણ કરવી તે

કુંભધાન્યવૃત્તિ કોઠીમાં માય તેટલું ધાન્ય રાખવું એટલે કે છ માસ ચાલે તેટલું ધાન્ય કે તેટલા પૈસા ઉપાર્જિત કરી રાખવા તે

કોણિક જુઓ ટિ. પા. ૬૧

કોલ્લાક સંનિવેશ જુઓ ટિ. પા. ૬૪

ક્ષીરામલક ઠળિયો બંધાયા વિનાનું કાચું આમળું

ક્ષેત્રવાસ્તુ ખેડવા, વાપરવા, હરવાફરવા કે રહેવાનું સ્થાન

ક્ષૌમયુગલ સૂતરાઉ કપડાની જોડ

ખંડખાદ્ય ખાંડથી લેપેલાં ખાજાં [?] (ટીકાકારે એનો પર્યાય અશોકવર્તી આપ્યો છે. આ અશોકવર્તી સાકરલકડી જેવી હોય એમ લાગે છે)

ગણાભિયોગ સમુદાયનો હુકમ હોવો તે; સમુદાયની આજ્ઞા

ગણિપિટક આચાર્યની પેટી—શાસ્ત્ર
ગંધકાષાયી સુગંધી રાતો અંગૂછો
ગંધટ્ટ ઉપલેટ વગેરેનું સુગંધો ચૂર્ણ અથવા ઘઉંનો આટો
ગુરુનિગ્રહ માતાપિતાનો હુકમ હોવો તે; માતપિતાની આજ્ઞા (૨) ગુરુજનોને ઉપદ્રવ
ઘૃતપૂર્ણ ઘેબર (घृतपूर)
ચંપાનગરી જુઓ ટિ. પા. ૬૧
ચોક્કસ સ્મૃતિ રાખવી જુઓ ટિ. પા. ૬૮
જંબુ જુઓ ટિ. પા. ૬૨
જંબુલ ચંબુ (?)
તથ્યકર્મ સાચી પ્રવૃત્તિ
દાલિકામ્લ વાટીદાળનાં ખટાશવાળાં વડાં કે કચોરી (?)
દિગ્વ્રત અમુક દિશામાં અમુક હદસુધી હરવાફરવાની મર્યાદા કરવી તે
દુરંતપ્રાંત અધમાધમ
દૂઇપલાસય જુઓ ટિ. પા. ૬૫
દેવતાભિયોગ દેવતાનો હુકમ હોવો તે; દેવની આજ્ઞા
દેશાવકાશિક નક્કી કરેલા દિગ્વ્રતનો સંક્ષેપ કરવો તે
દ્વિપદ ચતુષ્પદ બે પગ અને ચારપગવાળાં પ્રાણી
ધર્મપ્રજ્ઞપ્તિ ધર્મની સમજ
નયવાદી યુક્તિકુશળ
નિધાન સંચય, સંઘરો
નિર્ગ્રંથપ્રવચન વીતરાગ—જિનનો સિદ્ધાંત
નિવર્તનશતિક હળ ૪૦,૦૦૦ ચોરસ હાથ જમીન એટલે એક નિવર્તન. એવાં સો

નિવર્તન જેનાથી ખેડી શકાય એવું હળ

પડિલેહણ બારીકાઈથી જોવું તે

પરપાખંડપ્રશંસા જુઓ ટિ. પા. ૬૭

પાખંડ (પા. ૯, લી. ૧૨) મત; સંપ્રદાય (૨) ભિન્નમતાનુયાયી (૩) શ્રમણ (દશવૈકાલિક નિર્યુક્તિ)

પાદપ્રોંછન હાથ પગ વગેરે પ્રમાર્જવાનું સાધન

પાલંગામાધુર શલ્લકી નામના ઝાડના ગુંદરમાંથી બનાવેલું મધુર પીણું (હોર્નંલ આને એક જાતનો દારૂ કહે છે તથા જણાવે છે કે આચાર્ય હેમચંદ્રે તો આને અભક્ષ્ય કહેલું છે. યોગશાસ્ત્ર ૩. ૪૫)

પિહડો કડાયું અથવા ઉનામણિયું (૨) એકું [?]

પુરુષકાર પુરુષાર્થ

પૂર્ણભદ્રચૈત્ય જુઓ ટિ. પા. ૬૨

પૌરુષી જે વખતે પડછાયો પુરુષ જેટલો લાંબો પડે તે સમય; પ્રહર

પૌષધોપવાસ જુઓ ટિ. પા. ૬૯

પ્રતિક્રમણ પાપ યાદ કરી જવાં તે

પ્રતિગ્રહ પાત્ર

પ્રતિજ્ઞા લીધી જુઓ ટિ. પા. ૬૫

પ્રતિપત્તિ આદર

પ્રત્યાખ્યાન અમુક જાતના ત્યાગનો નિયમ

બલાભિયોગ બળવાનનો હુકમ હોવો તે; બળવાનની આજ્ઞા

બે દ્રોણી બે દ્રોણી માય તેવું ઠામ

ભોજનાશ્રિત આહાર વિહારને અંગેનું

મહાગોપ મોટો ગોવાળ

મહાનિર્યામિક મોટો નિજામો—તારનાર

મહામાહણ મહાન બ્રાહ્મણ

મહાવીર જુઓ ટિ. પા. ૬૧

મંખલિપુત્ર ગોશાલ જુઓ ટિ. પા. ૮૦

મંડુક્કિયશાક ડોડી

મારણાંતિક સંલેખના જુઓ ટિ. પા. ૭૫

મિથ્યાદૃષ્ટિ જેની ધારણા ખોટી છે તેવો

મૃષાવાદ અસત્ય ભાષણ

મેરય એક પ્રકારનો દારૂ

યથાકલ્પ આચાર પ્રમાણે

યથાતથ્ય જેવું છે તેવું

યથાસંવિભાગવ્રત અતિથિને ખવરાવ્યા સિવાય નહિ ખાવાનું વ્રત. બીજા જૈન ગ્રંથોમાં આને માટે 'અતિથિસંવિભાગવ્રત' શબ્દ પણ આવે છે. વૈદિક સંપ્રદાયના નૃયજ્ઞ જેવું આ વ્રત છે.

યુગપ્રમાણમાર્ગ જુઓ ટિ. પા. ૭૫

રાજાભિયોગ રાજાનો હુકમ હોવો તે; રાજાની આજ્ઞા

લેખ કરવા જુઓ ટિ. પા. ૬૮

વર્ષધર પૃથ્વીના ખંડોની મર્યાદા કરનાર પર્વત

વાણિજ્યગ્રામ જુઓ ટિ. પા. ૬૩

વારક ગાડવો

વિકથા નકામી વાતચીત

વિચિકિત્સા વ્રતનિયમ વગેરેનું ફળ મળશે કે નહિ એવી શંકા કર્યા કરવી તે (૨) જ્ઞાની પુરુષોની ઘૃણા

વિરમણ (હિંસા વગેરેથી) થોભવું તે

વત્તિકાંતાર આજીવિકાનો અભાવ

વ્યંજન જમતાં વચ્ચે સ્વાદ વધારવા લેવાતી તીખીખાટી વાની

શંકા (પા. ૯ ટી. ૧૨) મનની ડામાડોળ સ્થિતિ

શિક્ષાવ્રત આત્માને કેળવવાનું વ્રત (જુઓ ટિ. પા. ૭૦)

શીલવ્રત જુઓ ટિ. ૧૮ પા. ૭૦

શ્રમણોપાસક આનંદ જુઓ ટિ. પા. ૭૫

સકાંસ્ય કાંસ્ય નામના માપથી મપાયેલી (કાંસ્યપાત્રીમાં બે દ્રોણી વજન માય છે એમ ગ્રંથમાં જ આગળ ૫૧ મે પાને આવે છે. દ્રોણીમાં ૧૨૮ શેર વજન સમાય છે)

સમ્યકૃત્વ જિન ભગવાન ઉપર શ્રદ્ધા (એવો એનો રૂઢ અર્થ છે)

સંથારો પથારી (૨) રહેવાનું સ્થાન

સંનિવેશ રહેઠાણ

સંવેગ મુમુક્ષુપણું

સંસ્તારક જુઓ સંથારો

સાત શિક્ષાવ્રતો અને અતિચારો જુઓ ટિ. પા. ૭૦

સામાયિક સમભાવ કેળવવાનું વ્રત
સુષ્થિયશાક અગથિયો
સુધર્મા જુઓ ટિ. પા. ૬૨
સેધામ્લ દહીંવડાં (?)
હિરણ્યસુવર્ણ રૂપું અને સોનું

શુદ્ધિપત્ર

પા.	લી.	અશુદ્ધ	શુદ્ધ
૬	૧૦	દૃષ્ટ	હૃષ્ટ
૧૧	૧૩	(૧) જેમાં અંગારાનો ...કરવો.	(૧)જેમાં કોયલાનો કે બીજા બળતણનો સતત ઢગલાબંધ ઉપયોગ કરવો પડે તેવો કે કોયલા પાડવાનો વેપાર ન કરવો
૧૭	૩	શ્રવણ	શ્રમણ
૨૪	૬	પરિવાનો	પારવાનો
૨૫	૧૬	દિવસ	ટંક
૪૦	૩	કર્કો	કરકો
,,	,,	પીહડો	પિહડો
૬૭	૬	૨૪ મા	૨૪૯મા

❋ અમારાં પ્રકાશનો ❋

રાષ્ટ્રીય સાહિત્ય

આખરી ફેંસલો ભા. ૧–૨ (ગાંધીજી)	૧—૪—૦
સંપૂર્ણ દારૂ નિષેધ	૦—૮—૦
એવડું પાપ અને હિંદુસ્તાનની પાયમાલી	૦—૬—૦
પ્લાસીનું યુદ્ધ	૦—૪—૦
બંગાળા બેહાલ	૦—૭—૦
સ્વરાજ્યનાં ગીતો (સં. કલ્યાણજીભાઇ)	૦—૧૦—૦
ખેડૂતનો શીકારી (જુગતરામ દવે)	૦—૩—૦

❋ સામાજિક સાહિત્ય ❋

ધૂમ્રશિખા	૧—૮—૦
પરિણીતા	૦—૮—૦
વિસર્જન	૦—૬—૦
સાચું જીવન	૦—૧૦—૦
તિલોત્તમા	૦—૬—૦
આફ્રિકાના પત્રો	૦—૬—૦
આકાશનાં પુષ્પો	૧—૮—૦
પૂજારિણી	

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ, અમદાવાદ

મુદ્રક છાપનાર, એડવાન્સ પ્રીન્ટરી, અમદાવાદ